# જૂની કુટુંબવ્યવસ્થા અને પસંદગીના લગ્ન માટેની સગવડ

- સ્વ. ગટુભાઈ ધ્રુ

[ગુજરાત સામાજિક સેવા મંડળના સ્થાપક સ્વ. ગટુભાઈ ધ્રુ હતા. શરૂઆતમાં તેના મુખપત્રનું નામ 'જ્યોર્તિધર' હતું. તેમાં તેઓ વખતોવખત સમાજની જુદી જુદી સંસ્થાઓ પ્રશ્નો અને સુધારાઓ અંગે લેખો લખતા હતા. તેમના મૃત્યુ પછી ગુજરાત સામાજિક સેવા મંડળના બન્ને મંત્રીઓ સ્વ. યશવંત શુક્લ તેમજ ડૉ. હસમુખભાઈ પટેલે સ્વ. ગટુભાઈ ધ્રુ સ્મારક ગ્રંથ તૈયાર કર્યો અને ૨૪મી મે, ૧૯૭૨ના રોજ પ્રકાશિત કર્યો હતો. તેના એક ભાગમાં સ્વ. ગટુભાઈ ધ્રુના 'જ્યોર્તિધર'માં છપાયેલા કેટલાક પસંદ કરેલા લેખો પ્રકાશિત કરેલા. તેમાંથી આ અંકમાં જૂની કુટુંબ વ્યવસ્થા અને પસંદગીના લગ્ન માટેની સગવડ એ બે લેખો છાપ્યા છે. આ લેખો સમાજશાસ્ત્રીએ નહીં પણ એક સમાજ સુધારકે લખ્યા છે, તેનો ખ્યાલ વાચકને જરૂર આવી જશે.]

## (૧) જૂની કુટુંબવ્યવસ્થાઃ

જૂની કુટુંબવ્યવસ્થા એ આ લેખનો વિષય છે. પરન્તુ જૂની કુટુંબવ્યવસ્થા એટલે કોઈ પ્રાચીન કાળની કે નામશેષ થઈ ગયેલી, હવે અસ્તિત્વમાં નહીં રહેલી એવી કોઈ કુટુંબવ્યવસ્થા વિશે કહેવાનું નથી. કારણ કે જેને જૂની કુટુંબવ્યવસ્થા કહેવામાં આવે છે તે હજી મોજૂદ છે, ચાલુ છે. દેશમાં મોટા ભાગમાં હજી એ જ પદ્ધતિની કુટુંબવ્યવસ્થા પ્રચારમાં છે. મોટાં શહેરોમાં, શિક્ષિત ગણાતી કોમમાં એ વ્યવસ્થા હવે તૂટવા માંડી છે. કેટલેક સ્થળે સર્વથા લુપ્ત થઈ છે, તોપણ નવી કુટુંબવ્યવસ્થા જ્યાં પ્રવર્તે છે ત્યાંના અત્યારના સભ્યો તો જૂની જ કુટુંબવ્યવસ્થામાં ઊછરી મોટા થયેલા છે.

માત્ર આપણા ભારત દેશમાં નહીં, પણ પૂર્વના બધા દેશોમાં એ જૂની કુટુંબવ્યવસ્થા પ્રવર્તમાન હતી અને હજી ચાલુ છે.

પશ્ચિમના દેશોમાં પણ લગભગ સો વર્ષથી જ નવી પ્રથા પ્રચારમાં આવી છે. આપણા દેશમાં તો જૂની કુટુમ્બવ્યવસ્થા હજારો વર્ષથી પવર્તે છે.

ત્યારે એ જૂની કુટુંબવ્યવસ્થા કેવી હતી અને છે તે જોઈએ. કુટુંબમાં જે સૌથી વડો પુરુષ હોય તેની પત્ની, પુત્રો, પુત્રવધૂઓ, તેમનાં સંતાન પુત્રીઓ-તેમનાં સંતાન-સહુ એક જ છાપરા તળે, એક જ ઘરમાં સાથે રહે. કુટુંબના વડાનું જ એકહથ્થુ શાસન ચાલે. છોકરાં નાનાં હોય કે મોટાં, પરન્તુ તેમની મરજી પૂછવામાં આવે જ નહીં. પત્ની પણ એ વડા પુરુષની સર્વ રીતે આજ્ઞાંકિત. દીકરીઓ પરણે ત્યાં સુધી એ વડા પુરુષની મરજી પ્રમાણે જ ચાલે, પુત્રવધૂઓને કુટુંબમાં કોઈ જાતનું વ્યક્તિત્વ કે સ્થાન નહીં. એમના પતિઓને સ્થાન ન હોય તો પછી એમને તો ક્યાંથી જ હોય? છોકરાં-પૌત્રી, પૌત્રીઓ-બધાં સાથે જ અને એક જ ધોરણે ઊછરે. એમનાં માતા-પિતાને પોતાના વિચાર જણાવવાનો કે પોતાની ઈચ્છા મુજબ વર્તવાનો અધિકાર નહીં, તો પછી બાળકોનો તો કુટુંબમાં અવાજ હોય જ શાનો? પરન્તુ તેટલા ઉપરથી એ સરમુખત્યાર તરફથી જુલમ અગર જાણી જોઈને અન્યાય થતો હતો એમ માની લેવાનું નથી. તેને ''બેનિવોલન્ટ ઓટોક્રેસી'' અર્થાત્ શુભ હેતુથી અને શુભકારક એકહથ્થુ કારભાર કહેવાય તેવી આ વ્યવસ્થા હતી.

કુટુંબનો આ સરમુખત્યાર કુટુંબના દરેક સભ્યને ખાવા-પીવાનું, ઓઢવા-પાથરવાનું સહુ સહુની જરૂરિયાત પ્રમાણે મળી જાય એવી વ્યવસ્થા કરવાની સંભાળપૂર્વક કાળજી રાખતો. બાળકોને ભણવાની, રમવાની, તહેવાર પર્વે આનંદ કરવાની બધી સગવડો મળતી. કુટુંબની સ્ત્રીઓ સહુ વહેંચીને કામ કરતી એટલે ઘરકામનો બોજો સામાન્ય રીતે સહુને સરખે ભાગે પડતો. છોકરાઓના ધંધા-ઉદ્યોગ કે વેપારની પસંદગી મોટે ભાગે સરમુખત્યાર તરફથી થતી અને તેમાંય જોઈતી બધી મદદ તેમને મળતી. કુટુંબની સ્ત્રીઓને લૂગડાં, ઘરેણાં વગેરે સમાન એક જ સરખા ધોરણે મળતાં કે જેથી એકબીજા પ્રત્યે અદેખાઈ કે

વેરભાવ બાંધવાનો પ્રસંગ આવતો નહીં. સરમુખત્યારની આમન્યા સર્વ કોઈ ને પાળવી પડતી; એમના દેખતાં મોટેથી વાતોના તડાકા મારવાનું કે ખડખડાટ હસવાનું, છોકરાનાં તોફાનની ધમાલ કોઈ કરી શકતું નહીં. પુરુષોને એવી આમન્યા પાળવાની હતી એટલે સ્ત્રીઓને તો કેટલા બધા પ્રમાણમાં આમન્યા પાળવી પડતી હશે એ સમજી શકાય તેવું છે. પુત્રો પોતાની પત્નીને દિવસે તો ભાગ્યે જ મળી શકતા. પુત્રવધૂઓ ઘરના ઊમરાની બહાર સાસુની રજા સિવાય જઈ શકતી નહીં. દીકરીઓનાં સંતાનો મોટે ભાગે મોસાળમાં જ ઊછરતાં. પુત્રો અને પુત્રીઓની સગાઈઓ અને લગ્નની વ્યવસ્થા સરમુખત્યાર તરફથી જ થતી. તેની આગળ જ પહેલી વાત મૂકવામાં આવતી અને તેમની સંમતિ મળે તો પછી કોઈને કોઈ વસ્તુ બોલવાનો અધિકાર જ ન રહેતો; એટલું જ નહીં પણ પૌત્રો અને પૌત્રીઓની સગાઈ અને લગ્નની બાબતોનો નિકાલ પણ સરમુખત્યારના જ હાથે થતો હતો. એ સંતાનોનાં માબાપને એમાં બોલવાનો કે વચ્ચે પડવાનો અધિકાર ન હતો.

કુટુંબમાં જે કમાય તે બધી કમાઈ ભેગી કરવામાં આવતી. બધાની સહિયારી આવકમાંથી ઘરખર્ચ ચાલતું અને ટાણાં ઉકેલાતાં. આ પદ્ધતિને પરિણામે કુટુંબમાં કોઈ ને અસંતોષ કે ઓછું આવવાનો પ્રસંગ બનતો નહીં અને થોડું કમાનાર પુત્ર અને તેની પત્ની તથા સંતાનો, વધારે કમાનારની જેમ જ સગવડથી રહી શકતાં. આ પદ્ધતિને પરિણામે એકંદરે ઘરખર્ચમાં બચાવ થતો અને સહુને સરખાં સુખસગવડ મળતાં.

રાત્રે કુટુંબનાં સહુ નાનાંમોટાં સરમુખત્યારની આસપાસ ટોળું વાળીને બેસતાં. ન્યાતજાત અગર ગામની પોતપોતાની મુશ્કેલીઓ અગર જરૂરિયાતો રજૂ કરવામાં આવતી અને સરમુખત્યાર એ બધાંનો યોગ્ય નિકાલ કરી સહુને સંતોષ આપતો.

આવી કુટુંબવ્યવસ્થાથી કુટુંબીજનોમાં એકબીજા પ્રત્યે સ્નેહ, વાત્સલ્ય અને કૂણી લાગણીઓ રહેતી. કુટુંબ ઉપરાંત સગાંસંબંધીઓ વચ્ચે પણ સારો ભાવ કેળવાતો. એકબીજાને મદદ કરવાની, સ્વાર્થત્યાગની, મન મારવાની, ગમે તેવી સ્થિતિ લઈ ચલાવવાની, શિસ્તપાલનની, આજ્ઞાધીનતાની મોટાંનાનાંની મર્યાદા જાળવવાની, સંપીને રહેવાની સારી ટેવો પડતી હતી. બધાં એકસાથે અને એકસરખી રીતે ઊછરતાં હોવાથી કોઈને પોતાને અન્યાય થતો હોય એવું લાગતું નહીં. કુટુંબના મુખ્ય વડીલના ડહાપણનો, વ્યવસ્થા શક્તિનો, સમજવૃત્તિનો, કરકસરથી ઘર સંસાર ચલાવવાનો અને મૂંઝવણ વખતે સલાહ સાંભળવાનો જીવનમાં અનુભવ થવાથી મુખ્ય સરમુખત્યાર પછી કુટુંબની જે વડી વ્યક્તિ સરમુખત્યારનું સ્થાન લે તેની હકૂમત સહુ કોઈ વિના પ્રયાસે સ્વાભાવિક રીતે સ્વીકારી લે એ પ્રમાણે આ પ્રણાલિકા વંશપરંપરા ચાલ્યા કરતી હતી.

પરન્તુ આ કુટુંબવ્યવસ્થામાં હરહંમેશ સીધુંસાદું સરળ જીવન જ વિતાવાતું હતું એમ માની લેવાનું નથી. દેરાણીજેઠાણીના, તેમનાં સંતાનોના, નણંદ-ભોજાઈના અને સાસુવહુના ઝઘડા કાંઈ થોડા થતા ન હતા પરન્તુ એ બધું મોટા ભાગે ઘરમેળે પતી જતું-ભવાડા થતા ન હતા. બધા જ સરમુખત્યાર સરખી ન્યાયદૃષ્ટિના, સહુને માટે સરખી લાગણીવાળા હોય નહીં એટલે ઉપર જે ફાયદા અને સુખ-શાંતિ ગણાવ્યાં તે બધાં જ કુટુંબોમાં જોવામાં આવતાં હતાં એમ આપણે ન કહી શકીએ. કુટુંબોના અંદર અંદરના ઝઘડા, અન્યાયો, ગેરવર્તણૂક, પક્ષપાત, સ્ત્રીઓને સખત વૈતરું, સંતાનવિહોણી અગર પુત્રીઓના વસ્તારવાળી પુત્રવધૂઓને સંભળાવાતાં મેણાંટોણાં તથા ખમવાનાં અપમાન, ભાઈઓ-ભાઈઓમાં પોતાની પત્નીને અગર સંતાનને થતા અન્યાય અગર ઉપેક્ષાને કારણે ઊંચાં મન - આ બધું થોડાઘણા પ્રમાણમાં જોવામાં આવતું હતું.

આ કુટુંબવ્યવસ્થાની મોટી ખામી મને એ લાગે છે કે એમાં સ્ત્રીઓને છેક ગૌણ સ્થાન મળતું હતું. પોતાના

પતિ કરતાં મોટી ઉંમરના પુરુષોને મોઢું પણ ન બતાવાય. સરમુખત્યાર તો કદાચ પુત્રવધૂને જુએ તો ઓળખે પણ નહીં. શરીરની કે મનની વેદના ઠાલવવાનું કોઈ સ્થાન નહીં. પિયરમાં માતાપિતા ન હોય તો તો પૂરી કમબખ્તી. પતિનો સહવાસ, તેની સાથેનું જીવન, આનંદ-ઉલ્લાસ અને ખુશી એ સર્વનો સંપૂર્ણ અભાવ. સાસુનણંદ, જેઠાણી-દેરાણીથી હંમેશ બીતાંબીતાં ચાલવાનું. પોતાનાં સંતાનોને ઉમળકાભેર વાત્સલ્યથી ઉછેરવાનો અવકાશ નહીં, ઘરમાં સહુ પુરુષો ભેગા મળી વાતચીતો કરે કે આનંદ કરે ત્યારે ઓરડામાં અંદર ભરાઈ રહેવાનું. પોતાનો વિકાસ સાધવાની લેશપણ તક નહીં અને તે ઉપરાંત મેણાંટોણાં અને ઠપકા સાંભળવાની મજબૂરી આવી સ્થિતિ જૂની કુટુંબવ્યવસ્થામાં પુત્રવધૂઓની હતી. હજી જ્યાં એ વ્યવસ્થા ચાલી રહી છે ત્યાં એ જ સ્થિતિ છે.

જે પુત્ર પોતાની હોંશિયારી અગર પુરુષાર્થથી સારી કમાણી કરે તે પુત્ર પોતાનાં સંતાનોને ખાસ કે વિશેષ કેળવણી આપી શકે એવો અવકાશ, આ કુટુંબવ્યવસ્થાને કારણે તેને મળી શકતો નહીં. પોતાનું સંતાન સંગીત અથવા ચિત્રકળા પ્રત્યે વલણ દર્શાવતું હોય અગર એ દિશામાં નામ કાઢે એવી શક્તિ ધરાવતું હોય તોપણ સરમુખત્યારની ઈચ્છા અને આજ્ઞા પ્રમાણે જ સર્વ વ્યવહાર ચાલતો હોવાથી, તેને પોતાના સંતાનને ખાસ શિક્ષણ આપવાનો વિચાર પડતો મૂકવો પડતો. બધા એક જ સરખી ઘરેડમાં ઊછરે એ આ કુટુંબવ્યવસ્થાની મને સૌથી મોટી ખામી લાગે છે. વધારે કમાનાર પુત્ર પોતાની પત્ની કે પુત્રને વધારે સુખસગવડ આપી શકે એવું આ કુટુંબવ્યવસ્થામાં બની જ શકતું નહીં. પરિણામે કેટલાંય આશાસ્પદ યુવક-યુવતીઓ પોતાની નૈસર્ગિક શક્તિઓ યોગ્ય માર્ગે વાળી, બૌદ્ધિક ઉન્નતિ કરી, દેશને લાભકારી નીવડવામાંથી વંચિત રહી ગયાં હશે!

અત્યારે લગ્નની બાબતમાં પરણનાર વ્યક્તિની પસંદગી હોવી જોઈએ એવી આપણે માંગણી કરીએ છીએ. હાલ પરણનાર પોતે પસંદગી તો ભાગ્યે જ કરી શકે છે પણ ઘણી વખત તેની સંમતિ લેવામાં આવે છે. પરન્તુ આ જૂની વ્યવસ્થામાં તો પરણનારનાં માબાપને પણ પૂછ્યા વિના સરમુખત્યાર પોતે જ બધી વ્યવસ્થા કરી લે એટલે પરણનારનાં માબાપને જ પૂછવામાં આવતું નથી તો પરણનારને પોતાને તો પૂછવાનો પ્રશ્ન જ ઉદ્ભવતો નથી.

આપણા દેશમાં પશ્ચિમના શિક્ષણને કારણે પશ્ચિમના સાહિત્યના વાંચન અને પશ્ચિમની પ્રજાના સંસર્ગને પરિણામે વ્યક્તિની પોતાની અગત્ય, વ્યક્તિ-સ્વાતંત્ર્ય, વ્યક્તિનો વિકાસ વગેરેના વિચાર ઉત્પન્ન થયા. એ વિચારને પરિણામે એમ લાગવા માંડ્યું કે જૂની કુટુંબવ્યવસ્થામાં વ્યક્તિ વ્યક્તિ તરીકે કચડાઈ દબાઈ જાય છે, તેને વિકાસ કરવાનો અવકાશ રહેતો નથી, તેને પોતાનાં ઈચ્છાઓ, આકાંક્ષાઓ, પુરુષાર્થના પ્રયત્નો કરવાના સંજોગો પ્રાપ્ત થતા નથી. એટલું જ નહીં પણ જે સ્ત્રી પોતાને જીવનસાથી તરીકે મળી છે તેનું પણ વ્યક્તિગત જીવન જેવું કશું રહેતું નથી. કટુંબ સમૂહમાં તે સર્વથા સમાઈ જાય છે. તેની બુદ્ધિશક્તિ અગર બીજી નૈસર્ગિક શક્તિઓ ખીલવવાને કોઈ અવકાશ રહેતો નથી અને જીવન એક ઢસરડા જેવું વિતાવાય છે. તેમનાં સંતાનોની શક્તિઓનો, ખાસ વલણોનો વિકાસ થઈ શકતો નથી. એવી લાગણી થવાથી આ જૂની કુટુંબવ્યવસ્થા પ્રત્યે અણગમો થવા મંડ્યો. નોકરી-ધંધા માટે બહારગામ રહેવાનું વધારે થતું હોવાથી એ વ્યવસ્થામાંથી છૂટા થવાનું એને નિમિત્ત મળ્યું. અગાઉ પણ નોકરી-ધંધા માટે બહારગામ તો જવાનું અને રહેવાનું થતું જ હતું પરન્તુ પોતાની પત્ની કે છોકરાંને ત્યાં સાથે લઈ જવાનો રિવાજ ન હતો. નવાઈ જેવું એ છે કે જે વખતે ટ્રેનોની હાલના જેવી સહેલી સગવડ ન હતી, તે વખતે નોકરી-ધંધો દૂર પરગામ રહેનાર, લાંબો વખત રહેનાર પણ પોતાના સ્ત્રી કે બાળકોને સાથે લઈ જતા નહીં, જ્યારે અત્યારે ત્રણ કે ચાર દિવસની મુસાફરીએ દેશને એક છેડેથી બીજે છેડે જઈ શકાય છે, ત્યારે પોતાનાં સ્ત્રી-બાળકોને સાથે લઈ જવાના રિવાજનો પ્રચાર વધતો જાય છે. સંયુક્ત કુટુંબમાંથી છૂટવાનો સ્પષ્ટ

કે ગર્ભિત આશય એમાં રહેલો છે એવું મારું માનવું છે.

જૂની કુટુંબવ્યવસ્થાને પરિણામે જે આગળ જણાવેલા સારા ગુણો ખીલતા હતા, કાકા-મામાનાં છોકરાં પ્રત્યે સગા ભાઈબહેન જેવું હેત - તે બધું ધીમે ધીમે નવી કુટુંબ વ્યવસ્થાના આકર્ષણે નાશ થતું જાય છે. બદલામાં વ્યક્તિગત વિકાસનો અવકાશ વધતો જાય છે.

નવી કુટુંબવ્યવસ્થાનો હજી તો પ્રયોગ ચાલી રહ્યો છે, એટલે એનું મૂલ્યાંકન અત્યારે કરવું એ યોગ્ય ન ગણાય; કારણ કે હજી તો જૂની કુટુંબવ્યવસ્થા જ મોટે ભાગે અસ્તિત્વમાં છે.

પરન્તુ જે કુટુંબવ્યવસ્થામાં અગર સમાજ વ્યવસ્થામાં પણ સ્ત્રીઓનું ગૌણ સ્થાન હોય, સ્ત્રીઓના વ્યક્તિત્વની ઉપેક્ષા થતી હોય, તેમને પોતાનો વિકાસ કરવાનો અવકાશ ન મળતો હોય, તેવી કુટુંબવ્યવસ્થા કે સમાજવ્યવસ્થા - ગમે તેટલી પુરાણી હોય, તેમાં અનેક સારા અંશો રહેલા હોય અને એકંદરે સમાજને સુવ્યસ્થિત રીતે ટકાવનારનું એ સાધન હોય, તોપણ માત્ર સ્ત્રી વર્ગને થતો અન્યાય અટકાવવા ખાતર પણ તે પ્રથા બદલવી જોઈએ કદાચ અમુક સારા અંશોને ભોગે પણ - એવું મારું માનવું છે.

**(૨) પસંદગીનાં લગ્ન માટેની સગવડઃ**

યુવકયુવતીઓએ, પુખ્ત ઉંમરે શિક્ષણ પૂરું કર્યા પછી અને પગભર થયા પછી, પોતે પસંદ કરીને લગ્નગ્રંથિથી જોડાવું એ લગ્નજીવન સફળ થવાનો ઉત્તમ અને ઈષ્ટ માર્ગ છે એમ માનવામાં આવે છે. માતપિતા પસંદ કરે અને પરણનારાંની સંમતિ લે અગર મેળવે એવાં લગ્નો તો આપણા સમાજમાં હવે ઘણાં થવા લાગ્યાં છે.

પરંતુ પરણનાર પોતે જ પસંદ કરીને લગ્ન કરે એવાં લગ્નો બહુ જૂજ થાય છે. અને જેટલાં થાય છે તેમાં કેટલાંક તો કેવળ મોહવશ થઈને કરેલાં હોય છે. કેટલાંક દબાણથી, કોઈક માતાપિતા અથવા કુટુંબીજનોની કડક શિસ્તમાંથી છૂટકારો મેળવવા માટે અને કેટલાંક ફસાઈ પડેલાં હોવાથી ન છૂટકે થાય છે. લાંબા પરિચય પછી, એકબીજાના સ્વભાવ, વર્તન, બુદ્ધિમત્તા, શીલ, અભિરુચિ વગેરેનો પૂરો ખ્યાલ મેળવ્યા પછી, સર્વ રીતે એકબીજાને અનુકૂળ થવાશે એવી ખાતરી થયા પછી લગ્ન થયેલાં હોય એવા દાખલા બહુ થોડા મળે છે.

પરંતુ આ પ્રમાણે પરિચય થવાનો અવકાશ આપણા સમાજમાં છે ખરો ? યુવક અને યુવતીઓ નિકટ પરિચયમાં આવે એવા પ્રસંગો - એવી અનુકૂળતાનો આપણી સમાજ વ્યવસ્થામાં કેટલો થોડો અવકાશ છે ? કૉલેજમાં ભણતાં વિદ્યાર્થી અને વિદ્યાર્થિનીઓ એકબીજાના થોડાઘણા પરિચયમાં આવે છે ખરાં, પરન્તુ એ ઉંમરે ઠરેલપણે વિચાર કરવાની, સ્વભાવ, રીતભાત, વિચાર, વર્તન, રુચિ વગેરેનો અભ્યાસ કરવાની અગર તો તે બાબતની બુદ્ધિપૂર્વક કસોટી કરવા જેટલી ઊંડી સમજશક્તિ એ યુવક- યુવતીઓમાં હોતી નથી. પરિણામે કેવળ મોહ અને ઉપરઉપરના દેખાવને વશ થઈ લગ્નો થાય છે. એવા લગ્નોમાં પાછળથી પસ્તાવાનો હંમેશ વખત આવે છે એમ બનતું નથી. પરંતુ પસંદ કરવામાં ઉતાવળ થઈ છે, અગર તો એકબીજાને બરાબર ઓળખ્યા પહેલાં લગ્ન કરી દીધું એવું તો ઘણાને લાગે છે. તેમ છતાં એમનો સંસાર ચાલે છે અને દુઃખી થવાનો પ્રસંગ કોઈક વખત જ આવે છે. કારણ કે જેવી સ્થિતિ હોય તેવી નભાવી લેવાની મનોવૃત્તિ આપણા સમાજમાં પુરુષ અને સ્ત્રીની-ખાસ કરીને સ્ત્રીમાં નાનપણથી કેળવવામાં આવે છે. લગ્ન અગાઉ જેમણે એકબીજાને નજરે પણ દીઠાં ન હોય, પરણનારને એકબીજાની કશી જ માહિતી ન હોય, માબાપ વડીલ અગર વચલા માણસોએ ગોઠવી આપેલાં લગ્ન હોવા છતાં તેમનો સંસાર પણ નભ્યે જ જાય છે ને? સાસુનણંદ અને સાસરાનાં બીજાં માણસોના ત્રાસ વેઠવા છતાં, પતિની અવગણના, જુલમ, ત્રાસ, મારઝૂડ થવા છતાં પણ એ દંપતીનો સંસાર નભે છે. પરંતુ આ સુખી લગ્ન જીવન કે સુખી સંસાર ન ગણાય. બધી રીતે, મનમેળ થયા પછી લાંબા પરિચયને અંતે હૃદયના ઊંડા પ્રેમને પરિણામે પસંદગીનાં જે લગ્નો થાય તે જ આદર્શ લગ્નો ગણાય. સમાજમાં જેટલા પ્રમાણમાં એવાં આદર્શ લગ્નો વધારે થાય તેટલા પ્રમાણમાં સમાજનું સ્વાસ્થ્ય, સુખ અને શાંતિ વિશેષ ગણાય.

આવી સ્થિતિ થવા માટે, પરિચય સારી રીતે થાય તે માટેની વ્યવસ્થા સમાજમાં થવાની જરૂર જણાય છે; કારણ કે એવી વ્યવસ્થાને અભાવે અવિચારી અને ઉતાવળા મોહપાશને લીધે થનારાં લગ્નોની સંખ્યા વધતી જશે. માતાપિતાએ પસંદ કરેલા મુરતિયા અગર કન્યા મૂંગે મોંએ સ્વીકારી લે એવાં યુવકયુવતીઓ અત્યારના અને ભવિષ્યના જમાનામાં ઘટતાં જાય છે અને ઘટતાં જશે, એટલે યોગ્ય જોડાં ગોઠવાય તે માટે કોઈ જાતનો પ્રબંધ સમાજે કરવો જોઈએ એમ મને લાગે છે.

આવા પ્રબંધ માટે એક વ્યવસ્થા મને સૂઝે છે તે જણાવું છું. મારો મત લાંબા અનુભવથી બંધાયેલો એવો છે. યુવકયુવતીઓનો પરસ્પર પરિચય વધારવા માટેની કોઈ સંસ્થા હોવી જોઈએ. કલબ, સમાજ, મંડળ કે એવી કોઈ સંસ્થા હોય, જ્યાં યુવકયુવતીઓ ખુલાસાથી એકબીજાને મળે, પરિચય કરે અને એકબીજાના સ્વભાવ, વર્તન વગેરે જાણવાની તક મેળવે. આવી સંસ્થા જે યુવક યુવતીઓએ શિક્ષણ પૂરું કર્યું હોય અને પોતાના પગ ઉપર ઊભાં રહેતાં હોય, અગર નજીકના ભવિષ્યમાં ઊભાં રહેવાનાં હોય તેવાંની જ હોય. વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓ એના સભ્ય ના થઈ શકે એ સંસ્થામાં રમતગમત-ઘરમાં રમવાની અને બહારની - વાર્તાલાપ, ચર્ચા, કદી સમૂહભોજન, ઉજાણીઓ, નાટક વગેરેનો કાર્યક્રમ રાખવામાં આવે તેમાં નાતજાતનો બાધ કે ભેદ ન હોય, દરરોજ સાંજે આ મંડળમાં સભ્યો હળેમળે અને એ રીતે એકબીજાના પરિચયમાં આવે. આ સંસ્થામાં સભ્યોનાં વડીલોને પણ વખતોવખત આમંત્રણ આપવામાં આવે. એટલે તેઓ પણ અનેક સભ્યોના પરિચયમાં વારંવાર આવે. વડીલો જાસૂસી કરવા નહીં પણ પોતાનાં સંતાનોના મિત્રોનો પરિચય મેળવવા આવે. રમતગમત, ચર્ચાસભા, નાટક, ઉજાણીઓ તથા ભોજન-સમારંભો મારફત એકબીજાનો સ્વભાવ, રુચિ, વર્તન, બુદ્ધિમત્તા, શીલ, ખાનદાની વગેરેની માહિતી સારી રીતે એકબીજાને મળી શકે. આ પ્રમાણે વ્યવસ્થા થાય તો લાંબા પરિચય પછી અને એકબીજાને બધી બાબતમાં સારી રીતે ઓળખ્યા પછી લગ્ન થવાનો સંભવ વધી જાય.

જોખમી અખતરો લાગે છે? હાલ જે રીતે યુવકયુવતીઓ છાનાંછપનાં, ખૂણેખાંચરે, માબાપ અને વડીલોથી છાનાં એકબીજાને મળે છે અને એ રીતે લગ્નની ગોઠવણ કરે છે, તેના કરતાં આ વ્યવસ્થા વધારે જોખમી છે? આ મંડળમાં એવો એક નિયમ રાખવાની વ્યવસ્થા કરવામાં આવે કે મંડળમાં ભેગા થવાના નિયત સમય પહેલાં અને વિખરાઈ જવાના નિયત કરેલા સમય પછી કોઈ સભ્ય સંસ્થામાં આવે અગર રહે નહીં. આ ઉપરાંત બીજા અનેક નિયમો કરવા પડે. આ મંડળના સભ્યોમાંથી જેનો જેનો પરિચય સભ્યોના વડીલોને થાય તેઓ તે સભ્યોને પોતાના ઘેર આમંત્રણ આપે અને વડીલો પરસ્પર પરિચય કેળવે જેથી માત્ર યુવકયુવતીનો જ નહીં પણ કુટુંબોનો અરસપરસ પરિચય થાય.

આવો કોઈ પ્રયોગ હિમ્મતભેર કરવાની વ્યવસ્થા થવાની જરૂર મને લાગે છે. મારો અનુભવ છે કે ખાનગી નહીં પણ જાહેરમાં - સમૂહમાં - એકબીજાના નિકટ પરિચયમાં આવવાથી અનિષ્ટ પરિણામો આવવાનો સંભવ ઓછો છે સ્ત્રી પુરુષ સંબંધી નીતિનું ધોરણ બન્ને વચ્ચે નિખાલસ અને સંકોચ વગરના સહવાસથી વિશેષ સચવાય છે. એવી મારી માન્યતા છે. યુરોપ અમેરિકામાં અભ્યાસાર્થે કે બીજે કારણે ભારતના જે યુવકો અને બીજા જાય છે તેમાં જે પ્રાન્તમાં ઓઝલ પડદો, સ્ત્રીપુરુષોને અરસપરસ મળવાની બંધી વિશેષ હોય છે તે પ્રાન્તના યુવકો અને બીજા તે દેશોમાં સ્વચ્છન્દી વર્તનમાં સરી પડનારા વિશેષ પ્રમાણમાં હોય છે એવો એ દેશોમાં જઈ આવેલા અને ત્યાં વસેલા માણસોનો અનુભવથી બંધાયેલો અભિપ્રાય છે. ❑

# ગુજરાતમાં કુટુંબ વ્યવસ્થાઃ સામાજિક સંસ્થાઓના સંદર્ભમાં

- એડવિન મસિહી

સમાજમાં વ્યક્તિઓ અનેક કારણોસર એકબીજા સાથે સામાજિક સંબંધમાં આવે છે. તેને લઈને તેમની વચ્ચે આંતરક્રિયા સર્જાય છે. આમાંની કેટલીક આંતરક્રિયાઓ વારંવાર સર્જાય છે. તે દ્વારા વ્યક્તિઓ પોતાના ચોક્કસ હેતુઓ/જરૂરિયાતો સિદ્ધ કરે છે, આવી આંતરક્રિયાનો સંકુલ જ્યારે પદ્ધતિસરનો બને છે અને તેમાં ભાગ લેનાર વ્યક્તિઓ માટે તે બંધનકર્તા બને છે ત્યારે તે પ્રક્રિયાને સંસ્થીકરણ (institutionalization) કહેવામાં આવે છે, જ્યારે કેટલીક મહત્ત્વની જરૂરિયાતો જેવી કે ખોરાક, પાણી, રહેઠાણ, જાતીય સંતોષ (જે સમાજના અસ્તિત્વ માટે જરૂરી છે) માટે આંતરક્રિયાઓનું સંકુલ ઉત્પન્ન થાય અથવા ઈરાદાપૂર્વક ઉત્પન્ન કરવામાં આવે ત્યારે તે સંકુલને સામાજિક સંસ્થા કહેવામાં આવે છે. જે સંસ્થાઓ મનુષ્યની જરૂરિયાત સંતોષવા માટે સ્વયં ઉત્પન્ન થાય છે તેને સમ્નર (1906) સ્વયંજનિત (crescive) સંસ્થા કહે છે. તેને ચોક્કસ સમયે ઈરાદાપૂર્વક ઉત્પન્ન કરવામાં આવે છે. (દા.ત. બેંક, કોલેજ, હોસ્પિટલ, ઈત્યાદિ) તેને સમ્નર enacted સંસ્થા કહે છે.

કુટુંબની સંસ્થાનો ઉદ્ભવ મનુષ્ય સમાજમાં કોઈ એક ચોક્કસ સમયે કરવામાં આવ્યો નથી. તેનો ઉદ્ભવ આપોઆપ થયો છે. તે સંદર્ભમાં તે crescive સંસ્થા છે.

સામાજિક સંસ્થાનો ખ્યાલ અમૂર્ત (abstract) છે. તે ચોક્કસ હેતુ કે જરૂરિયાતની પરિપૂર્તિ માટે અસ્તિસ્તવમાં આવેલાં નિયમો, ધોરણો, પદ્ધતિઓ અને ભૂમિકાઓનો સંકૂલ છે. જ્યારે સામાજિક સંસ્થા કાર્યાન્વિત (active) થાય છે, ત્યારે તેમાં રહેલી ભૂમિકાઓ ચોક્કસ વ્યક્તિઓ ધારણ કરે છે અને અપેક્ષા પ્રમાણે વર્તન કરે છે. સંસ્થાનું આ active સ્વરૂપ association કહેવાય છે. વ્યક્તિ પોતાની કોઈ એક ભૂમિકાના સંદર્ભમાં association નો સભ્ય બને છે. સંસ્થા અને association વચ્ચેનો આ તફાવત જો કે ઘણી વાર કરવામાં આવતો નથી.

સામાજિક સંસ્થાઓ ચોક્કસ હેતુઓ/જરૂરિયાતોની પરિપૂર્તિ માટે અસ્તિત્વમાં આવે છે/લાવવામાં આવે છે. આ હેતુઓ પ્રગટ (menifest) હેતુઓ કહેવાય છે. તેમ છતાં દરેક સામાજિક સંસ્થાના કેટલાક ગર્ભિત (latent) હેતુઓ હોય છે. કેટલીક વાર ગર્ભિત હેતુઓ વધારે મહત્ત્વના બની જાય છે. અથવા પ્રગટ હેતુઓ સિદ્ધ કરવા માટેની પ્રક્રિયા શિથિલ બની જાય છે. ત્યારે સંસ્થાની વિશ્વસનીયતા (credibility) જોખમાય છે. લોકશાહી સમાજોમાં જ્યાં નાગરિકો જાગૃત હોય છે અને નાગરિક સમાજ પણ ક્રિયાશીલ હોય છે ત્યાં સમાજની મહત્ત્વની સંસ્થાઓ (શિક્ષણ, ન્યાયતંત્ર, સરકાર ઈત્યાદિ) વધારે પારદર્શક અને જવાબદાર બને તે માટેનો આગ્રહ રાખવામાં આવે છે. કુટુંબ એક diffused (મર્યાદારહિત) અને multi-centered સંસ્થા હોવાથી તેમાં પારદર્શકતા અને જવાબદારીનો આગ્રહ રાખવો મુશ્કેલ છે. તેમ છતાં વર્તમાન સમયમાં રાજ્ય તરફથી કાયદા દ્વારા પરિણિત સ્ત્રી પ્રત્યે થતા અન્યાય પર કાયદા દ્વારા નિયંત્રણ લાદવામાં આવે છે અથવા વૃદ્ધ માતા-પિતાના પાલનપોષણ અંગે ન્યાય તંત્ર આદેશ આપે છે.

કોઈ પણ સંસ્થાનાં ધારાધોરણો અને નિયમોનો અમલ કરવાનું કામ તે સંસ્થાના સંચાલકોનું હોય છે. આ સંચાલકો કેટલીક વાર તે પ્રત્યે ઉપેક્ષા દર્શાવતા થઈ જાય છે અને સંસ્થાના હેતુઓ બર આવવા દેતા નથી. અથવા સમય જતાં નવા સંચાલકો આવે છે કે જેઓ સંસ્થા ચલાવવા માટે જરૂરી ક્ષમતા અને મૂલ્યો (તટસ્થતા, ન્યાયયુક્ત વર્તન) ધરાવતા નથી અને તેથી સંસ્થાનું સ્વરૂપ બદલાઈ જાય છે.

કુટુંબ એક સામાજિક સંસ્થા તરીકે એ રીતે વિશિષ્ટ છે કે તે અનેક એકમોમાં વિભાજિત થયેલી છે. જ્યારે અન્ય સંસ્થાના એકમો પ્રમાણમાં મર્યાદિત હોય છે. દા.ત. શિક્ષણની સંસ્થામાં આવેલી કોલેજો (કોઈ પણ

ભૌગોલિક વિસ્તારમાં આવેલા સમાજમાં)ની સંખ્યા બહુ હોતી નથી જ્યારે તે વિસ્તારમાં વસેલાં કુટુંબો (households)ની સંખ્યા ઘણી મોટી હોય છે. અન્ય સામાજિક સંસ્થાઓની સરખામણીમાં કુટુંબની સંસ્થાની આ લાક્ષણિકતા તેને અન્ય સંસ્થાઓ કરતાં ગુણાત્મક રીતે જુદી પાડે છે.

પારસન્સ(1953)ના મત પ્રમાણે દરેક સમાજે પોતાના સાતત્ય અને ટકી રહેવા માટે ચાર કાર્યાત્મક સમસ્યાઓનો સામનો કરવાનો હોય છે. તેને ટૂંકમાં AGIL model તરીકે ઓળખવામાં આવે છે. અત્રે તેની કોઈ ઊંડાણપૂર્વક ચર્ચા કરવાની નથી. પણ આ મોડેલ પ્રમાણે કુટુંબે નાનાં બાળકોના ઉછેર અને સમાજીકરણ દ્વારા pattern maintenance નું કાર્ય અને કુટુંબના સભ્યો વચ્ચેના તેમજ કુટુંબની બહારની વ્યક્તિઓ સાથેના સંબંધોમાંથી જે તણાવ ઉત્પન્ન થાય તેને manage કરવાનાં હોય છે.

**કુટુંબઃ એક સામાજિક સંસ્થા અને મંડળ (association) તરીકેઃ**

અગાઉ જણાવ્યું તે પ્રમાણે કુટુંબ એક સ્વયંજનિત crescive સંસ્થા છે. તે સાર્વત્રિક (universal) છે. તે લોહીના અને લગ્નના સંબંધો દ્વારા અસ્તિત્વમાં આવે છે. ઉપરાંત, દત્તક તરીકે પણ વ્યક્તિને કુટુંબના સભ્ય તરીકે સ્વીકારવામાં આવે છે. સમાજના અસ્તિત્વ માટે જેની પ્રાથમિક જરૂરિયાત છે તેવો માનવસમૂહ (વસ્તી) પૂરી પાડવાનું કામ એટલે કે પ્રજોત્પત્તિ (procreation)નું કામ કુટુંબ કરે છે. અનેક કારણોને લીધે સમાજમાંથી મૃત્યુ પામતી વ્યક્તિઓની જગ્યાએ નવા સભ્યો સમાજમાન્ય નિયમો પ્રમાણે કુટુંબ દ્વારા પ્રાપ્ત થાય છે. કુટુંબમાં પતિપત્નીના જાતીય સબંધોથી જન્મેલાં બાળકો કાયદેસરનાં ગણાય છે અને તેવાં બાળકોના ઉછેર અને સમાજીકરણનું કાર્ય કુટુંબ કરે છે. તે ઉપરાંત કુટુંબ દ્વારા બાળકોને સમાજમાં ચોક્કસ સ્થાન મળે છે. આ કાર્યને અંગ્રેજીમાં placement કહેવામાં આવે છે. કુટુંબ પોતાના સભ્યોના રોજબરોજના તનાવ (tension)ને દૂર કરવાનું કામ કરે છે. કુટુંબ દ્વારા સભ્યો સમાજની અન્ય સંસ્થાઓમાં પ્રવેશ મેળવે છે. આ કાર્ય સરળતાથી પાર પડે તે માટે કુટુંબ meditionની ભૂમિકા ભજવે છે. ઉપરાંત કુટુંબના મૃત સભ્યો અંગેની અનેક વિધિઓ દ્વારા તેમજ તેમના ફોટા/આલ્બમ રાખી  ભૂતકાળ સાથેનો સંબંધ ચાલુ રાખે છે. સમાજશાસ્ત્રીઓ આ કાર્યને archival function કહે છે.

કુટુંબનાં ચાર મહત્ત્વનાં કાર્યો (પ્રજોત્પત્તિ, બાળ ઉછેર, સમાજમાં સ્થાન આપવું અને તનાવ દૂર કરવો) સમાજની અન્ય સંસ્થાઓ દ્વારા થઈ શકે. કદાચ કુટુંબ એ કામ જેટલું સક્ષમ રીતે કરે તેનાં કરતાં વધારે સારી રીતે કરે પણ મહત્ત્વની બાબત એ છે કે ફક્ત કુટુંબ જ આ ચારે કાર્યો સાથે કરી શકે છે. કુટુંબનાં આ કાર્યોમાંથી બાળ ઉછેરનું કામ કુટુંબ પાસેથી લઈ રાજ્ય દ્વારા ચાલતી સંસ્થાને આપવાના સામ્યવાદી દેશોના પ્રયાસો સફળ થયા નથી તે દર્શાવે છે કે કુટુંબ એક સંસ્થા તરીકે સમાજ માટે અનિવાર્ય છે.

કુટુંબની આ સિવાય કેટલીક અન્ય વિશિષ્ટતાઓ છે કે જે ગૂડ 1965:4-5 નામના સમાજશાસ્ત્રી નીચે પ્રમાણે આપે છેઃ

૧. કુટુંબના સભ્યોએ કુટુંબ પ્રત્યેની પોતાની ફરજ પોતે જ બજાવવાની હોય છે, તે delegate કરી શકાતી નથી.

૨. કુટુંબનાં ધારાધોરણો કુટુંબમાંથી જ ઉત્પન્ન થાય છે, બહારથી લાદવામાં આવતાં નથી.

૩. કુટુંબની જવાબદારી ન બજાવનાર માટે શિક્ષાની કોઈ જોગવાઈ નથી. અન્ય સંસ્થાઓમાં શિક્ષાની જોગવાઈ છે.

૪. બહારની સંસ્થાઓમાં કામ કરવા માટે કુટુંબ પોતાના સભ્યોને તૈયાર (motivate) કરે છે, તે ઉપરાંત બહારની સંસ્થામાં સભ્યો જે કામ કરે છે તેના પર નિયંત્રણ પણ રાખે છે અને તેનું મૂલ્યાંકન પણ કરે છે.

૫. ફક્ત એકલા કુટુંબમાં પરણિત સ્ત્રી-પુરુષને જાતીય સંબંધ રાખવાની કાયદેસરની છૂટ છે. અને તે સંબંધ દ્વારા જન્મેલાં બાળકો જ કાયદેસરનાં ગણાય છે.

હિલ અને હેનસન (1964:805) કુટુંબની કેટલીક મર્યાદાઓ નોંધે છે કે જે નીચે પ્રમાણે છેઃ

કુટુંબ ઘણું નાનું જૂથ છે. નાનામાં નાનું કુટુંબ એક કે બે સભ્યોનું પણ હોય છે. મોટામાં મોટું કદાચ ૨૦-૨૫ સભ્યોનું હોઈ શકે. અપવાદરૂપે ક્યારેક કુટુંબ ૧૦૦થી ૧૫૦ સભ્યોનું પણ હોય છે. કુટુંબનું સભ્યપદ જન્મથી પ્રાપ્ત થાય છે. બાળક કે કુટુંબને તેમાં પસંદગીનો કોઈ અવકાશ નથી. કુટુંબને વધારે સક્ષમ કે હોંશિયાર સભ્ય પસંદ કરવાની છૂટ નથી. તે જ રીતે જન્મેલા બાળકને નકારવાની છૂટ નથી. કુટુંબનું સભ્યપદ મફત છે, તેની કોઈ ફી હોતી નથી. કુટુંબમાં સ્ત્રી-પુરુષનું પ્રમાણ અનિશ્ચિત છે. તે જ રીતે કુટુંબમાં કમાનાર કરતાં આધારિતોની સંખ્યા વધારે હોય છે. કુટુંબના નેતા સૌથી મોટી ઉંમરના પુરુષ (કોઈક કિસ્સામાં સ્ત્રી) હોય છે. તે શારીરિક રીતે સશક્ત કે બૌદ્ધિક રીતે બધા કરતાં હોંશિયાર જ હોય તેવું ન પણ હોઈ શકે; છતાં આવી વ્યક્તિ કુટુંબના મહત્ત્વના નિર્ણયો લે છે. આમ અનેક રીતે મર્યાદા ધરાવતા કુટુંબ દ્વારા માનવ સમાજના મહત્ત્વના નિર્ણયો લેવામાં આવે છે. હિલ અને હેનસનની ભાષામાં આ મુદ્દો વધારે અસરકારક રીતે વ્યક્ત થયો છેઃ

"Compared with other associations in society the average family is organizationally inferior. Its age composition is heavily weighted with dependents and it can not reject its members and recruit more competent terminates as do other organizations. Its members receive an unlearnt acceptance, for there is no price for belonging. Because of its uncertain sex composition. It is intrinsically a weak group and an awkward decision-making group. It is by no means ideally manned to withstand stress. Yet, the family is the bottleneck organization through which almost all troubles of modern society pass. No other institution so reflects the strain and stresses of life (1964:805).

**કુટુંબનું સમાજશાસ્ત્રઃ**

કુટુંબ એક બંધ જૂથ છે. કુટુંબમાં જે પ્રવૃત્તિઓ થાય છે તે ખાનગી ગણવામાં આવે છે અને મોટે ભાગે તે બંધબારણે થતી હોય છે. પતિ-પત્નીના સબંધો કે જેમાં જાતીય સંબંધો ઉપરાંત પ્રેમની લાગણીભર્યો વર્તાવ હોય છે તે કુટુંબના અન્ય સભ્યોથી પણ ખાનગી રાખવામાં આવે છે. કુટુંબમાં સભ્યો કેવો ખોરાક લે છે, કોણ કેટલું ખાય છે તે પણ કુટુંબ સિવાયના લોકોથી ખાનગી રાખવામાં આવે છે. કુટુંબના સભ્યોના એકબીજા સાથેના સંબંધો ઘણા નજીકના હોવાને લઈને તેની ચર્ચા પણ જાહેરમાં કરવામાં આવતી હોતી નથી. પરિણામે કુટુંબ અંગેના શરૂઆતના અભ્યાસો આદિમ સમાજ અંગેના હતા. ભારતમાં પણ કુટુંબ અંગેના જે અભ્યાસો છે તેમાં આદિમ સમાજોના કુટુંબ અંગેના અભ્યાસો પ્રમાણમાં વધારે જોવા મળે છે.

આદિમ સમાજ ઉપરાંત જેઓ સ્લમ વિસ્તાર કે ચાલીઓનાં નાનાં ઘરોમાં વસે છે તેમને માટે એકાંત (privacy) મેળવવું મુશ્કેલ હોય છે. આને લઈને આવા કુટુંબોના અભ્યાસો પ્રમાણમાં વધારે થયા છે.

કુટુંબના અભ્યાસની આ મર્યાદાને લઈને ભારતમાં જે અભ્યાસો થયા છે તે કુટુંબના સ્વરૂપને (બાહ્ય માળખાના) એટલે કે કુટુંબ વિભક્ત છે કે સંયુક્ત અને સંયુક્ત હોય તો તે કયા અર્થમાં સંયુક્ત છે (રહેઠાણ, રસોડું, વ્યવસાય, મિલકત, વૈચારિક દૃષ્ટિ) તેના અંગેના છે. આ પ્રકારના અભ્યાસો કુટુંબના માળખા અંગે મહત્ત્વની માહિતી પૂરી પાડે છે પણ કુટુંબના આંતર સંબંધો અને તેના dynamics અંગે ખાસ માહિતી આપી શકતા નથી.

કુટુંબમાં કોણ કોણ રહે છે, તેમની ઉંમર, શિક્ષણ, વ્યવસાય, આવક વગેરે અંગેની માહિતી પ્રશ્નાવલિ દ્વારા અથવા મુલાકાતની અનુસૂચિ દ્વારા મેળવવામાં આવે છે. પણ કુટુંબના સભ્યોના ભાવાત્મક (affective) સંબંધો

અંગે જાણવા સહભાગી નિરીક્ષણ કે અન્ય પદ્ધતિઓ જે symbolic interactionism શાખાના સમાજશાસ્ત્રીઓ વાપરે છે તે (જેવી કે વ્યક્તિગત ડાયરી, પત્રો, આત્મકથા) વાપરવી જોઈએ. સહભાગી નિરીક્ષણ શક્ય નથી કારણ કે અનેક નાનાં કુટુંબોમાં પ્રવેશ મેળવવો શક્ય નથી અને ડાયરી, પત્રો, આત્મકથા જેવી પદ્ધતિથી મોટા વિશાળ પાયા પર માહિતી મેળવવી શક્ય નથી. તેથી એક જૂથ તરીકે કુટુંબની લાક્ષણિકતા સંદર્ભમાં માહિતી મર્યાદિત રહેવાની.

સંખ્યાત્મક માહિતી જેવી કે કુટુંબમાં સભ્યોની સંખ્યા, સ્ત્રી, પુરુષ, બાળકો, તેમની ઉંમર, લગ્ન સમયની ઉંમર, દંપતીનાં બાળકોની સંખ્યા, કમાનાર, આધારિત સભ્યો, શારીરિક રીતે વિકલાંગ, માંદા, HIVવાળા સભ્યો વગેરે કુટુંબ અંગે માહિતી વસતીગણતરી કે અન્ય સર્વે દ્વારા મળી શકે છે, અને જુદા જુદા સમયે (આજથી ૫૦ વર્ષ પહેલાં કે ૧૦ વર્ષના અંતરે) જુદા જુદા વિસ્તારોમાં કુટુંબ ક્ષેત્રે પરિસ્થિતિ કેવી હતી, કેવું પરિવર્તન આવ્યું તે જાણી શકાય છે.

**કુટુંબ અંગેના અભ્યાસોઃ**

ભારતમાં કુટુંબ અંગેના અભ્યાસોની જે પરંપરા છે તેના અંગે લખતાં ઓગસ્ટિન (1982) જણાવે છે કે આ અભ્યાસો બે રીતે મર્યાદિત છે. કાંતો તે જુદા જુદા પ્રદેશ (ગુજરાત, બેંગ્લોર, મદ્રાસ, દિલ્હી, ધારવાડ, પંજાબ)ના હોય છે અથવા સમાજનાં જુદાં જુદાં ક્ષેત્રો (મધ્યમ વર્ગ, કસબો, અગરવાલ કોમ, ઔદ્યોગિક ગૃહો, ખત્રી કોમ)ના હોય છે. તેથી સમગ્ર સમાજનું ચિત્ર મેળવવું મુશ્કેલ છે. પણ ભારતમાં જે સામાજિક-સાંસ્કૃતિક વિવિધતા (જ્ઞાતિ, ભાષાજૂથો, પ્રાદેશિક જૂથો, ધાર્મિક કોમો અને આદિવાસીઓ) છે તે એવા પ્રકારની છે. તેને માટે ધૂર્યેએ segmental divisions શબ્દ વાપર્યો છે. આનો અર્થ એ થાય કે આ બધાં જૂથો ખંડીય જૂથો છે. તેઓ એકબીજાથી સાંસ્કૃતિક રીતે ઘણાં અલગ છે તેથી તેમને અવગણીને કુટુંબનો વ્યાપક ખ્યાલ મેળવવો શક્ય નથી.

સમાજશાસ્ત્રીઓ દ્વારા થયેલા અભ્યાસોમાં સંયુક્ત પ્રકારનાં કુટુંબોમાં કેવા પ્રકારની સંયુક્તતા છે અને આવાં કુટુંબોમાં આવતા પરિવર્તનને લઈને કુટુંબો કેવા પ્રકારનાં બને છે તે બાબતમાં ખાસ ધ્યાન આપવામાં આવ્યું છે. પરિણામે કુટુંબનાં અન્ય પાસાં જેવાં કે કુટુંબમાં પતિ-પત્નિ વચ્ચેના સંબંધો, માતા-પિતા અને બાળકો વચ્ચેના સંબંધો, સમાજીકરણની ચર્ચા ખાસ જોવા મળતી નથી. ધરતીકંપ, કોમી રમખાણો, મોટા પાયા પર થતી બેકારી (જેવી કે બંધ મિલોનો મુદ્દો) જેવા પ્રશ્નો દરમ્યાન કુટુંબ કેવી રીતે માર્ગ કાઢે છે તેના અભ્યાસો કેટલીક સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા કરવામાં આવ્યા છે. આવા અભ્યાસોમાં કુટુંબના વિકાસ developmental દૃષ્ટિબિંદુને ધ્યાનમાં લેવામાં આવે છે. આવા અભ્યાસો દ્વારા કુટુંબની coping stretagies ધ્યાનમાં લેવામાં આવે છે. આવા અભ્યાસો પશ્ચિમમાં સારા એવા પ્રમાણમાં થએલા છે. અમદાવાદની બંધ મિલોના કારીગરોનાં કુટુંબોએ મિલ બંધ થયા પછીની પરિસ્થિતિને પહોંચી વળવા કેવી રીત અજમાવી તેનો અભ્યાસ મસીહી (1993) દ્વારા કરવામાં આવ્યો છે. દારૂ અને નશીલાં દ્રવ્યોનું સેવન કરનાર વ્યક્તિઓનાં કુટુંબો કેવી પરિસ્થિતિમાં કેવી રીતે જીવે છે તેનો અભ્યાસ મસિહી અને સાનન (1997) દ્વારા કરવામાં આવ્યો છે.

‘અવાજ’, ‘સહિયર’, જેવી સ્વૈચ્છિક સંસ્થાઓ સ્ત્રીઓના સશક્તિકરણ અને જાગૃતિકરણનું કામ કરે છે. તેઓ દ્વારા ઘરેલૂ હિંસા (domestic violence), સ્ત્રીભ્રૃણહત્યા, દહેજ, સ્ત્રીઓ દ્વારા થતી આત્મહત્યા જેવા મુદ્દાઓ અંગે અભ્યાસો થાય છે કે જે કુટુંબના અભ્યાસના ભાગરૂપે હોય છે.

ગુજરાતમાં આઈ. પી. દેસાઈ (1964)નો કુટુંબ અંગેનો અભ્યાસ જાણીતો છે. તે ઉપરાંત ગુજરાતમાં જ્ઞાતિઓ કે ગ્રામીણ સમાજ અંગે થયેલા અભ્યાસોમાં પણ કુટુંબ અંગેની માહિતી જોવા મળે છે. મહત્ત્વનો મુદ્દો એ છે કે ગુજરાતમાં કુટુંબ વ્યવસ્થાનું કોઈ આગવું સ્વરૂપ છે જે ભારતનાં અન્ય રાજ્યોની કુટુંબ વ્યવસ્થાથી જુદું પડે? આઈ. પી. દેસાઈનો મહુવાનો અભ્યાસ કે એ. એમ શાહનો ગુજરાતના ગ્રામીણ વિસ્તારના કુટુંબનો અભ્યાસ ભારતના અન્ય સ્થળનાં કુટુંબોને સમજવા માટે

કરવામાં આવે છે. એટલે કે આ અભ્યાસનું કોઈ પ્રાદેશિક મહત્ત્વ નથી. તો જ્યારે આપણે 'ગુજરાતમાં કુટુંબ વ્યવસ્થા' અંગે વિચારતા હોઈએ તો કયા અર્થમાં તે વિશિષ્ટ છે? આ અંગે મારાં થોડાં મંતવ્યો રજૂ કરી મારી ચર્ચા પૂર્ણ કરીશઃ

૧. ગુજરાતમાં વેપારી સંસ્કૃતિનું મહત્ત્વ છે. વેપારીઓ અને ઉદ્યોગપતિઓની સંખ્યા જોકે પ્રમાણમાં ઓછી છે તેમ છતાં તેઓ એક અગ્ર જૂથ છે. અને સમાજમાં તેમનું અનુકરણ કરનાર વધારે હોય છે. વેપારીઓ કે ઉદ્યોગ ચલાવનારાઓ પોતાના કુટુંબના સભ્યો પર વધારે આધાર રાખતા હોય છે. આને લઈને આ વર્ગમાં સંયુક્ત કુટુંબનું પ્રમાણ વધારે હોવાની શક્યતા છે. પણ જો આમ હોય તો ભારતમાં અન્ય શહેરોમાં પણ જ્યાં બીઝનેસ ક્લાસનાં કુટુંબો છે ત્યાં સંયુક્ત કુટુંબ વધારે હોવાનાં. આ અર્થમાં આવાં કુટુંબો ગુજરાતનું આગવું લક્ષણ ગણી ન શકાય.

૨. ગુજરાતમાં કેટલીક જ્ઞાતિ કે કોમો (દા.ત. કાઠી, મેર ઈત્યાદિ) એવી છે કે જેની લગ્ન અને કુટુંબ વ્યવસ્થા વિશિષ્ટ પ્રકારની છે. આવી જ્ઞાતિઓમાં સ્ત્રીઓ પ્રત્યેનો વહેવાર ઘણો આદરભાવવાળો (સ્ત્રીના નામ પાછળ 'બા' શબ્દ લગાડવામાં આવે છે) હોવા છતાં પુરુષની સરખામણીમાં તેમનું સ્થાન ઘણું નિમ્ન હોય છે. આવી જ્ઞાતિ/કોમની કુટુંબ વ્યવસ્થા આગવી જોવા મળે છે.

૩. ગુજરાતમાંથી પરદેશ જનાર વ્યક્તિઓની સંખ્યા સારી એવી જોવા મળે છે. ઘણાં કુટુંબોમાં યુવાન પુત્ર-પુત્રીઓ ભણવા માટે કે વ્યવસાય માટે પરદેશ જતાં હોય છે. અને પછી ત્યાં જ સ્થાયી થઈ જતાં હોય છે. અહીં મોટે ભાગે વૃદ્ધ માતા-પિતા જ રહેતાં હોય છે. કેટલીક વાર કુટુંબના અમુક સભ્યો પરદેશમાં સ્થાયી થાય પણ પોતાના વતનમાં કુટુંબના અન્ય સભ્યો સાથે મિલકતમાં પોતાનો હક ચાલુ રાખે છે. આવાં કુટુંબોની સંખ્યા વધતી જાય છે. પરદેશની ભૌતિક સંસ્કૃતિ અને સાધનો અહીંનાં કુટુંબોમાં દાખલ થાય છે પણ ભારતમાં ન જોવા મળતી સંકુચિત ધાર્મિક વિચારસરણી આ પરદેશમાં વસતાં સગાંઓમાં જોવા મળે છે. આવાં ગુજરાતી કુટુંબો કોઈ વિશિષ્ટતાવાળાં જોવા મળે છે.

ભારતમાં કુટુંબના અભ્યાસોના આધારે કોઈ નવા ખ્યાલો (concepts) ઉત્પન્ન થએલા જોવા મળતા નથી. આવા concepts પરદેશોના અભ્યાસોમાં જોવા મળે છે. તેની ટૂંકી ચર્ચા કરવામાં આવી છે.

૪. દરેક વ્યક્તિ જીવનમાં બે પ્રકારના કુટુંબની સભ્યની સભ્ય બને છે, જે કુટુંબમાં જન્મ લે છે તે તેના માટે family of orientation બને છે. આ કુટુંબમાં તેનું સમાજીકરણ, ઉછેર અને placement થાય છે.

લગ્ન પછી વ્યક્તિ જે કુટુંબ રચે છે તે તેનું family of procreation છે. આ જ કુટુંબ તેનાં બાળકો માટે family of orientation છે. પરણ્યા પછી છોડી દે છે. એટલે કે આ બન્ને પ્રકારનાં કુટુંબો એક જ વ્યક્તિ માટે અલગ રહે છે. આવી કુટુંબ વ્યવસ્થા nuclear પ્રકારના કુટુંબને જન્મ આપે છે. ભારતમાં વ્યક્તિ પરણ્યા પછી પોતાનું નવું કુટુંબ તેના family of orientaionમાં જ શરૂ કરે છે. આવું કુટુંબ સંયુક્ત પ્રકારનું કહી શકાય. આ દૃષ્ટિએ કુટુંબની વ્યાખ્યા એવી આપી શકાય કે જેમાં વ્યક્તિનો સ્વ (ego) family of orientation અને family of procreation સાથે અસ્તિત્વ ધરાવે છે ભારતમાં આપણે જેને વિભક્ત કુટુંબ કહીએ છીએ તે સાચા અર્થમાં પશ્ચિમમાં જે nuclear પ્રકારનાં કુટુંબો છે તેવું નથી.

સમાજશાસ્ત્રી બર્ગેસ અને લોક (1953) કુટુંબને institutional અને companionshiop એમ બે પ્રકારનું દર્શાવે છે. Institutional કુટુંબોમાં વ્યક્તિ પ્રાથમિક સ્થાને હોતી નથી પણ કુટંબનાં ધોરણો, મૂલ્યો, રીતરિવાજો જે સમાજ દ્વારા થયેલાં હોય છે તે મુખ્ય હોય છે. આવાં કુટુંબોમાં વ્યક્તિના લાગણીભર્યા સંબંધો ને વ્યક્ત કરવાની તક હોતી નથી પણ સમાજના રિવાજ મુજબ તે વ્યક્ત કરવામાં આવે છે. દા.ત. મરશિયાં ગાવાં, છાતી કૂટવી વગેરે રિવાજો લાગણીને વ્યક્ત કરવા માટે બનાવવામાં આવ્યા હોય, પછી ભલે લાગણી જ ન હોય, પણ સમાજના ધારાધોરણ મુજબ તેમ કરવું પડે. Companionshiop કુટુંબો એવાં છે કે જેમાં વ્યક્તિનુ પ્રાધાન્ય છે. તેના લાગણીના સબંધો કુટુંબ બનાવવામાં મુખ્ય છે. આવાં કુટુંબો પશ્ચિમમાં

જોવા મળે છે. જ્યાં સ્ત્રી-પુરુષ એકબીજા પ્રત્યે પ્રેમથી આકર્ષાઈને લગ્ન કરે છે.

આત્મહત્યા અંગેના મસિહી, પાઠક અને ત્રિવેદી (2010)ના અભ્યાસમાં એવું જોવામાં આવ્યું હતું કે પુત્રીએ આત્મહત્યા કરી હોય (હકીકતમાં તેનું ખૂન થયું હોય) પણ માતપિતા કે ભાઈ શોક પ્રદર્ષિત કરતા નથી. કારણ કે પુત્રીએ પ્રેમલગ્ન કર્યું હતું. Honour Killingમાં પંચાયતના આદેશ દ્વારા જ્ઞાતિના ધોરણ વિરુદ્ધ લગ્ન કરનારને મારી નાખવામાં આવે છે ત્યારે માતા-પિતા પણ તેમાં સાથ આપે છે અથાવા શાંત રહે છે.

પારસન્સના battern variationesના સંદર્ભમાં એવી રજૂઆત કરવામાં આવે છે કે કુટુંબમાં પરંપરાગત સમાજનાં મૂલ્યો (ascription, particularism, diffuse-ness, affectivity અને group-oriantation) વ્યક્ત થાય છે અને બાળક કુટુંબના અન્ય સભ્યોના સબંધમાં આ મૂલ્યો પ્રમાણે વર્તન કરે છે. જ્યારે તે કુટુંબની બહાર જાય છે ત્યારે આધુનિક સમાજના મૂલ્યોનાં (achiev-enment, universalism, specificity, affective nuatrality અને individualorientation) પ્રમાણે વર્તન કરવું પડે છે.

ભારતમાં કુટુંબની બહારના સમાજમાં પણ પરંપરાગત સમાજનાં મૂલ્યો મહદ્ અંશે સ્વીકારવામાં આવે છે તેથી વ્યક્તિઓ કુટુંબ બહારના વર્તનમાં પણ આ જ મૂલ્યો સ્વીકારે છે. ભારતમાં ભ્રષ્ટાચાર, જ્ઞાતિ/પ્રદેશ/ધર્મવાદ આ પ્રકારની પરિસ્થિતિને લઈને જોવા મળે છે.

## : References :


1. Anderson, W.A. and Parker F.B. (1966) Society: Its Organization and Operation (An East West Edition), D.Van Nostrand Company INC, New Delhi.
2. Augustine, J.S. (ed) (1982), The Indian Family in Transition, Vikas Publishing House Pvt. Ltd. New Delhi-110002.
3. Bharat, Shalini (1996), Family Measurement in India, Sage Publication, New Delhi,
4. Burgess, E.W. and Locke H.J. (1953), The Family, American Book, New York.
5. Desai, I.P. (1964), Some Aspects of Family in Mahuva: A Sociological Study of Jointness in a Small Town. Asia Publishing House, Bombay.
6. Dube, Leela (1974), 'Sociology of Kinship A Survey of Research in Sociology and Social Anthropology, Vol. ll pp. 233.366, Popular Prakashan,
7. Dhurye, G.S. (1950), Caste, Class in India, Popular Book Depot, Bombay.
8. Goode, Willian J. (1965), The Family, Presitice Hall of India Private Ltd., New Delhi.
9. Gupta, Kuntesh (1981), 'Structural Functional Role, Strain Theory of Family System in India' Indian Journal of Social Research, Vol. 12 No.3, pp. 210-274.
10. Harris, C.C. (1969), The Family: An Introduction, George Allen and Urwin Ltd. London.
11. Hill Rauben and Hansen, Donald A. (1964), 'Families Under Stress' in Christansen (ed). Handbook of Marriage and Family, pp. 782-819 Rand Mc. Nally and Company.
12. Kulkarn, M.g. (1982), 'Family Research in India' in P.K.B. Nayar (ed). Sociology in India, PP 133-154, B.R. publishing Corporation: Delhi-110052.

13. Lobo, Lancy (1995): The Thakors of North Gujarat, Hindustan Publishing Corporations, New Delhi.

14. Masihi Edwin, lla Pathak and Nalini Trivedi (2010 Life Snuffed Out? A Study of Suicides in Gujarat, AWAG, Ahmedabad-380015.

15. Masihi E.J. (1993), Workers of Closed Textile Mills of Ahmedabad (unpublished research report submitted to ICSSR, Delhi).

16. Masihi E.J. and Sanon C.G. (1997), Impact of Drug Addiction on Family with reference to Slum Dwellers of Ahmedabad, Institute of Social Research and Development, Ahmedabad-15 (Unpublished Research Report).

17. Parsons Talcott and Bales, Robert F. (1956), Family: Socialization and Interaction Process, Routledge and Kegal Paul Ltd. London.

18. Parsons, Talcott (with Robert F. Bales and Edward A. Shils) (1953), Working Papers in the Theory of Action, New York, Free Press.

19. Shah, A.M, (1964), Basic Terms and Concepts in the Study of Family in India, The Indian Economic and Historical Review, Vol.1 (3), Jan-March 1-36.

20. Shah, A.M (1973), The Household Dimension of Family in India: A Field Study in a Gujarat Village and a Review of Other Studies, Orient Longman, Delhi.

21. Sumner, W.G. (1906), Folkways, Ginn, Boston.

22. Zimmerman, C.C. and Unnithan, T.K.N. (1975), Family and Civilization in the East and West (With Particular reference to India and the USA) Thacker and Co. Ltd. Bombay.

❑

**ભારતીય બંધારણની જોગવાઈઃ કલમ-૨૬, ધાર્મિક બાબતોના સંચાલનનું સ્વાતંત્ર્ય**

**દરેક ધાર્મિક સંપ્રદાય કે તેના વિભાગને -**

- ધાર્મિક અને સખાવતી હેતુઓ માટે સંસ્થાઓ સ્થાપવાનો અને નિભાવવાનો અધિકાર છે.
- ધાર્મિક બાબતોમાં પોતાની બાબતોનો પોતાને વહીવટ કરવાનો અધિકાર છે.
- સ્થાવર અને જંગમ મિલકતની માલિકીનો અને સંપાદનનો અધિકાર છે.
- સ્થાવર અને જંગમ મિલકતનો વહીવટ કાયદા મુજબ કરવાનો અધિકાર છે.
  જો કે, જાહેર વ્યવસ્થા, નીતિમત્તા અને આરોગ્યને અવરોધરૂપ ન બને તે રીતે આ અધિકાર ભોગવવાનો રહેશે.

# કોંકણી આદિવાસીઓમાં લગ્ન વ્યવસ્થા

- ડૉ. મધુભાઈ ગાયકવાડ

કુટુંબ નિર્માણ માટે બે કે વધુ સ્ત્રી-પુરુષમાં આવશ્યક સંબંધ (જેમાં જાતીય સંબંધ પણ સામેલ છે) સ્થાપિત કરવા અને તેને ટકાવી રાખવાની કોઈને કોઈ સંસ્થાત્મક વ્યવસ્થા દરેક સમાજમાં જોવા મળે છે કે જેને લગ્ન કહેવામાં આવે છે. લગ્ન એ પ્રત્યેક સમાજ પછી તે આદિવાસી સમાજ હોય કે બિન-આદિવાસી સમાજ પણ એ સંસ્કૃતિનું આવશ્યક અંગ છે કારણ કે તે એ સામાજિક સંસ્થા છે કે જેના ઉપર સમાજનું પ્રારંભિક એકમ એવું કુટુંબનું નિર્માણ થાય છે. અતિ પ્રાચિન જનજાતિઓથી માંડીને અતિ આધુનિક સમાજોમાં કોઈ ને કોઈ સ્વરૂપે લગ્ન વ્યવસ્થા જોવા મળે છે. અન્ય સમાજોની જેમ આદિવાસીઓમાં પણ લગ્ન લોકપ્રિય છે. હિન્દુ સમાજમાં તો લગ્નનું મહત્ત્વ એનાથી પણ વધું છે, કારણ કે હિન્દુ લગ્ન ગૃહસ્થાશ્રમનું પ્રવેશદ્વાર છે. વ્યાસસ્મૃતિમાં ગૃહસ્થ આશ્રમને સર્વશ્રેષ્ઠ બતાવતાં એવું પણ સ્પષ્ટ રીતે કહેવામાં આવ્યું છે કે જિતેન્દ્રિય થઈને ગૃહસ્થ ધર્મનું પાલન કરવાવાળાને ઘરમાં જ કુરુક્ષેત્ર, હરિદ્વાર, કેદાર અને બદ્રિનાથ વગેરેનું તીર્થ મળી શકે છે કે, જેની યાત્રા કરી તે બધાં પાપોમાંથી મુક્ત થઈ શકે છે. મહર્ષિએ સતી સીતાના પાત્ર દ્વારા લગ્ન સંસ્થાનું મહાત્મય પ્રગટ કર્યું છે કે જેનું આપણી સામાજિક વ્યવસ્થામાં ખૂબ મહત્ત્વનું સ્થાન છે. તે કહે છે કે દાંપત્ય એ અતૂટ સંબંધ છે તેના પાયામાં પરસ્પર વિશ્વાસ અને કર્તવ્યનિષ્ઠાનું અમૃત સિંચાયેલું છે (શર્મા, અશોકઃ ૨૦૧૨ઃ ૧).

એટલું જરૂર કહી શકાય કે સમાજ દ્વારા માન્ય પદ્ધતિથી સ્ત્રી-પુરૂષની જરૂરિયાતની પૂર્તિ કરવા અને એને એક નિશ્ચિત પદ્ધતિથી નિયંત્રિત કરવા તથા ટકાવી રાખવા અને કુટુંબને સ્થિર સ્વરૂપ આપવા માટે લગ્નનો જન્મ થયો છે. લગ્ન એ આધાર છે જે ઘર વસાવે છે અને બાળકોનું પાલન તથા આર્થિક સહકાર અને સામાજિક જવાબદારીના પાયા બનાવે છે. વ્યક્તિગત દૃષ્ટિકોણથી લગ્નનું મહત્ત્વ જાતીય ઈચ્છાઓની પૂર્તિ તથા શરીરનો સ્વસ્થ નિર્વાહ અને માનસિક શાંતિ પ્રાપ્ત કરવાનો છે. સામાજિક દૃષ્ટિકોણથી લગ્નનું મહત્ત્વ બાળકોને જન્મ આપવો અને સમાજની નિરંતરતાને ટકાવી રખાવાનું છે.

લગ્ન સંસ્થાના પ્રખર અભ્યાસી વેસ્ટરમાર્ક (૧૯૨૧) તેમનું પુસ્તક 'ધ હિસ્ટરી ઓફ હ્યુમન મેરેજ'માં જણાવે છે કે લગ્ન એ એક અથવા વધુ પુરુષોનો એક અથવા વધારે સ્ત્રીઓ સાથેનો એવો સંબંધ છે કે જેનો પ્રથા અને કાનૂન દ્વારા સ્વીકાર થયો હોય.

માનવે ઈતિહાસના દરેક સોપાને જાતીય પરિતૃપ્તિ, આર્થિક સહકાર અને બાળકોનાં ભરણપોષણ અર્થે લગ્નસંસ્થાની શરૂઆત કરી છે. આ મૂળભૂત જરૂરિયાતોની પરિતૃપ્તિ માટે સમાજે સમાજે અને સંસ્કૃતિએ સંસ્કૃતિએ વિભિન્નતાઓ દૃષ્ટિગોચર થાય છે. તેથી જ માનવ સમાજોમાં વિભિન્ન લગ્ન સ્વરૂપો વિકસેલાં જોવા મળે છે.

લગ્ન સંસ્થાની ઉપરોક્ત પ્રારંભિક ચર્ચા કર્યા પછી આદિવાસી સમાજમાં લગ્ન વ્યવસ્થાને સમજવા પ્રયત્ન કરીશું. આદિવાસીઓમાં સામાજિક સંગઠન માટેનો કુટુંબ પછીનો એક મજબૂત આધાર લગ્નવ્યવસ્થા છે. અરવિંદ ભટ્ટ (૧૯૮૫) ચૌધરીઓના અભ્યાસમાં નોંધે છે કે તેઓમાં લગ્નની ધાર્મિક, સામાજિક અને આર્થિક અનિવાર્યતા સ્વીકારાયેલી છે. એ મુજબ દરેક વ્યક્તિએ પોતાની જાતીય જીવન અંગેની ઈચ્છાઓ પૂરી કરવી જ જોઈએ, અપરણિત સ્ત્રી ભૂતપ્રેત બનાવે છે અને સગાંઓને પજવે છે તેવી દૃઢ માન્યતા તેઓ ધરાવે છે. અપરિણીત વ્યક્તિ મૃત્યુ પામે તો પુરુષના મૃતદેહને શીમળાના ઝાડ સાથે પરણાવવાનો રિવાજ છે. આમ, ઈચ્છાઓની તૃપ્તિ, વંશવૃદ્ધિ એ વંશ સાતત્ય માટે લગ્નની અનિવાર્યતા તેમની ધાર્મિક માન્યતાઓ દ્વારા પ્રગટ થતી જોવા મળે છે. ઉપરાંત, આદિવાસીઓમાં સામાજિક દૃષ્ટિએ જાતીય ઈચ્છાઓની તૃપ્તિ માટે લગ્નને અનિવાર્ય ગણ્યું છે. પિતૃત્વ અને વંશ સાતત્ય લગ્ન દ્વારા જ સંતોષાયાનો સ્પષ્ટ ખ્યાલ તેઓમાં જોવા મળે

છે. પરિણામે લગ્ન પહેલાંની સગર્ભા સ્થિતિ કે લગ્ન પછી નિઃસંતાન સ્થતિ હિન્દુ જ્ઞાતિઓ જેટલી તીવ્ર લાગણીવાળી નહિ છતાં દુઃખદ અને સામાજિક ટીકાને પાત્ર તો જરૂર ગણાય છે. આદિવાસી જાતિઓ મુખ્યત્વે ખેતી કરનારી, જંગલ વિસ્તારમાં વસનારી અને સતત પરિશ્રમ કરનારી છે. ખેતીનાં કાર્યોમાં પત્ની અને સંતાનો સૌથી નિકટનાં મદદ કરનારાં સગાં છે. પરિણામે આર્થિક સહકાર માટે આવશ્યક સંતાન પ્રાપ્તિ તેનાથી જ થાય છે. આમ, આદિવાસીઓમાં લગ્ન એ ઈચ્છાઓની પરિતૃપ્તિ, વંશવૃદ્ધિ તથા જીવનમાં આર્થિક સહકાર મેળવવાનાં એવા વિવિધ ઉદ્દેશોવાળી સંસ્થા છે. અહીં ગુજરાતની દશ મુખ્ય જનજાતિઓમાંની એક કોંકણી જાતિમાં લગ્ન વ્યવસ્થાની સમજ આપવાનો પ્રયાસ કરેલ છે.

**લગ્નના રિવાજોઃ**

કોંકણી જનજાતિમાં લગ્ન અને રિવાજોનું એક આગવું સામાજિક કલેવર છે. અન્ય જનજાતિઓની જેમ કોંકણી આદિવાસીઓ પછાત હોવા છતાં વિશિષ્ટ સંસ્કૃતિ ધરાવે છે. તેઓમાં લગ્નની શરૂઆત સગાઈથી થાય છે. ભારતની લગભગ તમામ જનજાતિઓમાં કન્યાવિક્રય (કન્યાને આપવી પડતી કિંમત)નો રિવાજ છે. કોંકણી જાનજાતિમાં પણ કન્યામૂલ્યનો રિવાજ છે. અહીં તેમના લગ્નના રિવાજો તેમજ લગ્ન પદ્ધતિ અંગે સંક્ષેપમાં સમજ આપવાનો પ્રયાસ છે.

**કોંકણી આદિવાસીઓમાં લગ્નમાં સાથી પસંદગી વખતે ધ્યાનમાં રખાતી બાબતોઃ**

કોંકણી આદિવાસીઓ સાથી પસંદગી વખતે સ્વજાતિને પ્રાધાન્ય આપે છે. અર્થાત્ તેઓ પોતાની જાતિ સિવાય અન્ય જાતિમાં લગ્ન કરતા નથી. અર્થાત્ પોતાના સાંસ્કૃતિક સમૂહની અંદર જ લગ્ન કરતા હોય છે. આ આંતર્લગ્ન વ્યવસ્થા હિન્દુ સમાજ વ્યવસ્થામાં પણ જોવા મળે છે. ભારતની જ્ઞાતિ વ્યવસ્થામાં પણ આંતર્લગ્ન એ મૂળ પ્રકૃતિ છે. આમ, તેઓમાં હિન્દુઓની જેમ આંતર્લગ્નનો રિવાજ પ્રવર્તે છેઃ

(૧) સાથી પસંદગીમાં તેઓ કુળ અથવા ગોત્રને ધ્યાનમાં રાખે છે, તેઓ એક જ કુળ કે ગોત્રમાં લગ્ન કરતા નથી. કારણ કે એક જ કુળ/ગોત્રની વ્યક્તિઓ પરસ્પરને ભાઈબહેન તરીકે જોતા હોય છે. પરિણામે તેઓમાં ગોત્ર બહિર્વિવાહિતા જોવા મળે છે. ગુજરાતની લગભગ તમામ જનજાતિઓમાં ગોત્ર બહિર્વિવાહિતા જોવા મળે છે. ભારતની કોરવા, સાંથાલ, હો, મુંડા જનજાતિમાં પણ આ રિવાજ છે (દેસાઈ, ઉર્મિબહેનઃ ૧૯૭૬-૭૭:૨૨૭).

(૨) છોકરાની પસંદગીમાં કન્યાપક્ષવાળાઓ એ બાબતોને ધ્યાનમાં રાખે છે કે છોકરો ખેતી કે અન્ય કોઈ કામ ધંધો કરે છે કે કેમ, તે ઉપરાંત તેનું વર્તન, ટેવો, દેખાવ વગેરેને પણ ધ્યાનમાં લે છે.

(૩) કન્યાની પસંદગીમાં ઘરકામની આવડતને પ્રાધાન્ય આપે છે. દેખાવ વગેરેને પણ ધ્યાનમાં લે છે.

(૪) છોકરો પુખ્ત વયનો થાય ત્યારે તે લગ્ન માટે ઉંમરલાયક ગણાય છે. કન્યા પસંદગી માટે સામાન્ય રીતે મા-બાપ, સંગાઓ, મિત્રો વગેરે આગળ પડતો ભાગ ભજવે છે. સગાઈ નક્કી કર્યા પૂર્વે છોકરા છોકરીના અભિપ્રાયો, પસંદગી યા ગમાઅણગમાને પૂરતું મહત્ત્વ અપાય છે.

**લગ્ન બહારના જાતીય સંબંધોઃ**

સામાન્ય રીતે અન્ય આદિવાસી સમાજની જેમ કોંકણી સમાજ પણ છોકરા-છોકરીને પરસ્પર હળવા મળવાની સ્વતંત્રતા આપે છે. પરંતુ લગ્ન પૂર્વે અને પછીના બાહ્ય જાતીય સંબંધોને છૂટ આપતો નથી, છતાં ક્યાંક અપવાદરૂપ આવા કિસ્સા જોવા મળે તો એ તરફ આંખ આડા કાન કરે છે. લગ્ન બહાર જાતીય સંબંધ બાંધતી વ્યક્તિની સમાજમાં ખૂબ જ ટીકા અથવા નિંદા થાય છે. લગ્ન બહારના જાતીય સંબંધ ધરાવતી વ્યક્તિને કોંકણીઓ ‘છીનાળા’ તરીકે ઓળખાવે છે. આ શબ્દ ચૌધરીઓમાં પણ વપરાય છે. અરવિંદ ભટ્ટ (૧૯૮૫ - ૧૨૧) અને નાયક (૧૯૪૮ - ૧૩૫) નોંધે છે કે કોંકણીઓમાં છીનાળાના જૂજ પ્રસંગોમાં બાર રૂપિયાનો દંડ મૂકાય છે ને છોકરીને એની સાથે પરણાવે છે. લગ્ન

પૂર્વેના સંબંધોથી છોકરી સગર્ભા બને તો ચિંતાનો વિષય બને છે. આવું બને તો બન્નેને પરણાવી દેવામાં આવે છે. લગ્ન બહારના સંબંધોની સ્થિતિ પેદા થતાં વ્યક્તિનું સમાયોજન કરવાની લવચીકતાવાળી સમાજ વ્યવસ્થાની પ્રતીતિ થાય છે. તે વ્યક્તિને હૂંફ આપી સામાજિક સલામતી બક્ષે છે. પરિણામે આમાંથી આત્મહત્યા જેવા પ્રશ્નો સર્જાતા નથી. બીજી બાજુ લગ્ન પછીના જાતીય સંબંધોમાં કોઈ પણ પ્રકારની ઢીલાશ રાખવામાં આવતી નથી. સમાજમાં તેવી વ્યક્તિની ખૂબ જ ટીકા કે નીંદા થાય છે. પુરુષ કે સ્ત્રી ગામ કે જાતિ પંચ પાસે તે અંગે ફરિયાદ કરી દાદ માંગી શકે છે. પંચ દંડ કે છૂટાછેડા સુધીની કાર્યવાહી કરી શકે છે. આમ, લગ્ન પછી પતિ-પત્ની પરસ્પરને વફાદાર રહે તે બાબત કોંકણી આદિવાસી સમાજ પણ સ્પષ્ટ પણે સ્વીકારે છે.

**લગ્નનું ક્ષેત્રઃ**

કોંકણી આદિવાસીઓમાં લગ્ન ક્ષેત્રની બાબતમાં કોઈ ખાસ મર્યાદા દેખાતી નથી, છતાં સામાન્ય રીતે તેઓમાં ગામ કે નજીકના વિસ્તારના ગામમાં પાત્રની આપ-લે થતી હોય છે. ખબર પૂછાય એટલા માટે તેઓ નજીક પરણાવવાનું વધુ પસંદ કરે છે. હાલમાં તેમને પાત્ર પસંદ હોય તો ભૌગોલિક અંતર ગૌણ બની જાય છે. આમાં સગાઈ સંબંધો પાડોશી પ્રદેશ, શિક્ષણનો વિકાસ તેમજ યાતાયાતનાં સાધનોનો વિકાસ તથા સંપર્ક વગેરે પરિબળોને મહત્ત્વનાં ગણી શકાય.

**ઘરતન્યા (ઘરજમાઈ) લગ્નઃ**

કોંકણી આદિવાસીઓમાં લગ્ન કરવાની એક રીત ઘરજમાઈ લગ્ન છે. ઘરજમાઈ/ખંધાડિયા લગ્નનો રિવાજ ગુજરાતની ચૌધરી, ગામીત, ભીલ અને અન્ય જનજાતિઓમાં પણ જોવા મળે છે. કુટુંબમાં એક કે તેથી વધુ છોકરીઓ હોય અને છોકરો ન હોય અને ઘરમાં માબાપ ખાધેપીધે સુખી હોય તો તેઓ સામાન્ય રીતે સૌથી નાની છોકરીના માટે ઘેર કોઈ છોકરાને લાવીને રાખે છે. આવી રીતે આણેલા છોકરાને ઘરજમાઈ કહે છે. ઘરજમાઈ લગ્નનો રિવાજ એવો છે કે ઘરજમાઈ તરીકે જેને લાવવાનો હોય તેના માબાપ સાથે પ્રથમ નક્કી કરી મુકરર દિવસે વાજતે-ગાજતે કન્યાવાળા વરને ઘેર જાય છે, ને ત્યાં છોકરાના ઘરનું પિવણ પીએ છે, ને રોટલા ખાઈ સ્ત્રી-પરુષો ભેગા મળી નાચે છે. પછી વર (ઘરજમાઈ)ને લઈ જતાં હોય છે. કેટલાક કિસ્સામાં વરપક્ષવાળા વરને કન્યાના ઘરે મૂકી આવતા હોય છે. ઘેર આવ્યા પછી વર-વહુ સાથે રહે છે. જો છોકરીને વર પસંદ નહીં પડે કે વરને વહુ પસંદ ન પડે તો પરસ્પરથી તેઓ છૂટા પણ પડી શકે છે. જો વરવહુમાં મનમેળ થઈ જાય અને સસરાને જમાઈનો સ્વભાવ માફક આવે તો તે એને પુત્ર તરીકે પણ રાખી લે છે. સસરાને વારસામાં બીજું કોઈ ન હોય તો ઘરની મિલકત ઘરજમાઈ તરીકે આવેલી વ્યક્તિને મળે છે.

કોંકણીઓમાં લગ્નનો રિવાજ મુખ્યત્વે સગાઈ (બોલપેન) અને લગ્નવિધિ એમ બે વિભાગમાં જોવા મળે છે.

**બોલપેન (સગાઈ):**

'બોલ' એટલે શબ્દ અને 'પેન' એટલે પીણું. બન્ને પક્ષ (વર-કન્યા)ના લોકો દ્વારા લગ્નની વાત મંજૂર રાખતા વિવાહની તારીખ કે અન્ય બાબતો નક્કી કરવાનો પ્રસંગ તે 'બોલપેન'. ટી.બી. નાયક (૧૯૪૮ - ૧૩૫) નોંધે છે કે પેન ભરવી એટલે સગા-સંબંધીઓને તેડાવી દારૂ પાઈ જાણ કરવી કે અમુકની સગાઈ અમુકની સાથે થઈ છે. વરપક્ષ અને કન્યા પક્ષના માણસો ભેગા મળી ઓસરીમાં ખાંડણિયા પાસે સગાઈની વિધિ કરે છે. કન્યાને કંકુનો ચાંદલો કરવામાં આવે છે. કોંકણીઓ એને "કંકુના માંગા" કહે છે (ચિતળે,૧૯૭૮-૩૫). બન્ને પક્ષોની બહેનો સાથે મળી કન્યાના ગળામાં "ગાઠી" (કાળા મણકાનું ગળામાં બાંધવાનું કીડિયું) બાંધે છે, જે મંગળસૂત્ર જેટલું વિશેષ મહત્ત્વ ધરાવે છે. બોલપેન વખતે વરપક્ષ તરફથી કન્યા પક્ષના સભ્યોને સવા પાંચ રૂપિયા આપવાનો રિવાજ છે. પછી કન્યાની સગાઈ થઈ ગઈ એમ જાણ કરવામાં આવે છે. આ પ્રસંગે દહેજના વહેવારો, ઘરેણાં, કપડાં વગેરે લેવા આપવાનું નક્કી કરવામાં આવે છે. આ પ્રસંગે દારૂ પીવાય છે તથા ગોળ વહેંચવામાં આવે છે. સગાઈના પ્રસંગ પછી

અઠવાડિએ, મહિને કે વર્ષ પછી બન્ને પક્ષની અનુકૂળતાએ લગ્ન ગોઠવાય છે. લગ્ન પહેલા વર પક્ષવાળા કન્યાને તેનું જરૂરી સામાન લઈ આપે છે. કોંકણી આદિવાસીઓમાં લગ્નનો દિવસ નક્કી કરવા માટે ખાસ મુહૂર્ત જોવડાવવામાં આવતું નથી. સામાન્ય રીતે કોંકણી આદિવાસીઓ હોળી પછી લગ્નો ગોઠવતા હોય છે. આ ગાળામાં તેમની પાસે ખેતીનું કામકાજ નહિવત્ પ્રમાણમાં હોવાથી તેઓ લગ્ન પ્રસંગ માટે આ ગાળો પસંદ કરે છે.

**ઘાણઃ**

કોંકણીઓમાં લગ્નમાં 'ઘાણ' આપવું એ પ્રચલિત સામાજિક રિવાજ છે. આનાથી અગાઉ કરેલ વિવાહ (બોલપેન) પાકો થાય છે. વર પક્ષ તરફથી કન્યાના ઘેર આઠ ચંપા વરઈ અથવા નાગલી અને એક ચંપા કઠોળ એમ નવ ચંપા અનાજ આપવામાં આવે છે. આ અનાજને તેઓ ઘાણ કહે છે. ઘાણમાં પહેલાં સવા મણ અનાજ અને ત્રણ ચંપા કઠોળ આપવાનો રિવાજ હતો. આ પ્રચલિત ઘાણના બે હેતુ છે. એક તો કન્યા પક્ષ વરને સ્વીકારવા તૈયાર છે અને બીજું ઘાણથી લગ્નની તૈયારી કરવા ઉત્સુક બને છે. ઘાણનો રિવાજ કોંકણીઓમાં ફરજિયાત નથી. તે આપવા - લેવાનું બન્ને (વર-કન્યા) પક્ષની આર્થિક સ્થિતિ પર આધારિત છે. અર્થાત્ આર્થિક સ્થિતિ સારી હોય તો ઘાણ લેતા નથી જે જ્ઞાતિ સભાનતા સૂચવે છે. આ રિવાજ ગુજરાતના દૂબળાઓમાં પણ જોવા મળે છે (શાહ, પી.જી. : ૧૯૬૬ : ૪૯).

**નીવતન (લગ્નમાં આમંત્રણ આપવાની રીત):**

લગ્નમાં આમંત્રણ આપવા ઘરની વ્યક્તિઓ કે સંબંધીઓ જાતે જાય છે. તેઓ આમંત્રણ આપવા જાય ત્યારે દરેકના ઘરના ઉમરાની ઉપર હળદરવાળા ચોખા મૂકે છે અને નિયત દિવસે લગ્નમાં આપવાનું આમંત્રણ આપે છે. આમંત્રણ મૌખિક અપાય છે. આજકાલ શિક્ષિત વ્યક્તિઓએ આમંત્રણ પત્રિકા મોકલવાનો રિવાજ અપનાવેલ છે.

**મંડપઃ**

કોંકણીઓ લગ્નનની પૂર્વ તૈયારીમાં ઘર લીંપીને સાફ કરે છે. આ પ્રસંગે ઘરને શણગારવાનો રિવાજ નથી પરંતુ મંડપ બાંધવાનો હોય છે. ''એમના મતે ચાર થાંભલીઓ ઉપર વહી અને વાંસડા મૂકી સાદડા કે જાંબુડાના લીલા ડાળખાથી ઢાંકી દીધેલો માંડવો તે'' મંડપ નીચેના જગ્યા છાણથી લીંપણ કરેલી હોય છે.

**પીઠી ચોળવીઃ**

લગ્નના આગલા દિવસે વર-કન્યા બન્નેને પોતપોતાના ઘેર ગોઠા (કોઢ)માં પીઠી ચોળવામાં આવે છે. પીઠી ચોળવાનો અધિકાર લગ્ન કરેલ વ્યક્તિઓને જ હોય છે. વિધુર કે વિધવા પીઠી ચોળી શકતા નથી. પીઠી ચોળવા આવનાર પ્રત્યેક વ્યક્તિઓ પોતપોતાના ઘેરથી હળદર લાવે છે. તેને 'માનની હળદર' કહે છે. કોંકણીઓમાં ખાસિયત એ છે કે તેઓ પીઠી બપોર સુધી ચોળે છે. બપોર પછી દિવસ ઢળતો જાય એટલે પીઠી ન ચોળી શકાય તેવી તેઓ માન્યતા ધરાવે છે. વાંસદા વિસ્તારના કોંકણીઓ દિવસમાં પાંચ વાર પીઠી ચોળે છે. એમાં પહેલી પીઠી મામાની હોય છે. એટલે કે મામા ચઢાવે છે. પછી સગાસંબંધીઓ કે અન્ય ગામલોકો ચઢાવે છે. પીઠી લગાવી દીધા પછી વર કન્યાએ આખી રાત જાગવાનો રિવાજ હોય એ રાત્રે (માંડવાના દિવસે) સાંસ્કૃતિક કાર્યક્રમ તમાસા (એક પ્રકારનું નાટક), માદળનૃત્ય દ્વારા મનોરંજન પૂરું પાડવામાં આવે છે.

**લગ્નની જાનઃ**

લગ્નની જાન કાઢતી વખતે વરરાજાના માથે ફેટો, હાથમાં મ્યાન વગરની શણગારેલી તલવાર અને નાળિયેર હોય છે., કાહાળ્યા (પીપૂડી), ઢોલકી, નગારૂ જેવા વાજિંત્રો વાગે છે. ઉત્સવનું વાતાવરણ સર્જાય છે. વરની સાથે વરની બહેન કે ભત્રીજી હોય છે કે જેને કુરુલી (રવલી) કહે છે. જાનમાં વરની સાથે સગાંઓ, મિત્રો તેમજ ગ્રામજનો જોડાય છે. બહેનો પ્રસંગને અનુરૂપ ગીતો ગાય છે. કન્યાના ગામમાં જાનને કોઈના ઘેર ઉતારો આપવામાં આવે છે. ત્યાં વરરાજાને ઉતારવા એની સાસુ આવે છે. તે વરરાજાને પાણી આપી કંકુનો

ચાંદલો કરી ઉતારે છે. સૌ જાનૈયાઓ ત્યાં આરામ કરે છે, બધા માટે ચા-પાણીની વ્યવસ્થા કરાય છે.

**લગ્નવિધિઃ**

પરંપરાગત રીતે કોંકણીઓમાં લગ્નવિધિ કેટલીક વખતે વરને ત્યાં અને કેટલીક વખત કન્યાને ત્યાં પણ કરવામાં આવે છે. કન્યાના પિતાની નબળી આર્થિક સ્થિતિ તેઓને વરના ઘરે ત્યાં લગ્ન કરવાની ફરજ પાડે છે. સામાન્યતઃ લગ્ન વિધિ કન્યાને ત્યાં કરવામાં આવે છે.

કોંકણીઓમાં લગ્નવિધિ પરંપરાગત રીતે એમના કુટુંબની વડીલ વ્યક્તિઓ દ્વારા થતી આવી છે. વર-કન્યાને સામસામા પાટલા ઉપર બેસાડી એમની વચ્ચે એક કપડાનો પડદો કરવામાં આવે છે. લગ્નવિધિ કરનાર વ્યક્તિ પવિત્ર નદીઓ, તેમનાં તથા હિન્દુ દેવદેવીઓ અને મહાકાવ્યોના નાયકોનાં નામો બોલે છે. વર અને કન્યા પરસ્પર માળા પહેરાવે છે, વાજિંત્રો વગાડાય છે, આ ઉપરથી સૂચવાય છે કે લગ્નવિધિ પૂર્ણ થઈ છે. અરવિંદ ભટ્ટ (૧૯૮૫) ચૌધરીઓની લગ્નવિધિ અંગે નોંધે છે કે કુટુંબની બહેનો છેડાગાંઠી, ખાંડણીયો, ઘંટી અને રસોડામાં ચૂલાએ વર-કન્યાને ફેરવી લાવે એટલે લગ્ન થઈ ગયાં ગણાય. નાયક, ટી.બી. (૧૯૪૮) કોંકણીઓની લગ્નવિધિ અંગે નોંધે છે કે "માંડવામાં વર-વહુને એક કામળા ઉપર બેસાડી એમના છેડા ગાંઠવામાં આવે છે, એ વખતે દીવાની સાક્ષી રાખવામાં આવે છે. આ પછી વર-વહુ એકબીજાનું નામ બોલે છે અને છેડાછોડી કાઢવામાં આવે છે. આમ લગ્ન થયેલાં ગણાય છે. ગામિતોમાં વરની જાન કન્યાના ગામમાં આવે છે અને બન્ને પક્ષના લોકો ખૂબ નાચે છે. બીજે દિવસે વર-કન્યાને કેડમાં બેસાડીને બે માણસો નાચે છે. વરના હાથમાં તલવાર અને કન્યાના હાથમાં મ્યાન હોય છે. આ રીતે લગ્નવિધિ સંપૂર્ણ બને છે. (શાહ, દલીચંદ : ૧૯૮૯). આમ, આદિવાસીઓમાં લગ્નની વિધિઓમાં વિભિન્નતા જોવા મળે છે. હિન્દુઓના સંપર્કમાં આવી હવે કેટલાક કોંકણીઓ હિન્દુ લગ્નવિધિ પ્રમાણે લગ્ન કરે છે.

**કન્યાદાનઃ**

લગ્નવિધિ પૂર્ણ થયા પછી કન્યાદાનની વિધિ કરવામાં આવે છે. કન્યા પક્ષના લોકો કન્યાને જુદી જુદી ચીજવસ્તુઓ ભેટ આપે છે. તે સ્ત્રીધન ગણાય છે. તેના ઉપર કન્યાનો હક્ક રહે છે. આ બધી વસ્તુમાં નાણું પણ હોય છે. આ વસ્તુઓ કન્યા સાસરે લઈ આવે છે.

**મૂળટી (આણું):**

નજીક હોય તો લગ્નના દિવસે જ સાંજે કન્યાપક્ષવાળા પાંચ દિવસ માટે કન્યાને પોતાને ઘેર લઈ જાય છે અને દૂર હોય તો બે ત્રણ દિવસ પછી કન્યાના મા બાપ, સંબધીઓ અને એની બહેનપણીઓ આવી કન્યાને લઈ જાય છે. પાંચ દિવસ પછી વર પક્ષવાળા વરરાજા સાથે વાજિંત્રો તેમજ ગાનારનીઓ સાથે કન્યાને તેડવા જાય છે. આને 'મૂળટી' કહે છે. બપોરે ભોજન કર્યા પછી કન્યાને વિદાય કરવામાં આવે છે, એ વખતે કન્યા એના મા બાપ, સંબંધીઓ, બહેનપણીઓ વગેરે સાથે આખરી ભેટ લે છે અને તેઓ સૌ વિરહનાં આંસુ પાડતાં હોય છે, પરંતુ પ્રસંગ શુભ ગણાતો હોઈ ઝાઝો વિલાપ કરવામાં આવતો નથી. આ રીતે કન્યાને માનપૂર્વક સાસરીમાં લઈ આવવામાં આવે છે. લગ્નની શરૂઆતથી અંત સુધી દરેકે વિધિવિધાન વખતે લગ્નગીતો ગાવામાં આવે છે. કોંકણી આદિવાસીઓમાં વિદાય વખતે બહુ પ્રચલિત ગીત "નીળી નીળી સારંગી..." એવું ગીત ગવાય છે. એ ગીતનો ભાવાર્થ એ છે કે કન્યાને હવે માતા-પિતા, ભાઈ-બહેનની માયા છોડી સાસુ-સસરા અને દિયર-નણંદની માયા ઝાલવા કહેવામાં આવે છે. અર્થાત્ કન્યાને સાસરીમાં દીકરી બનીને રહેવાની શિખામણ આપવામાં આવે છે.

દક્ષિણ ગુજરાતના કેટલાક આદિવાસીઓમાં લગ્ન ગીતોમાં મા-બાપ અને સગાંવહાલાંઓ કન્યાને વળાવતી વખતે જે ગીતો ગાય છે તેમાંથી એવું પ્રગટ થાય છે કે પતિના ઘેર તેના ઉપર અત્યાચાર થાય તો તેને ખુશીખુશીથી પિતાના ઘરે પાછી આવી જાય તેવા ભાવ જોવા મળે છે (ફા. રેમન્ડ ચૌહાણ એસ. જે. : ૧૯૯૪-૩૭).

આમ, સમગ્ર રીતે જોતાં આદિવાસી લગ્ન જીવન ખૂબ જ સરળ છે. હિન્દુલગ્ન વ્યવસ્થાથી તે અનોખું મહત્ત્વ ધરાવે છે. વર્તમાન સમયમાં શિક્ષણ, સંપર્કો, સંચાર માધ્યમો વગેરે પરિબળોના વિકાસની સાથે આદિવાસી સમાજ પણ તેનાથી અલિપ્ત રહ્યો નથી. અર્થાત્ આધુનિકતાની છાપ તેમના પરંપરાગત લગ્ન વ્યવસ્થાને પણ અસર કરી રહી છે. હિન્દુ લગ્ન પ્રમાણે લગ્ન કરવું. લગ્નમાં મંડપ લાવવો, બેંડવાજાં, વિડિયો શૂટિંગ, આમંત્રણ પત્રિકા છપાવવી વગેરે બાબતો તેમના માટે વધુ ખર્ચાળ હોવા છતાં પણ કેટલાક શિક્ષિત ખાસ કરીને નોકરી કરતા લોકોમાં આ બાબતોનું વળગણ વધુ દેખાય છે. છતાં પરંપરાગત રીતે થતું આદિવાસીઓનું લગ્ન, તેના રીત-રિવાજો, પ્રથાઓ આજે પણ ટકેલાં છે અને તેનું મહત્ત્વ એ જ સ્વરૂપે રહેલું છે.

**: સંદર્ભસૂચિ :**


★ એડવર્ડ, વેસ્ટરમાર્ક (૨૯૨૧): ધ હિસ્ટરી ઓફ હ્યુમન મેરેજ, મેકમિલન, લંડન, વોલ્યુમ - ૧.

★ ભટ્ટ, અરવિંદ (૧૯૮૫): ગુજરાતના ચૌધરીઓ, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ.

★ ચિતળે, ડી. બી. (૧૯૭૮): ડાંગ એક સમ્યક દર્શન, ડાંગ જિલ્લા પંચાયત, આહવા, ડાંગ.

★ દેસાઈ, ઉર્મિબેન (૧૯૭૬-૭૭): સામાજિક માનવશાસ્ત્ર, રચના પ્રકાશન, અમદાવાદ.

★ નાયક, ટી.બી. (૧૯૪૮): આદિવાસીઓ (કૂકણા), પ્રસ્થાન, વર્ષ-૨૩, અંક-૩, અમદાવાદ.

★ ફા. રેમન્ડ, ચૌહાણ એસ. જે. (૧૯૯૪): ગામિત લગ્નવિધિ અને ગામિત લગ્નગીતો, આદિવાસી સંસ્કૃતિ જતન, કદર અને પ્રસાર શ્રેણી, જીવનજ્યોત ઉનાઈ.

★ શર્મા, અશોક (૨૦૧૨): ધર્મ-વિજ્ઞાન, દિવ્યભાસ્કર (દૈનિક), ધર્મ દર્શન, તારીખ : ૪-૧૦-૨૦૧૨.

★ શાહ, દલીચંદ (૧૯૮૯): આદિવાસી ગામનાં બદલાતાં પાંસાઓ, અપ્રગટ પી.એચ.ડી. મહાનિબંધ, દ.ગુ. યુનિવર્સિટી, સુરત.

★ શાહ, પી.જી. (૧૯૬૬): ગુજરાતના દૂબળાઓ (અનુ.) પી.સી. શાહ, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ.


❑

## ભારતના બંધારણમાં કાર્યવિભાજન

| ક્રમ | અનુસૂચિ | સરકાર | કાર્યોની સંખ્યા |
|---|---|---|---|
| 1 | અનુસૂચિ - 7 | કેન્દ્ર | 100 |
| 2 | અનુસૂચિ - 7 | રાજ્ય | 61 |
| 3 | અનુસૂચિ - 7 | કેન્દ્ર અને રાજ્ય | 52 |
| 4 | અનુસૂચિ - 11 | પંચાયતો | 29 |
| 5 | અનુસૂચિ - 12 | પાલિકાઓ | 18 |

# જીવનસાથીની પસંદગીમાં પ્રસાર માધ્યમોની ભૂમિકા

- શોભના વાય. ચૌહાણ

વ્યક્તિગત જાહેરાત એ કોઈ નવી વાત નથી. ૩૦૦ વર્ષ પહેલાં તેની શરૂઆત થઈ ચૂકી હતી. એવું માનવામાં આવે છે કે પહેલી લગ્ન વિષયક જાહેરાત બ્રિટિશ પબ્લિકેશનમાં ૧૬૯૫ની જુલાઈ ૧૯ તારીખે આપવામાં આવી હતી. ૧૮મી સદીમાં પુરુષો તેમની વીસ વર્ષની આસપાસ મુખ્યત્વે તેમની જુવાની અને આર્થિક બાબતો વિશે જાહેરાત આપતા હતા. ૧૭૨૭માં હેલન મોરિસન નામની ઈંગ્લેન્ડની મોટી ઉંમરની મહિલાએ 'માંચેસ્ટર વીકલી જર્નલ' છાપામાં જાહેરાત આપવાની ઓડિટરને વાત કરી. તેને એવી જાહેરાત આપવી હતી કે તેને તેની સાથે જીવન વીતાવી શકે તેવા પુરુષની જરૂર છે. તરત જ પ્રતિભાવ મળ્યો. મેયરે તેને ચાર અઠવાડિયા માટે મેન્ટલ હૉસ્પિટલમાં મૂકી. શરૂઆતમાં જાહેરાત પુરુષો દ્વારા ટૂંકી અને સાદી રહેતી. જેમ કે કુટુંબ અને મિત્રો ન હોય, તેમજ વ્યક્તિગત જીવનમાં દખલગીરી ન ઈચ્છે તેવા જીવનસાથીની જરૂર છે. તે સમયે આવી નાની જાહેરાતોનું ખૂબ જ સારુ પરિણામ મળતું. તે વખતે પણ જાહેરાત દ્વારા જીવનસાથી શોધવાની પદ્ધતિને માનની નજરથી જોવામાં નહોતું આવતું. ૧૯મી સદીના મધ્ય ભાગ સુધી વ્યક્તિગત જાહેરાતોની લોકપ્રિયતા નહોતી. પરંતુ પછી આ જાહેરાતોમાં વધારો જોવામાં આવ્યો. અમેરિકામાં Wedding Bell, બ્રિટનમાં The Correspondent, Metrimonial Herold, Marriage Gazette જેવાં સામયિકોમાં લગ્ન વિષયક જાહેરાતો આવતી. તેનું પ્રમાણ વધ્યું. ૧૯મી સદીના અંત સુધી જાહેરાતો આવતી. પરંતુ મુખ્ય ધારાનાં છાપાં અને સામયિકોએ જાહેરાત આપવી બંધ કરી. ૧૮૯૭ની સાલમાં એક યુવાન વિધવા સ્ત્રી હતી. તેણે એવી લગ્ન વિષયક જાહેરાત આપી કે તે ખૂબ પૈસાવાળી છે. ઘણા પુરુષોએ તે વખતે પત્રવ્યવહાર કર્યો. દરેક પુરુષે તેને પ્રવાસ માટેના પૈસા મોકલ્યા. આ મહિલાએ યુરોપના અલગ અલગ દેશોમાં જઈને આવી જાહેરાત આપી. પુરુષોને છેતરવાનું કામ કર્યું. તેથી મુખ્ય પ્રવાહનાં છાપાંઓએ જાહેરાત બંધ કરી દીધી.

વ્યક્તિગત જાહેરાતોનો આધુનિક યુગ ૧૯૬૦ પછી શરૂ થયો. ૧૯૮૦ના દાયકામાં લોકો દ્વારા જાહેરાતમાં ડેટ્સની માંગણી કરાતી. સમય બદલાતો ગયો તેમ લગ્ન વિષયક જાહેરાતોની ભાષા બદલાતી ગઈ. લગ્ન સિવાય જ સ્ત્રી સાથે ડેટિંગ પર જવું તેવી જાહેરાત આપવા લાગ્યા. આજના સમયમાં ડેટિંગ અને મેચ મકિંગ સર્વિસની ઈન્ટરનેટમાં આવી જાહેરાતોની ભરમાર જોવા મળે છે. ઈન્ટરનેટમાં આ ફાયદાકારક બીઝનેસ બની ગયો છે. વસ્તુ એ જ છે. 'એકાંતમાંથી છૂટકારો અને પ્રેમ' વિષય એક જ છે (Reference: hub pages.com).

ભારતના સોશ્યલ નેટવર્કિંગ વપરાશકારો સંખ્યા વધતી જાય છે. ૧૭ જુલાઈ ૨૦૧૨ પ્રમાણે ટ્વીટર પર ૪૯૦ મિલિયન, લીંક્ડઈન ૪૬૧ મિલિયન, ગુગલ પ્લસ ૧૦૦ મિલિયન, ફેસબુક પર ૭૫૦ મિલિયન વપરાશકારો નોંધાયા છે. વિકીપીડીયા માહિતી મે-૨૦૧૨ પ્રમાણે ભારતમાં ૭૬.૬૮% લોકો મોબાઈલ વાપરે છે. ઈન્ટરનેટ ઈ-કોમર્સ, માહિતી શૈક્ષણિક હેતુની સાથે સામાજિક સેવાઓ જેવી કે જીવનસાથી પસંદગીની સેવાઓ પૂરી પાડે છે. યુવાનો નોકરી, વ્યવસાય કે શિક્ષણ માટે સ્થળાંતર કરતા હોઈ સંપર્ક માધ્યમ તરીકે મોબાઈલ, કોમ્પ્યુટર તેમજ ઈન્ટરનેટનો ઉપયોગ કરે છે. પોતાની ગમતી વ્યક્તિ સાથે સમય પસાર કરવા માટે આ હાથવગું સાધન છે. ત્યારે તેમની મિત્રતા મર્યાદિત ન રહેતા દૂર અંતરિયાળ ગામ, દેશ, વિદેશ, જ્ઞાતિ કે વર્ગના ભેદભાવ વગર મિત્રતાના સંબંધો વિકસે છે. વળી, સંપર્ક માટે સમય અને સ્થળનું બંધન ન હોઈ, સાધનોની સુલભતાને લીધે યુવાનો ઘણો સમય મોબાઈલ અને કોમ્પ્યુટર સાથે પસાર કરે છે. ત્યારે આવા મૈત્રી સંબંધો માત્ર મિત્રતા પૂરતા મર્યાદિત ન રહેતાં કેટલીક વખત લગ્નમાં પરિણમે છે. જીવનસાથી પસંદગીમાં મેટ્રીમોનિયલ સર્વિસની સેવાઓનો

વ્યાપ અને વિસ્તાર વધતો જાય છે. તે બદલાતા સમાજનું ચિત્ર દર્શાવે છે. સ્પેન્સર જણાવે છે. તે જ રીતે સમાજ આગળ વધે છે અને પરિવર્તન પામે છે.

મેરિયન જે.વી. જુનિયર (૧૯૬૬-૧૧) ટેકનિકલ વિકાસના સંદર્ભમાં જણાવે છે કે માનવ પ્રયત્નના પરિણામો માટે કોઈ સમાજ એટલે અંશે નિર્જિવ શક્તિઓ અને સાધનોનો ઉપયોગ કરે એટલે અંશે તે આધુનિક કહેવાય. ડેનિયલ લર્નર નોંધ છે કે, ''આધુનિક સમાજમાં ટેકનોલોજીનો વિકાસ શહેરીકરણ અને અક્ષરજ્ઞાનનું વધારે પ્રમાણ, સંચારવ્યવહારના સાધનોનો વિકાસ થયો હોવાથી આવા સમાજમાં ભૌગોલિક અને સામાજિક ગતિશીલતાનું પ્રમાણ વધારે રહે છે.''

એલેક્સ ઈંક્લ્સ, ''આધુનિક સમાજના એક લક્ષણ તરીકે નવા વિચારો સ્વીકારવાની કે નવી પદ્ધતિઓને અપનાવવાની તૈયારી અને વિજ્ઞાન અને ટેકનોલોજીમાં શ્રદ્ધાવાળા સમાજને આધુનિક સમાજ કહે છે.'' વેબ્લેનના મતે યંત્ર વિજ્ઞાનને એક એવા પ્રકારની પરિસ્થિતિનું નિર્માણ કર્યું છે કે જેના વગર કોઈ પણ વ્યક્તિ જીવન વ્યવહાર ચલાવી શખતી નથી. ટેક્નોલોજી પરિવર્તન અનુસાર માનવજીવન અને સામાજિક માળખામાં પરિવર્તન આવે છે.

**સંચાર માધ્યમોઃ**

થોડા સમયમાં વધુ લોકો સુધી પહોંચતાં સંકેત વ્યવહારનાં માધ્યમોને જનસંપર્કનાં સાધનો કહેવાય. આવાં સાધનો મિડિયા તરીકે ઓળખાય છે. મિડિયા બે પ્રકારનાં હોય છેઃ (૧) પ્રિન્ટ મિડિયા અને (૨) ઈલેક્ટ્રોનિક મિડિયા. વર્તમાનપત્રો, સામયિકો, ટપાલ સેવા એ પ્રિન્ટ મિડિયા છે. ચલચિત્રો, આકાશવાણી, દૂરદર્શન, ફોન, કોમ્પ્યુટર અને ઈન્ટરનેટ ઈલેક્ટ્રોનિક મિડિયા છે.

વર્તમાન સમયમાં બધા સંચાર માધ્યમોમાં કોમ્પ્યુટર એટલે કે ઈન્ટરનેટ અસરકારક અને અનિવાર્ય માધ્યમ બન્યું છે. વર્તમાન સમયમાં ઈન્ટરનેટ અન્ય સેવાઓની સાથે લગ્ન વિષયક પસંદગીમાં સેવાઓ પૂરી પાડે છે.

ઓક્ટોબર-૧૯૯૬માં યુ.એસ.એ.માં સાન એન્થોસિયેસમાં અનુપમ મિત્તલ દ્વારા શાદી ડોટ કોમ.ની શરૂઆત થઈ. તેમાં ૨૦ મિલિયન લોકો જોડાયા. ત્યાર પછી ભારતમાં ૧૯૯૭માં શાદી ડોટ કોમના, ૨ કરોડ સભ્યો હતા. ભારતમાં ૩૭૭૮ લગ્ન વિષયક વેબસાઈટ છે કે જેમાં ધર્મ, જ્ઞાતિ, વિધવા, એન.આર.આઈ. તેમજ સેકન્ડ મેરેજ જેવી લગ્ન વિષયક વેબસાઈટ છે.

સ્માર્ટફોનમાં ઈન્ટરનેટના ઉપયોગ દ્વારા Smart Life Partner શોધી શકાય છે.

ટી.વી. માં પણ સ્વયંવર જેવા કાર્યક્રમો પ્રસારિત થાય છે. જીવનસાથી પસંદગીમાં સમાચારપત્રમાં આવતી લગ્નવિષયક જાહેરખબરો, જ્ઞાતિનાં સામાયિકો કે જ્ઞાતિના મેળાવડાઓ જીવનસાથી પસંદગીની સેવાઓ પૂરી પાડે છે.

છેલ્લા દસકામાં ભારતમાં લગ્ન વિષયક જાહેરાતનું પ્રમાણ વધતું જાય છે. ઓન લાઈન મેટ્રિમોનિયલ સર્વિસ પરંપરાગત પદ્ધતિની સાથે ભારતીય લગ્ન વ્યવસ્થાની જરૂરિયાત અનુસાર સેવાઓ પૂરી પાડે છે. ભારતની લગ્ન વ્યવસ્થા ખૂબ જ જટિલ છે. જ્ઞાતિ દ્વારા પાત્ર ન મળે ત્યારે છેલ્લા ઉપાય તરીકે આનો ઉપયોગ કરે છે. મોટા ભાગના લોકો આજે પણ પોતાની જ્ઞાતિ, કુટુંબ વર્ગમાંથી પાત્રની પસંદગી કરે છે. ભૌગોલિક ગતિશીલતાની તકો, કુટુંબ કે વ્યક્તિની બદલાતી અપેક્ષાઓ, ઉચ્ચ શિક્ષણ, ઉચ્ચ વ્યવસાય કે નોકરીની સારી તકોને કારણે જીવનસાથીની પસંદગી બદલાઈ છે. લગ્નના માપદંડ બદલાયા છે. બાહ્ય દેખાવ કરતાં બુદ્ધિ, શિક્ષણ, પૈસા કમાવવાની ક્ષમતાને મહત્ત્વ આપવામાં આવે છે.

આ બધા ફેરફારો થઈ રહ્યા છે. પરંતુ આજે પણ સંતાનો માતા-પિતાના આશીર્વાદથી લગ્ન કરવા ઈચ્છે છે. માતા-પિતા પણ તેમના સંતાનોની ઈચ્છા પ્રમાણે લગ્ન કરવામાં મદદરૂપ બને છે. સંતાનોની રસ, રુચિ, ટેવો, વ્યક્તિત્વ તેમની આદતો પ્રમાણે જીવનસાથી પસંદ કરે છે. તેથી સંતાનોનો વિરોધ ન થાય. ભારતમાં યુવાનોમાં કોમ્પ્યુટરના વપરાશને કારણે યુવાનો અને તેમના માતા-પિતાના વિચારોમાં શું પરિવર્તન આવ્યું છે તે જાણવા આ અભ્યાસ હાથ ધરવામાં આવ્યો છે.

**કેટલાક પૂર્વ અભ્યાસોઃ**

'પ્રસાર માધ્યમો દ્વારા જીવન સાથીની પસંદગી' વિષય પ્રમાણમાં નવો છે. અગાઉના અભ્યાસોમાં ભારતમાં આંતરજ્ઞાતીય લગ્ન વિશેના અભ્યાસો જોવા મળે છે. મેટ્રિમોનિયલ વેબ સાઈટ પર આ પ્રકારની માહિતી ઉપલબ્ધ છે.

(૧) C.S. Patil: Socio-Economic Survey of the Midddle Class in Bombay-1996માં નાની આવક ધરાવતા વર્ગનો (Lower Salaried Class) મુંબઈ શહેર (Marriage Outside Caste)નો આ પ્રકારનો અભ્યાસ થયો છે.

(૨) ગુજરાતમાં પ્રો.વી.પી. શાહ દ્વારા Attiudinal Change and Traditionalism in the Hindu Family ૧૯૬૦-૬૧માં ૩૦૦ વિદ્યાર્થીઓનો અભ્યાસ કરવામાં આવ્યો. તેમાં વિશે વિદ્યાર્થીઓ પાસેથી તેમનાં મંતવ્યો જાણવામાં આવ્યાં હતાં.

(૩) K. M. Kapadia, Marrige and Family in India-1966માં લગ્નમાં પસંદગી ૫૧૩ યુનિવર્સિટી ગ્રેજ્યુએટ વિદ્યાર્થીઓની મુલાકાત લઈ વિશે વિદ્યાર્થીના અભિપ્રાયનો અભ્યાસ કરવામાં આવ્યો હતો.

(૩) પશ્ચિમી સમાજમાં Robert H. Lauer & Jentte C. Louer, The quest for Intimacy (forth edition) 'Slecting a Life Partner' માં ૨૦૦૦ માં ૯૨ Married Couple, 100 Unmarried Student નો Busse & Barnes દ્વારા (૧૯૮૬) માં અભ્યાસ કરવામાં આવ્યો છે. Dates and Mates: What Do People Want દ્વારા પરિણિત યુગલોનો અભ્યાસ થયો છે.

**સંશોધન પ્રશ્નઃ**

પરંપરાગત સમાજમાં જીવનસાથીની પસંદગી કુટુંબ દ્વારા કરવામાં આવતી. જ્ઞાતિમાંથી પાત્ર શોધવામાં ગોર મહારાજ, જ્ઞાતિજનો, ધાર્મિક ગુરુઓ, પરિવારના સભ્ય, ક્યાંક હજામ જ્ઞાતિની વ્યક્તિઓ સ્વેચ્છાએ વળતર વગર કામ કરતી. લગ્નમાં પાત્ર પસંદગી કરતી વખતે વ્યક્તિની સંમતિ સાથે પરિવારની સંમતિ ધ્યાનમાં લેવામાં આવતી.

છેલ્લા દસકામાં મેટ્રિમોનિયલ જાહેરાતનું પ્રમાણ વધતું જાય છે. સમાચારપત્રોમાં આવતી જાહેરખબરો, મેટ્રિમોનિયલ વેબસાઈટ, જીવનસાથી પસંદગીના મેળાવડાઓ, જ્ઞાતિનાં સામયિકોમાં આવતી જાહેરખબરો, મેરેજ બ્યુરો મનપસંદ પાત્ર શોધી આપવામાં મદદરૂપ બને છે.

લગ્નની ઉંમર ધરાવતા ૧૮થી ૨૪ વર્ષના અપરણિત યુવાનો જીવનસાથી પસંદગી વિશેનાં મંતવ્યો જાણવા અને દૈનિક જીવનમાં જે યુવાનો કોમ્પ્યુટરનો ઉપયોગ કરે છે. ઈન્ટરનેટ સાથે જોડાયેલા છે તે યુવાનોના વિચારોમાં શું પરિવર્તન આવી રહ્યું છે તે જાણી શકાય છે.

**અભ્યાસ પદ્ધતિઃ**

પ્રસ્તુત અભ્યાસમાં અભ્યાસ પ્રશ્ન અને અભ્યાસના હેતુઓને ધ્યાનમાં રાખીને મુલાકાત અનુસૂચિ તૈયાર કરી. બધા ઉત્તરદાતાને રૂબરૂ મળી વિષય વિશે સમજ આપી. વિષયને અનુરૂપ માહિતી એકત્રિત કરવામાં આવી. માહિતી એકત્રિત કરવા મુલાકાત અનુસૂચિને ચાર વિભાગમાં વહેંચવામાં આવી:

(૧) ઉત્તરદાતાની પ્રાથમિક માહિતી.

(૨) ઉત્તરદાતાની સંચાર માધ્યમો વિશેની જાણકારી અને ઉપયોગિતા.

(૩) ઉત્તરદાતાના જીવનસાથી વિશેના વિચારો.

(૪) ઉત્તરદાતાનાં માતા-પિતાના વિચારો.

પ્રાપ્ત માહિતીની ચકાસણી કર્યા પછી તેનું કોમ્પ્યુટરની મદદથી કોડિંગ અને વિશ્લેષણ કર્યું છે. તેમાં સાદા ટેબલનો ઉપયોગ કરી માહિતીનું વર્ગીકરણ કરવામાં આવ્યું છે. પ્રસ્તુત અભ્યાસ ૫૧ ઉત્તરદાતા પૂરતો મર્યાદિત હોઈ તેનાં તારણો કોલેજના વિદ્યાર્થીઓને લાગુ પડી શકાય.

**અભ્યાસના હેતુઓઃ**

(૧) જીવનસાથી પસંદગીમાં સંચાર માધ્યમોની ભૂમિકામાં સંચાર માધ્યમોનો ઉપયોગ કરનારા ઉત્તરદાતા કેટલા?

(૨) ઉત્તરદાતા કયા પ્રકારનાં સંચાર માધ્યમો વિશે જાણકારી ધરાવે છે?

(૩) કોમ્પ્યુટરનો ઉપયોગ કરનાર ઉત્તરદાતા કેટલો સમય અને કેટલા કલાક તેનો વપરાશ કરે છે?

(૪) કયા સ્તરના, કઈ જ્ઞાતિના ઉત્તરદાતા સંચાર માધ્યમનો ઉપયોગ કરે છે. તેઓ પરંપરાને વળગી રહ્યા છે?

(૫) જીવનસાથી પંસદગી વિશે યુવાનો અને યુવતીઓના વિચારો જાણવા.

(૬) ભવિષ્યમાં પાત્ર પસંદગી વખતે સંચાર માધ્યમોનો ઉપયોગ કરશે કે કેમ?

(૭) ઉત્તરદાતાના વિચારો તથા તેમનાં માતા-પિતાના વિચારોમાં સામ્યતા કે વિરોધાભાસ જોવા મળે છે કે કેમ તે શોધી શકાય.

(૮) ફેસબુક પર મિત્રો ધરાવતા યુવાનોમાંથી કેટલા યુવાનો તેમાંથી સાથી પસંદ કરશે?

**નિદર્શની પસંદગીઃ**

પ્રસ્તુત અભ્યાસમાં હિન્દી રાષ્ટ્રભાષા કોલેજમાં ટી.વાય.બી.કોમ. અને ટી.વાય.બી.એ. (સમાજશાસ્ત્ર, મનોવિજ્ઞાન, હિન્દી, ગુજરાતી) વિષયના ગુજરાતી અને હિન્દી માધ્યમમાં અભ્યાસ કરતા અપરણિત વિદ્યાર્થી અને વિદ્યાર્થિનીઓને આકસ્મિક નિદર્શ દ્વારા પસંદ કરવામાં આવ્યા.

જે વિદ્યાર્થીઓ અનુક્રમે ૧૮થી ૨૧ વર્ષના અને અપરણિત છે લગ્નની ઉંમર ધરાવે છે કોમ્પ્યુટર અને, ઈન્ટરનેટનો ઉપયોગ કરે છે તેવા ૫૧ વિદ્યાર્થીઓ માહિતી આપવા તૈયાર હતા. તેમાં ૩૯ વિદ્યાર્થીઓ અને ૧૨ વિદ્યાર્થિનીઓની પસંદગી કરવામાં આવી. છોકરીઓનું પ્રમાણ ઓછું હોવાનાં કારણોમાં કોમ્પ્યુટરના ઉપયોગની અજ્ઞાનતા તેમજ ઉપરોક્ત વિષય અંગે માહિતી આપવાનો સંકોચ જણાયો છે. આથી જે વિદ્યાર્થી અને વિદ્યાર્થિનીઓએ માહિતી આપવામાં સંમતિ દર્શાવી તેમને ઉત્તરદાતા તરીકે પસંદ કરવામાં આવ્યા છે.

**(૧) ઉત્તરદાતાની કૌટુંબિક માહિતીઃ**

૧.૧ઃ ઉત્તરદાતાની કૌટુંબિક માહિતીમાં તેમનો કૌટુંબિક વસવાટ, ઉત્તરદાતાનું શહેર, રાજ્ય, જ્ઞાતિ, ઉંમર, વ્યવસાય, કુટુંબનો પ્રકાર, કૌટુંબિક આવક, મૂળ વતન વગેરે ઉપરાંત ગુજરાતમાં વસવાટ કરનાર પરિવાર સાથેના લગ્ન વિશેની માહિતી મેળવવામાં આવી છે.

૧.૨ઃ કુલ ઉત્તરદાતામાં એસ.ટી. (૩), એસ.સી. (૫), ઓ.બી.સી. (૫) અને અન્ય જ્ઞાતિના ૩૮ ઉત્તરદાતા છે.

૧.૩ઃ રાજ્ય અનુસાર ૫૧ ઉત્તરદાતામાં હિન્દીભાષી રાજ્યો (બિહાર, હરિયાણા, ઝારખંડ, મહારાષ્ટ્ર, એમ.પી., પંજાબ, રાજસ્થાન, યુ.પી)ના ૩૧ ઉત્તરાદાતા છે. જ્યારે ૧૯ ગુજરાતી ઉત્તરદાતા છે. ૧ નેપાળી ઉત્તરદાતા છે, ગુજરાતી ઉત્તરદાતાના પ્રમાણમાં હિન્દીભાષી ઉત્તરદાતાનું પ્રમાણ વધુ છે.

૧.૪ઃ ૨૦થી ૨૧ વર્ષના ૩૭ ઉત્તરદાતા છે. અન્ય ૧૪ ઉત્તરદાતાની સરેરાશ વય ૨૧ વર્ષની છે.

૧.૫ઃ ૪૨ ઉત્તરદાતા વિભક્ત કુટુંબમાં રહે છે. ૮ ઉત્તરદાતા સંયુક્ત કુટુંબમાં રહે છે. ૧ ઉત્તરદાતા માતા સાથે રહે છે.

૧.૬ઃ કુટુંબની વાર્ષિક આવક ૩૬૦૦૦ થી ૧.૫ લાખ સુધીની છે. સરેરરાશ આવક ૧૬૦૩૯ છે. ઈન્ટરનેટનો વપરાશ અને જાણકારી મધ્યમ વર્ગમાં જોવા મળી છે. મોટા ભાગના ઉત્તરદાતા મધ્યમ વર્ગીય કુટુંબમાંથી આવે છે. તેઓ શહેરી કોટ વિસ્તાર તેમજ પૂર્વ વિસ્તારમાં વસવાટ કરે છે.

૧.૭ઃ જે હિન્દીભાષી વિદ્યાર્થીઓનું કુટુંબ ગુજરાતમાં વસવાટ કરે છે. તેમાં ૨૦ ઉત્તરદાતાના પરિવારના સભ્યોએ ગુજરાતમાં લગ્ન કર્યા છે. ૨૨ ઉત્તરદાતાના પરિવારના સભ્યોએ પોતાના રાજ્યમાં લગ્ન કર્યા છે. જે હિન્દીભાષી વિદ્યાર્થીઓનું કુટુંબ બે પેઢી કે તેથી વધુ સમયથી ગુજરાતમાં વસવાટ કરે છે તેઓ લગ્ન માટે પાત્ર પસંદગી પોતાના રાજ્યમાંથી જ કરે

છે. જે કુટુંબના બધા જ સભ્યો ગુજરાતમાં વસવાટ કરે છે. તેઓ પાત્ર પસંદગી માટે ગુજરાતની પ્રથમ પસંદગી કરે છે. ગુજરાતમાંથી પાત્ર ન મળે તો પોતાના રાજ્યમાંથી પાત્ર પસંદગી કરે છે. બાકી અન્ય ઉત્તરદાતા ગુજરાતી છે. અને ગુજરાતી કુટુંબમાં લગ્ન કર્યા છે.

**(૨) કોમ્પ્યુટર સંબંધિત જાણકારી:**

**૨.૧ કોમ્પ્યુટર અને ઈન્ટરનેટનો ઉપયોગ:** કોમ્પ્યુટર અને ઈન્ટરનેટનો ઉપયોગ કરતા ઉત્તરદાતાની પસંદગી કરી હોવાથી બધા જ ઉત્તરદાતા કોમ્પ્યુટર સંબંધિત જાણકારી ધરાવે છે. છતાં કેટલીક માહિતી મેળવી છે જે આ પ્રમાણે છે:

| ક્રમ | ઉત્તરદાતા | હા | ના | કુલ |
|---|---|---|---|---|
| ૧ | તમારી પાસે કમ્પ્યુટર છે? | ૩૨ | ૧૯ | ૫૧ |
| ૨ | બહાર જઈને કામ કરો છો? | ૨૮ | ૨૩ | ૫૧ |
| ૩ | અન્યનું કોમ્પ્યુટર વાપરો છો? | ૨૪ | ૨૭ | ૫૧ |
| ૪ | તાલીમ લીધી છે? | ૪૨ | ૦૯ | ૫૧ |

૩૨ ઉત્તરદાતાની પાસે પોતાનું કોમ્પ્યુટર છે. ૨૮ ઉત્તરદાતા બહાર જઈને કામ કરે છે. ૨૪ ઉત્તરદાતા અન્યના કોમ્પ્યુટરનો ઉપયોગ કરે છે. ૪૨ ઉત્તરદાતાએ તાલીમ લીધી છે. ૯ ઉત્તરદાતાએ જરૂરિયાત ઊભી થતાં તાલીમ વગર કોમ્પ્યુટરનો ઉપયોગ કરે છે. મોટા ભાગના ઉત્તરદાતા પાસે પોતાનું કોમ્પ્યુટર છે. અન્ય નોકરી કરતા ઉત્તરદાતા પોતાની ઓફિસનું, સાયબર કાફે અથવા મિત્રો કે જરૂરી હોય તો સગાં-સંબંધીના કોમ્પ્યુટરનો ઉપયોગ કરે છે.

**૨.૨ વેબસાઈટ સંબંધિત જાણકારી**

| વેબસાઈટની સંખ્યા | ઉત્તરદાતાની સંખ્યા |
|---|---|
| 1 to 5 | 38 |
| 6 to 10 | 01 |
| 15 થી વધુ | 01 |
| 0 | 11 |
| કુલ | 51 |

૩૮ ઉત્તરદાતા કોમ્પ્યુટરનો ઉપયોગ કરતા હોવાથી એકથી પાંચ મેટ્રીમોનીયલ વેબસાઈટ વિશે જાણકારી ધરાવે છે. તેમજ મેટ્રિમોનિયલ વેબસાઈટ જુએ છે. તેમાં શાદી ડોટ કોમ, જીવનસાથી ડોટ કોમ, ભારત મેટ્રિમોનિયલ ડોટ કોમ જેવી પ્રચલિત વેબસાઈટ વિશે તેઓને જાણકારી છે. અન્ય ૧૧ ઉત્તરદાતા મેટ્રિમોનિયલ વેબસાઈટ વિશે જાણે છે. પરંતુ તેઓ આ પ્રકારની વેબસાઈટ ક્યારેય જોઈ નથી.

**૨.૩ પ્રોફાઈલ વેબસાઈટ પર મૂકી છે**

| | | |
|---|---|---|
| ૧. | હા | ૧૩ |
| ૨. | ના | ૩૮ |
| ૩. | કુલ | ૫૧ |

બધા ઉત્તરદાતા લગ્નની વય ધરાવે છે તેમાંથી ૧૩ ઉત્તરદાતાએ પોતાની પ્રોફાઈલ મેટ્રિમોનિયલ વેબસાઈટ પર મૂકી છે. ભારતીય સમાજમાં હજુ પણ એવી માન્યતા છે કે જે વ્યક્તિ કે કુટુંબને પોતાની જ્ઞાતિ પાત્ર ન મળે પોતાની પ્રોફાઈલ વેબસાઈટ પર મૂકે છે. મધ્યમ વર્ગનાં કુટુંબો હજુ આ પદ્ધતિનો સ્વીકાર કરવામાં સંકોચ અનુભવે છે.

**૨.૪ મેટ્રિમોનિયલ વેબસાઈટ જોઈ છે**

| | |
|---|---|
| નિયમિત | ૦૭ |
| અવારનવાર | ૦૬ |
| ક્યારેક | ૧૬ |
| નથી જોઈ | ૨૨ |
| કુલ | ૫૧ |

યુવાનો કોમ્પ્યુટરનો ઉપયોગ કરતા હોઈ આવી વેબસાઈટ કેટલીક વખત મનોરંજન માટે જુએ છે. ૨૨ ઉત્તરદાતા જણાવે છે કે તેમને જરૂર ન હોય તો આવી વેબસાઈટ જોતા નથી. આવી વેબસાઈટ ન જોવામાં છોકરીઓનું પ્રમાણ વધુ છે. ઉત્તરદાતા મેટ્રિમોનિયલ વેબસાઈટ જુએ છે. પરંતુ જાહેરમાં સ્વીકાર કરવામાં સંકોચ અનુભવે છે અને માહિતી છૂપાવતા હોય તેવું જણાયું છે.

**૨.૫ ઈન્ટરનેટ પર કેટલો સમય ફાળવો છો?**

| ક્રમ | ઉત્તરદાતા | |
|---|---|---|
| ૧ | ૦.૩૦થી ૧ કલાક | ૨૯ |
| ૨ | ૧ કલાકથી વધુ | ૧૨ |
| ૩ | કુલ | ૫૧ |

નિયમિત રીતે ઈન્ટરનેટનો ઉપયોગ કરનાર ઉત્તરદાતામાં ૨૯ ઉત્તરદાતા દરરોજ અડધા કલાકથી વધુ સમય ઈન્ટરનેટ જુએ છે. ૧૨ ઉત્તરદાતા એક કલાકથી વધુ સમય ઈન્ટરનેટ જુએ છે. સરેરાશ ઈન્ટરનેટનો ઉપયોગ અડધા કલાકથી ચાર કલાક સુધી કરે છે.

**૩. સંચાર માધ્યમો વિશેની જાણકારીઃ**

પરંપરાગત ભારતીય સમાજમાં જીવનસાથીની પસંદગી કુટુંબ દ્વારા કરવામાં આવતી હતી. વર્તમાન સમયમાં કુટુંબ સિવાયનાં અન્ય સ્ત્રોત્રો જેવા કે સમાચાર પત્રો, સામયિકો, મેરેજ બ્યુરો, ઓનલાઈન મેટ્રિમોનિયલ સાઈટ, જ્ઞાતિના જીવનસાથી પસંદગીના મેળવડાઓ, જ્ઞાતિનાં, સામાયિકોમાં આવતી લગ્ન વિષયક જાહેર ખબરો વગેરે જીવનસાથી પસંદગીમાં ભૂમિકા ભજવે છે. છેલ્લા દસકામાં ભારતમાં લગ્ન વિષયક જાહેરાતોનું પ્રમાણ વધતું જાય છે. ભારતમાં મેટ્રિમોનિયલ સાઈટની સેવાઓ ઉપલબ્ધ બનતા, તેમજ ફેસબુક, ટ્વીટર, ઓરકૂટ, ગુગલ પ્લસ પર ચેટિંગને કારણે યુવાનોના પરંપરાગત વિચારોમાં પરિવર્તન આવ્યું છે. માતા-પિતા પણ પોતાનાં સંતાનોની પસંદગીને સાથ આપે છે. ભારતમાં મેટ્રિમોનિયલ સાઈટ પર ૨૦ મિલિયન પ્રફાઈલ્સ દર્શાવે છે કે લોકોની ઈન્ટરનેટ તરફથી સૂગ ઓછી થઈ રહી છે. યુવાનો 'Made for Each Other' પાત્રની અપેક્ષા રાખે છે. માતા-પિતા યુવાનોની ઈચ્છાને અનુરૂપ પાત્ર પસંદગી માટે હવે મેટ્રિમોનિયલ સાઈટનો ઉપયોગ કરે છે. વળી, આવી સેવાઓ કોઈ પણ ગામ, પ્રદેશ, શહેર કે અંતરિયાળ ગામોમાં ઉપલબ્ધ છે. આવી સેવાઓને કારણે યુવાનોના વિચારો બદલાયા છે.

**યુવાનોમાં સંચાર માધ્યમો વિશેની જાણકારી**

| માધ્યમો | હા | ના | કુલ |
|---|---|---|---|
| સમાચાર પત્રો | ૩૩ | ૧૮ | ૫૧ |
| સામયિકો | ૨૪ | ૨૭ | ૫૧ |
| મેરેજ બ્યુરો | ૨૧ | ૩૦ | ૫૧ |
| ઈન્ટરનેટ | ૩૮ | ૧૩ | ૫૧ |
| જ્ઞાતિના મેળાવડાઓ | ૧૯ | ૩૨ | ૫૧ |
| જ્ઞાતિના સામયિકો | ૧૮ | ૩૩ | ૫૧ |
| (અન્ય) જીવનસાથી - | | | |
| (પસંદગીના) મેળાવડાઓ | ૦૨ | ૪૯ | ૫૧ |

૩.૧ India Today-૨૦૦૮માં દમયંતિ દત્તા "Metromony: The New Marrige Game" માં કહે છે કે,"ભારતમાં ઉચ્ચ શિક્ષણ પામેલા યુવાનો અને યુવતીઓની બદલાતી જરૂરિયાતોના સંદર્ભમાં ઈન્ટરનેટની Match Making Site ઉપયોગી છે. અભ્યાસમાં જોવા મળે છે કે સૌથી વધુ ૩૮ ઉત્તરદાતા મેટ્રિમોનિયલ વેબસાઈટ વિશે જાણકારી ધરાવે છે ૩૩ ઉત્તરદાતા સમાચાર પત્રોમાં આવતી જાહેરખબર વિશે જાણે છે. સમાચારપત્રોની સરખામણીમાં Internet Dating Origins and Over નો ૧૯૯૦ની આસપાસ ઉપયોગ થવાથી શરૂઆત થઈ. હિન્દીભાષી ઉત્તરદાતા જ્ઞાતિના સામયિકોમાં આવતી લગ્ન વિષયક જાહેરખબર અને જ્ઞાતિના જીવનસાથી મેળાવડાઓ વિશે ઓછી જાણકારી ધરાવે છે. જ્યારે ગુજરાતી ઉત્તરદાતા આ વિશે જાણે છે."

૩.૨ પ્રથમ ઈન્ટરનેટ, સમાચારપત્રો, સામયિકો, મેરેજ બ્યુરો, જ્ઞાતિના મેળાવડાઓ, જ્ઞાતિનાં સામયિકો, અન્ય મેળાવડાઓ વિશે અનુક્રમે જાણકારી જોવા મળે છે.

૩.૩ ઈન્ટરનેટ પર મેટ્રિમોનિયલ વેબસાઈટ જુએ છે કે કેમ? ૨૯ ઉત્તરદાતા કેટલીક વખત મનોરંજન અથવા કુટુંબનાં ભાઈઓ-બહેનો માટે આવી વેબસાઈટ જોઈ છે. જ્યારે ૨૨ ઉત્તરદાતાએ આવી વેબસાઈટ જોઈ નથી. મેટ્રિમોનિયલ વેબસાઈટ કિંમત સાથે અને કિંમત વિના સેવાઓ આપે છે. તેમાં માહિતીની ગોપનીયતા અને સલામતી માટે રજિસ્ટ્રેશન જરૂરી હોય છે.

રજિસ્ટ્રેશન કરાવનાર વ્યક્તિ આવી સેવા લઈ શખે છે. તેથી અન્ય ઉત્તરદાતાએ આ વેબસાઈટ ન જોઈ હોય.

૩.૪ઃ ૫ ઉત્તરદાતાના કુટુંબમાં સમાચારપત્રો, મેટ્રિમોનિયલ વેબસાઈટ, સામયિકોમાં આપાતી લગ્ન વિષયક જાહેરાત દ્વારા લગ્ન કર્યા છે. ૧ વિદ્યાર્થીના પરિવારે પૂછપરછ કરી છે. જ્યારે ૪૫ ઉત્તરદાતાના કુટુંબમાં પરંપરાગત પદ્ધતિથી લગ્ન થયાં છે. જાહેરખબર દ્વારા પાત્ર પસંદગીની પદ્ધતિને માતા-પિતા કે કુટુંબ સ્વીકારે છે, રસ ધરાવે છે, તેનું પ્રમાણ ઓછું છે. યુવાનો નવી પદ્ધતિ ને અપનાવે છે. જ્યારે માતા-પિતા પરંપરાગત પદ્ધતિને સ્વીકારે છે. લગ્નમાં અંતિમ નિર્ણય માતા-પિતા કરતા હોવાથી નવી પદ્ધતિના ભયસ્થાનોને કારણે નવી પદ્ધતિને અપનાવતા ડરે છે.

૩.૫ઃ સંચાર માધ્યમોમાં લગ્નવિષયક જાહેરખબરોમાં મૂકવામાં આવતી માહિતી અપૂરતી હોય છે તેવું ૩૦ ઉત્તરદાતા માને છે. ૨૧ ઉત્તરદાતાને આ માહિતીથી સંતોષ છે.

૩.૬ઃ જાહેરખબરમાં મૂકવામાં આવતી માહિતી વિશ્વસનીય હોય છે તેવું ૧૫ ઉત્તરદાતા માને છે. ૨૭ ઉત્તરદાતા મહદ્ અંશે વિશ્વસનીય હોવાનું માને છે અને ૮ ઉત્તરદાતાની દૃષ્ટિએ આ માહિતી અવિશ્વસનીય હોય છે.

**૩.૭ કઈ માહિતી શંકાસ્પદ લાગે છે?**

| ક્રમ | માહિતી | ગુણ |
|---|---|---|
| ૧. | આવક | ૨૪ |
| ૨. | દેખાવ, વય | ૨૩ |
| ૩. | સામાજિક પ્રતિષ્ઠા | ૧૬ |
| ૪. | લગ્ન વિષયક દરજ્જો | ૧૬ |
| ૫. | પારિવારિક બાબતો | ૧૫ |
| ૬. | વ્યવસાય | ૧૪ |
| ૭. | જ્ઞાતિ | ૦૯ |

૫૦% ઉત્તરદાતાને આર્થિક બાબતો શંકાસ્પદ લાગે છે. દેખાવ, વેબસાઈટ પર મૂકવામાં આવતા ફોટોગ્રાફ અને વાસ્તવિક દેખાવમાં કેટલીક વખત તફાવત હોય છે. ઉંમર ઘણી વખત ખોટી દર્શાવવામાં આવે છે. ભારતીય સમાજમાં એવી માન્યતા છે કે પોતાની જ્ઞાતિમાંથી યોગ્ય પાત્ર ન મળે તેવા કુટુંબો જાહેરખબરો આપે છે. સામાજિક રીતે પ્રતિષ્ઠિત કુટુંબને પોતાના સમાજમાંથી સહેલાઈથી પાત્ર મળી રહે છે તો જાહેરખબર આપવાની જરૂર હોતી નથી. પરણિત વ્યક્તિઓ સ્ટેટસમાં અપરણીત દર્શાવે છે. વિધવા, ત્યક્તા, છૂટાછેડા લીધેલી વ્યક્તિ પોતાનું સાચું સ્ટેટસ દર્શાવતી નથી. વ્યવસાય અને આવકમાં ખોટી માહિતી દર્શાવવામાં આવે છે. જ્ઞાતિ-પેટાજ્ઞાતિને વ્યક્તિ લાંબો સમય છૂપાવી શકતી નથી.

**૪. જીવનસાથી પસંદગી વિશે વિદ્યાર્થીઓના અભિપ્રાયોઃ**

શ્રીનિવાસ જણાવે છે કે ''ભારતના બુદ્ધિજીવીઓના બે ચહેરા છે. એક ચહેરો પોતાના સમાજની તરફ રાખ્યો છે અને બીજો પશ્ચિમી સમાજ તરફ રાખ્યો છે.'' ભારતના લોકો બાહ્ય જીવનમાં સાધારણ આધુનિક છે. પરંતુ વ્યક્તિગત જીવનમાં પરંપરાવાદી છે. અભ્યાસના આ યુવાનોના વિચારો બાહ્ય જીવનમાં આધુનિક છે. પરંતુ આંતરિક જીવનમાં પરંપરાવાદી છે.

૪.૧ઃ જીવનસાથીની પસંદગી કોનો અધિકાર છે? ૪૪ ઉત્તરદાતાએ કુટુંબનો અને ૭ ઉત્તરદાતા પોતાનો અધિકાર માને છે. જીવનસાથીની પસંદગીમાં વ્યક્તિનું શિક્ષણ, વ્યવસાય, કુટુંબ, સામાજિક પ્રતિષ્ઠા, ગુણોને જોવામાં આવે છે. ઉચ્ચ શિક્ષણ, વ્યવસાય, આવક, સ્વતંત્ર આવક ધરાવતા યુવાનોને સ્વપસંદગીની તક મળે છે. પરંતુ મધ્યમ વર્ગનાં સંતાનોને કુટુંબની પસંદગીને આધારે પાત્ર પસંદગી કરવી પડે છે. જીવનસાથીની પસંદગી પોતાનો અંગત નિર્ણય છે. તેવા સ્વપસંદગીનો અભિપ્રાય ધરાવતા વિદ્યાર્થીઓનું પ્રમાણ ઓછું છે.

૪.૨ઃ Robert H. Lauser & Jentle c. Lauser 'Marrige and Family'માં જણાવે છે કે, ''સામાન્ય રીતે એવું જોવા મળે છે કે સ્ત્રી અને પુરુષ બંનેને તેમનો જીવનસાથી બીજા કરતાં અલગ દેખાય તેવું ગમે. સમાજ અને વિશ્વમાં આવું સાર્વત્રિક છે. પુરુષને તેની પત્ની સુંદર અને આકર્ષિક હોય તેવું ગમે

છે. સ્ત્રીને તેની સારી સંભાળ રાખી શકે તેવો આર્થિક રીતે સંપન્ન પુરુષ ગમે છે. પુરુષ પ્રધાન સમાજમાં આ સ્વાભાવિક છે. સ્ત્રી આર્થિક રીતે સલામતી માટે ચિંતિત હોય છે. પુરુષ તેની કિંમત ચૂકવે છે. આવા સંબંધો સમાન સ્તરના હોય તો જ ટકી શકે છે. લોકોને પોતાના જીવનસાથીમાં સમાન સ્તરના ગુણ હોય તો જ સંતોષ મળે છે.'' વિદ્યાર્થીઓના અભિપ્રાયો આ સાથે ઘણું સામ્ય ધરાવે છે.

**૪.૩ઃ યુવકોની દૃષ્ટિએઃ**

યુવકોની દૃષ્ટિએ તેમને કેવી જીવનસાથી ગમે?

૧. યુવાનોની દૃષ્ટિએ તેમની સાથી શિક્ષિત ૯૭% (૩૮), દેખાવ ૮૯% (૩૫), બદ્ધિશાળી ૮૭% (૩૪) મિલનસાર, ધાર્મિક અને જ્ઞાતિની ૮૫.૫૫% (૩૨) સાથે હોય અને પ્રથમ ક્રમ આપે છે.

૨. કુટુંબનો ૭૪.૩૬% સાથે (૩૪) બીજો ક્રમ ધરાવે છે.

૩. કુંડળીને ૩૬% (૨૫), રસોઈ અને બાળસંભાળને ૫૧.૨૮% (૧૮), વ્યવસાયને ૪૩.૫૯% (૧૭) આવક અને મહત્વકાંક્ષાને ૩૫.૯૦% (૧૨) વિદેશને ૨૮.૧૨% (૧૧) ત્રીજા ક્રમે મહત્ત્વ આપે છે.

**૪.૪ઃ યુવતીઓની દૃષ્ટિએઃ**

**યુવતીઓની દૃષ્ટિએ તેમને કેવો જીવનસાથી ગમે ?**

૧. યુવતીઓ તેમનો જીવનસાથી શિક્ષિત, સારી આવક ધરાવતો, બુદ્ધિશાળી, મિલનસાર હોવો જોઈએ તેવું ૯૧.૬૭% (૧૧) યુવતીઓ માને છે અને તેને પ્રથમ ક્રમ આપે છે.

૨. વ્યવસાય, કુટુંબ, જ્ઞાતિને ૭૫% (૯) બીજો ક્રમ આપે છે.

૩. કુંડળીને ૫૮.૩૩% (૭), દેખાવ અને આરોગ્ય ૫૦% (૬), કુટુંબનું સામાજિક સ્થાન અને ધર્મ ૪૧.૩૭% (૫) મહત્ત્વાકાંક્ષા અને ગોત્ર ૩૩% (૪) રસોઈ અને બાળસંભાળ ૨૫% (૩) દેશ-વિદેશને ૧૬.૬૭% ત્રીજા ક્રમે આપે છે.

યુવાનો અને યુવતીઓ બન્ને જીવનસાથીના પસંદગીમાં શિક્ષણ, બુદ્ધિક્ષમતા, મિલનસાર સ્વભાવને પ્રથમ સ્થાન આપે છે. Robert H. Lauser & Jentle C. Lauser તેમના અભ્યાસમાં જણાવે છે કે વિશ્વ અને સમાજમાં સુંદર અને આકર્ષક પત્ની હોય તેવું બધાને ગમે છે. અભ્યાસમાં યુવાનો દેખાવને મહત્વ આપે છે. જ્યારે યુવતીઓ શિક્ષણ, આવક, બુદ્ધિ ને પ્રથમ નંબર આપે છે. પરંપરાગત રીતે લગ્ન જ્ઞાતિમાં કરવાં જોઈએ તેથી બીજો ક્રમ આપે છે. આવકને યુવાનો અંતિમ ક્રમ આપે છે અને યુવતીઓ પ્રથમ ક્રમ આપે છે. યુવાનો માટે સુંદરતા પ્રાથમિક છે જ્યારે યુવતીઓ માટે આર્થિક પરિસ્થિતિ પ્રાથમિક છે.

૪.૫ઃ ૨૭ ઉત્તરદાતા માને છે કે પોતે પસંદ કરેલા પાત્રને કુટુંબ સંમતિ આપશે.

૪.૬ઃ ૩૭ ઉત્તરદાતા પાત્ર પસંદગી બાબતે મિત્રો સાથે, ત્યાર પછી માતા અને છેલ્લે પિતા સાથે ચર્ચા-વિચારણા કરે છે. માતા-પિતા અને સંતાનો વચ્ચે ઉંમર તેમજ બે પેઢીનું અંતર જોવા મળે છે. મુક્તપણે પોતાના વિચારોની ચર્ચા-વિચારણા મિત્રો સાથે કરે છે પછી માતા-પિતા સાથે વાતચીત કરે છે.

૪.૭ઃ ઈન્ટરનેટ પર મિત્રો બનાવતા ઉત્તરદાતા સામા પક્ષ તરફથી લગ્ન બાબતે સામેથી પ્રસ્તાવ આવે ત્યારે ૪૧ યુવાનો આ પ્રસ્તાવ માટે વિચારશે, ૧૭ યુવાનો સમય માંગશે તેમ કહે છે. ૭ અસ્વીકાર અથવા મુલત્વી રાખશે તેવું જણાવે છે.

સામા પક્ષ તરફથી પાત્ર પસંદગી કરવામાં આવશે તો પોતાના નિર્ણયને વળગી રહેશે. માતા-પિતાને સમજાવવાનો પ્રયત્ન કરશે. માતા-પિતા અસંમતિ દર્શાવશે તો માતા-પિતાને સમજાવીને તેમની પસંદગી કે ના-પસંદગીને આધારે નિર્ણય કરશે. ઈન્ટરનેટ યુગમાં યુવાનો જીવનસાથી પસંદગી બાબતે બદલાવ ઈચ્છે છે. આજે પણ જીવનસાથીની પસંદગીમાં માતા-પિતાનો નિર્ણય આખરી ગણાય છે. આમ, પરંપરાગત સમાજની માન્યતાથી વિરુદ્ધ જઈ શકતા નથી કે નિર્ણય લઈ શકતા નથી.

૪.૮: ૩૫ ઉત્તરદાતા માને છે કે તેમના માતા-પિતા તેમની પસંદગીને સંમતિ આપશે. ૧૫ ઉત્તરદાતાને માતા-પિતા અસંમતિ આપશે તેવું માને છે. હિન્દીભાષી ઉત્તરદાતાઓમાં પરંપરાગત રિવાજો, રૂઢી, પરીવાર દ્વારા પસંદગી તેમજ દહેજને કારણે માતા-પિતા અસંમતિ દર્શાવશે તેવું માને છે. ગુજરાતી ઉત્તરદાતાના વિચારો પ્રમાણમાં વધુ સ્વતંત્ર અને મુક્ત, ઉદાર જોવા મળે છે.

૪.૯: ૪૫ યુવાનો માને છે કે પોતે કુટુંબની સંમતિથી અને માતા-પિતાની મરજીથી લગ્ન કરશે. સ્વતંત્ર રીતે પોતાના નિર્ણય ને અડગ રીતે વળગી રહેશે તેવા માત્ર છ ઉત્તરદાતા જોવા મળ્યા. યુવાનોને જીવનસાથી પસંદગીમાં સ્વતંત્રતા અને માતા-પિતાની મરજી બંને જોઈએ છે. તેઓ માતા-પિતાની મરજી વિરુદ્ધ જઈ લગ્ન કરવા ઈચ્છતા નથી.

૪.૧૦: યુવાનો ફેસબુક પર મિત્રો બનાવે છે. તેમાંથી વધુમાં વધુ ૨૪૦ અને ઓછામાં ઓછા ૧ મિત્રો બનાવ્યા છે. યુવાનો જાહેરમાં બીજા મિત્રો કે વ્યક્તિ સમક્ષ ફેસબુકના મિત્રોની ચર્ચા કરે છે. યુવતીઓ મિત્રો બાબત બીજી વ્યક્તિ સામે જાહેરમાં સાચી માહિતી રજૂ કરવામાં સંકોચ અનુભવે છે.

૪.૧૧: મૈત્રી કેળવ્યા બાદ તેમને જીવનસાથી તરીકે પસંદ કરશો?૨૩ ઉત્તરદાતા “હા” અને ૨૮ ઉત્તરદાતા “ના” કહે છે. મિત્રમાંથી લગ્ન માટે પાત્ર પસંદગી કરવા બાબતે વિદ્યાર્થીઓની ટકાવારી ઓછી છે. આ સંબંધો માત્ર મિત્રતા સુધી સીમિત રાખવામાં માને છે.

૪.૧૨: આધુનિક સમયમાં લગ્ન વિષયક જાહેર ખબરનો હેતુ શું છે? ઉત્તરદાતાઓએ પોતાના અભિપ્રાયો આ પ્રમાણે આપ્યાઃ

૧. પ્રસાર માધ્યમો પોતાની મરજીથી જીવનસાથી પસંદ કરવાની તક પૂરી પાડે છે.

૨. પોતાની જરૂરિયાત અનુસારનું પાત્ર મળી રહે તે માટે જાહેરાત આપે છે.

૩. ઈન્ટરનેટની સુવિધા છે અને તે ઓછી ખર્ચાળ છે તો તેનો ફાયદો શા માટે ન લેવો.

૪. વિચાર-વિનિમય માટેનું સારું માધ્યમ છે.

૫. લાયકાતવાળું વધુ સારું પાત્ર મળી રહે તે માટે.

૬. વર્તમાન સમયમાં યુવાનો નોકરી અને વ્યવસાયમાં વધુ ધ્યાન આપે છે તેમજ મહત્ત્વાકાંક્ષી હોવાથી ઉંમર વીતી જાય. આ પરિસ્થિતિમાં પાત્ર શોધવા માટે આ માધ્યમોની જરૂરિયાત છે.

૭. પોતાની તેમજ પરિવારની પસંદગી પ્રમાણે પાત્ર મળે.

૮. સમય અને નાણાંનો બચાવ થાય છે. પાત્ર પસંદગી માટે ઘણા વિકલ્પો મળે છે.

૯. સમાજમાંથી ભેદભાવ દૂર કરી શકાય. આ વિશે વડીલોને સમજાવી શકાય.

૧૦. કોઈ વ્યક્તિ પોતાની ખોટી માહિતી મૂકે તો વિશ્વાસઘાત અથવા છેતરપિંડી થવાની શક્યતા રહે છે.

**૫. જીવનસાથી પસંદગી અંગે વિદ્યાર્થીઓની દૃષ્ટિએ તેમના માતા-પિતાના વિચારોઃ**

આધુનિક સમયમાં જીવનસાથી-પસંદગી અંગેની અપેક્ષાઓ બદલાઈ રહી છે. વર્તમાન શહેરી સમાજ, મધ્યમ વર્ગ કે શિક્ષિત કુટુંબમાં સંયુક્ત રીતે જીવનસાથીની પસંદગી કરવામાં આવે છે. સંતાનો દૈનિક જીવનમાં મોબાઈલ અને ઈન્ટરનેટનો ઉપયોગ માતા-પિતાની જાણ સાથે અથવા જાણ બહાર, તેમની હાજરી કે ગેરહાજરીમાં ઘણા લોકો સાથે સંપર્ક કેળવે છે. આવા સંપર્કો કામ પૂરતા, હિત પૂરતા કે મૈત્રી સુધી જ મર્યાદિત રહે છે. તો ક્યારેક લગ્ન સંબંધમાં પરિણમે છે. ભારતીય સમાજમાં માતા-પિતા સંતાનો બાબતે વધુ ઉદાર, સહિષ્ણુ બન્યા છે કે કેમ તે અંગે સંતાનો શું માને છે?

૫.૧: ભવિષ્યમાં પ્રસાર માધ્યમો દ્વારા પાત્ર પસંદગી કરવા માટે તમારો પરિવાર સહયોગ આપશે? યુવાનોમાં સંમતિ અને અસંમતિને સરખા ગુણ મળે છે. યુવા વર્ગ પ્રસાર માધ્યમોના ફાયદા અને ગેરફાયદા વિશેની સમજ ધરાવે છે પરંતુ કુટુંબના સહયોગ બાબતે દ્વિધા અનુભવે છે.

૫.૨: ૩૦ ઉત્તરદાતાઓએ જણાવ્યું કે તેઓના

પરિવારજનો માને છે કે કુટુંબના યુવાનો માટે પ્રસાર માધ્યમો દ્વારા જીવનસાથીની પસંદગી કરી શકાય. આ રીતે પ્રસાર માધ્યમો પ્રત્યેની સૂગ ઓછી થઈ છે અને જાગૃતિ વધી છે. એટલું જ નહીં આજકાલ યુવાનોની સાથે તેના માતા-પિતા એ અંગેની જાણકારી ધરાવતાં થયા છે.

૫.૩ઃ ૩૦ ઉત્તરદાતા કહે છે તેમના મિત્ર વર્તુળ વિશે તેમનો પરિવાર જાણે છે. ૨૧ ઉત્તરદાતાના પરીવારમાં સંતાનોના મિત્રો વિશે જાણકારી નથી.

૫.૪ઃ ૪૩ ઉત્તરદાતાની દૃષ્ટિએ તેમના માતા-પિતાની ભૂમિકા માર્ગદર્શક કે મિત્ર તરીકે હોવી જોઈએ. ૮ ઉત્તરદાતાની દૃષ્ટિએ માતા-પિતા સલાહકાર હોવા જોઈએ. સંતાનોની દૃષ્ટિએ તેમના માતા-પિતા સલાહકાર ઓછા તેમજ મિત્ર કે માર્ગદર્શક વધારે હોવા જોઈએ. સંતાનો અને માતા-પિતાના સંબંધો મિત્રતા ધરાવતા હોવા જોઈએ તેવું નવી પેઢી માને છે. ઉપનિષદ કહે છે કે, 'षोड्श वर्शीय पुत्रे सहमित्र भावे वर्तये'.

**તારણોઃ**

૧. કુલ ઉત્તરદાતામાં ૩૮ ઉત્તરદાતા હિન્દીભાષી રાજ્યોના છે. હિન્દીભાષી ઉત્તરદાતાની સરખામણીમાં ગુજરાતી ઉત્તરદાતાના વિચારો વધુ મુક્ત અને સ્વતંત્ર વિચારો ધરાવે છે.

૨. મોટા ભાગના ઉત્તરદાતા મધ્યમ વર્ગમાંથી આવે છે. કોમ્પ્યુટરની ઉપયોગિતા દૈનિક જીવનમાં જરૂરી હોવાથી ઈન્ટરનેટ વિશે જાણકારી ધરાવે છે.

૩. જે હિન્દીભાષી ઉત્તરદાતાના પરિવાર બેથી ત્રણ પેઢીથી ગુજરાતમાં વસવાટ કરે છે. તે પરિવારો ગુજરાતમાંથી જીવનસાથીની પસંદગી કરે છે. ગુજરાતમાંથી પાત્ર ન મળે તો પોતાનાં રાજ્યોમાંથી પાત્ર માટે શોધ કરે છે. તેઓ માને છે કે હિન્દીભાષી રાજ્યોની સરખામણીમાં ગુજરાત વધુ સ્વતંત્રતા, ઉદાર, મુક્ત વિચારો ધરાવે છે.

૪. હિન્દીભાષી ઉત્તરદાતાને જીવનસાથી પસંદગી મેળવડાઓ, જ્ઞાતિનાં સામયિકોમાં આવતી જાહેરખબરો વિશે જાણકારી નથી. ગુજરાતી ઉત્તરદાતાઓ આ વશે જાણે છે.

૫. મેટ્રિમોનિયલ વેબસાઈટ વિશેની જાણકારી દરેક ઉત્તરદાતાના કુટુંબમાં જોવા મળે છે. જ્યારે પાત્ર પસંદગી માટે હજુ પરંપરાગત પદ્ધતિમાં વિશ્વાસ ધરાવે છે.

૬. જાહેરાતમાં મૂકવામાં આવતી માહિતી કેટલીક વાર છેતરામણી અથવા અવિશ્વસનીય હોય છે. તેમાં ઘણી વખત ઉંમર, આવક, દેખાવની ખોટી માહિતી દર્શાવામાં આવે છે.

૭. જીવનસાથી પસંદગીમાં યુવાનો અને યુવતીઓ બાહ્ય જીવનમાં આધુનિક છે. જ્યારે અંગત જીવનમાં પરંપરાગત વિચારો ધરાવે છે.

૮. ફેસબુક પર મૈત્રી દરમત્યાન સામા પક્ષ તરફથી લગ્ન માટે પ્રસ્તાવ મૂકવામાં આવે તો યુવાનો પોતાના માતા-પિતાની પસંદગીને આધારે જીવનસાથીની પસંદગી કરશે. તેમના પરિવારની વિરુદ્ધ નહી જાય. આમ પરંપરાગત પદ્ધતિની સરખામણીમાં સ્વપસંદગીથી લગ્ન કરવાનું પ્રમાણ ઓછું જોવા મળે છે.

૯. આધુનિક સમયમાં વ્યક્તિગત જરૂરિયાત અનુસાર પાત્ર શોધી આપવામાં ઈન્ટરનેટ સારું માધ્યમ છે. તેમાં પાત્ર પસંદગી માટે ઘણા વિકલ્પો જોવા મળે છે.

૧૦. મોટા ભાગના ઉત્તરદાતાનો પરિવાર યુવાનોના મિત્ર વર્તુળ વિશે જાણકારી ધરાવે છે.

૧૧. યુવાનો માને છે કે તેમનાં માતા-પિતા સલાહકાર ઓછા અને મિત્ર વધુ હોવાં જોઈએ.

**નિષ્કર્ષઃ**

નવી પેઢીના સંબંધોનાં સમીકરણો બદલાઈ રહ્યાં છે. તેમની પોતાની પસંદગી અને માતા-પિતાની મરજી બંને જોઈએ છે. યુવાનોને માતા-પિતા સલાહકાર ઓછા મિત્ર કે માર્ગદર્શન બને તે ગમે છે. માતા-પિતા પણ સંતાનો સાથે રહી ટેક્નોલોજીની જાણકારી મેળવે તો તેનો ફાયદો મેળવી શકે. સંતાનોની પસંદગી, નાપસંદગી જાણી શકે, તો સંતાનો દ્વારા થતી છેતરપિંડી, આત્મહત્યા, છૂટાછેડા, માતા-પિતાની જાણકારી બહારના લગ્નની ઘટનાને અટકાવી શકાય. જે યુવાનો ઉચ્ચ શિક્ષણ કે વ્યવસાયમાં છે તેમને માતા-પિતાની સંમતિ મળે છે. પરંતુ માતા-પિતાની સાથે રહેતા, સામાન્ય

શિક્ષણ, વ્યવસાય કે આવક ધરાવતાં સંતાનોની ઈચ્છાને માતા-પિતા જાણે તો ઘણા પ્રશ્નો હલ થઈ શકે, જ્ઞાતિ દ્વારા થતી ઓનર કિલિંગની ઘટનાને અટકાવી શકાય.

**: સંદર્ભસૂચિ :**


1. એમ. એન. શ્રીનિવાસ, આધુનિક ભારતમાં સામાજિક પરિવર્તન, ગુજરાત યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય (૧૯૭૫), અનુવાદ.
2. મહેન્દ્ર કૃષ્ણલાલ ઝવેરી, 'સામાજિક પરિવર્તન', ગુજરાત યુનિવર્સિટી (૧૯૭૭).
3. Robert H. Lauser & Jenette C. Laufer, 'Marriege and Family', The Quest for Intimacy (forth edition) 2000, U.S. International University, San Diego.
4. સુષ્મા ટી. વાસ્તવ અને વિનીત અગ્રવાલ, 'સમાજમેં મૂલ્યોંકા પરિવર્તન એવમ્ ઉચ્ચ શિક્ષા', (૨૦૦૮).
5. Datta Damyanti: Metromony - The Nating gam' : India Today 2008
6. Marrige website or online metromonial sites.
7. How Has Internet Dating Changed Society? An Indian look on Line? Personal watch.com.2011.
8. Top 10 Social Networking Sites in India (2008 & 2009).
9. http///iv 3502-hubpayes.com/hub/Brief-Hisotry-of-personal-Ads#


❑

**આર્થિક સમાનતાનો અર્થ**

"મારા ખ્યાલ મુજબની આર્થિક સમાનતાનો અર્થ એવો નથી કે દરેકેદરેક જણ સરખી રકમનો ધણી હોય. તેનો અરથ એટલો જ છે કે દરેક સ્ત્રી યા પુરુષને પોતપોતાની જરૂરિયાત મુજબ મળવું જોઈએ... કીડીને કણ જોઈએ અને હાથીને મણ... એટલે આર્થિક સમાનતાનો સાચો અરથ એ છે કે દરેકને પોતાની જરૂર પ્રમાણે મળે... દરેક માણસને પૂરતા પોષણવાળો આહાર, રહેવાનું સુઘડ ઘર, પોતાનાં બાળકો માટે કેળવણી માટે સગવડ અને માંદગી વખતે પૂરતી તબીબી રાહત એ બધું મળવું જોઈએ..કોઈને પોતાની ઓછામાં ઓછી જરૂરિયાતથી કશું વધારે કે ચડિયાતું ન મળવું જોઈએ એવી મનાઈ હું ફરમાવવા નથી માગતો પણ એ બધું ગરીબ વર્ગની પાયાની જરૂરિયાતો પૂરી પડે તે પછી."

**-મહાત્મા ગાંધી** ❑

**ભારતીય બંધારણની જોગવાઈઃ કલમ-૨૩ઃ**

**શોષણ સામેનો અધિકારઃ વેઠ મજૂરી અને મનુષ્યોના વેપાર પર પ્રતિબંધ**

૧. • વેઠ મજૂરી અને તેના જેવી બળજબરીથી કરાવાતી કોઈ પણ પ્રકારની મજૂરી ઉપર તથા મનુષ્યોના વેપાર ઉપર પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.
- આ પ્રતિબંધનો ભંગ કાયદાનુસાર શિક્ષાપાત્ર ગુનો ગણાશે.

૨. • જાહેર હેતુઓ માટે ફરજિયાત સેવા કરાવવાનું કામ રાજ્ય કરી શકે છે.
- એવી સેવા કરાવવામાં રાજ્ય ફક્ત ધર્મ, જાતિ, જ્ઞાતિ, વર્ગને કારણે કશો ભેદભાવ કરી શકશે નહિ.

# ડુંગરી ગરાસિયા આદિવાસીઓની કુટુંબ વ્યવસ્થા

- ડૉ. જયેશ એન. બારોટ

આદિવાસી પ્રજા સમગ્ર ભારતીય સમાજરચનાનું મહત્ત્વનું અંગ છે. તેઓ દેશના સામાન્ય શહેરી અને ગ્રામીણ જનોની એકંદરે પછાત અવસ્થામાં જીવે છે. તેમની સામાજિક, આર્થિક વ્યવસ્થા તથા સાંસ્કૃતિક વ્યવસ્થા વિશિષ્ટ પ્રકારની હોય છે. આદિવાસીઓ તેઓની આગવી જીવનશૈલી, જીવનદૃષ્ટિ અને આગવી સમાજવ્યવસ્થા તથા વિશિષ્ટ સંસ્કૃતિને કારણે અલગ પડે છે. આદિવાસીઓની સામાજિક-સાંસ્કૃતિક વિવિધતા સમાજશાસ્ત્રીઓ અને માનવશાસ્ત્રીઓ માટે એક મહત્ત્વનું અભ્યાસ એકમ બન્યું છે.

ઓગણીસમી સદીના ઉત્તરાર્ધમાં ભારતના આદિવાસી સમાજના માનવશાસ્ત્રીય અભ્યાસનો પ્રારંભ થયો. જો કે, આદિવાસી જીવનના અભ્યાસને વૈજ્ઞાનિક સ્વરૂપ મુંબઈ અને કલકત્તા યુનિવર્સિટીમાં અનુક્રમે ઈ.સ. ૧૯૧૯ અને ઈ.સ. ૧૯૫૦માં માનવશાસ્ત્ર વિભાગની સ્થાપના થઈ ત્યારથી મળ્યું છે. ઈ.સ. ૧૯૫૦ પછી આદિવાસીઓના અભ્યાસને વિશેષ પ્રોત્સાહન મળ્યું છે. અને અનેક અભ્યાસો હાથ ધરાયા છે.

બ્રિટિશ શાસકોએ વહીવટી સગવડતા માટે અને ભારતના આદિવાસીઓની સંખ્યાત્મક માહિતીની જરૂરિયાતના કારણે તેમના સંખ્યાવિષયક અભ્યાસો કર્યા. તેમાં દક્ષિણ ભારત, મધ્યભારત, પૂર્વ ભારત અને ઉત્તર ભારતની વિવિધ આદિવાસી જાતિના અભ્યાસો થયા છે. પરંતુ આ અભ્યાસો આદિવાસી જીવનનો ઉપર છેલ્લો પરિચય આપે છે. આ અભ્યાસોમાં આદિવાસી જીવનને લગતી માહિતી અપૂરતી હતી. આ અભ્યાસો પાછળ કોઈ વૈજ્ઞાનિક દૃષ્ટિ ન હતી.

ઈ.સ. ૧૯૨૦ પછી આદિવાસીઓના વૈજ્ઞાનિક અભ્યાસોની શરૂઆત થઈ. મુંબઈ યુનિવર્સિટીમાં સમાજશાસ્ત્ર અને કલકત્તા યુનિવર્સિટીમાં માનવશાસ્ત્ર વિભાગો શરૂ થયા અને આદિવાસીઓના અભ્યાસને વૈજ્ઞાનિક દૃષ્ટિ મળી. આમ પ્રથમ વાર સંખ્યાવિષયક તથા આદિવાસીઓનાં સ્વતંત્ર અભ્યાસો કરવા તરફ લક્ષ અપાયું. ઈ.સ. ૧૯૪૩ માં ડો. જી. એસ. ધૂર્યેએ ભારતના આદિવાસીઓની સગપણ વ્યવસ્થા, સામાજિક સંગઠન, સામાજિક, ધાર્મિક રિવાજો, લગ્ન, કળા વગેરેનું પૃથક્કરણ કર્યું છે. ડૉ. ડી. એન. મજુમદારે આદિવાસી ઓની અર્થવ્યવસ્થા, લગ્ન, કુટુંબ, રક્તસંબંધો, યુવાગૃહો, સ્ત્રીઓનું સ્થાન વગેરે આદિવાસી સમાજજીવનનાં સમગ્ર પાસાંનું ચિત્ર રજૂ કર્યું છે.

ભારતમાં સભ્ય સમાજથી જુદા પ્રકારની સામાજિક, આર્થિક તથા સાંસ્કૃતિક રીતે વિશિષ્ટ અને અલગતામાં નિવાસ કરતી ૨૧૨ જેટલી આદિ જાતિઓ વસવાટ કરે છે. સામાન્ય રીતે આદિવાસીઓની લગ્ન  કુટુંબ આગવી હોય છે, ધર્મ વ્યવસ્થા જોવા મળે છે. વર્તમાન સમયમાં આદિવાસી કુટુંબ વ્યવસ્થામાં નોંધપાત્ર ફેરફારો થયા છે. ત્યારે સાબરકાંઠાના ડુંગરી ગરાસિયા આદિવાસીઓની કુટુંબ વ્યવસ્થાને ધ્યાનમાં રાખી પ્રસ્તુત અભ્યાસ હાથ ધરવામાં આવ્યો છે.

**અભ્યાસના હેતુઓઃ**

૧. ડુંગરી ગરાસિયા આદિવાસીઓનો પરિચય મેળવવો.

૨. ડુંગરી ગરાસિયા આદિવાસીઓની સામાજિક - આર્થિક પાર્શ્વભૂમિકા તપાસવી.

૩. ડુંગરી ગરાસિયા આદિવાસીઓની કુટુંબ વ્યવસ્થા તપાસવી.

**અભ્યાસની પદ્ધતિઃ**

પ્રસ્તુત અભ્યાસ માટે સાબરકાંઠા જિલ્લાના ભિલોડા તાલુકામાંથી આકસ્મિક નિદર્શન પદ્ધતિ દ્વારા ૨૦૦ ઉત્તરાદાતાઓને પસંદ કરવામાં આવ્યા હતા. કુટુંબના વડાને ઉત્તરદાતા તરીકે પસંદ કરી મુલાકાત અનુસૂચિ દ્વારા માહિતી એકત્ર કરવામાં આવી હતી. અનુભવ, અવલોકનો તથા નિરીક્ષણ પદ્ધતિનો ઉપયોગ સહાયક પદ્ધતિ તરીકે કરવામાં આવ્યો છે.

**આદિવાસીઓનો પરિચયઃ**

ઈમ્પિરિયલ ગેઝેટિયરમાં આદિવાસીની વ્યાખ્યા આપી છે કે આદિવાસી કેટલાંક કુટુંબોનો સમુદાય છે, જે સમાન નામ અને સમાન બોલી ધરાવતું અંતર્વિવાહી જૂથ છે તથા તેઓ સમાન પ્રદેશમાં વસે છે અથવા સમાન પ્રદેશના વતની છે તેવી માન્યતા ધરાવે છે.

**ડૉ.ડી.એન. મુજમદારે** આદિમ જાતિની વ્યાખ્યા આપતાં નોંધ્યું છે કે, ''આદિમ જાતિ એ કુટુંબો અથવા કુટુંબ-જૂથોનું એવું સંકલન છે કે જેને સામાન્ય નામ, ભાષા અને પ્રદેશ હોય છે. આદિમ જાતિના સભ્યો લગ્ન, વ્યવસાય અને ઉદ્યોગોના સંદર્ભમાં કેટલાક નિષેધોનું પાલન કરે છે, તથા એકબીજા પ્રત્યેની ફરજો અને આવકારની વ્યવસ્થિત પદ્ધતિ ધરાવતા જોવા મળે છે.''

આદિવાસી એ નિશ્ચિત પ્રદેશ, નિશ્ચિત નામ, નિશ્ચિત બોલી, નિશ્ચિત સંસ્કૃતિ ધરાવતો સમૂહ છે. રાજકીય અને સામાજિક દષ્ટિએ સ્વાવલંબી સમૂહ છે, તેમજ આર્થિક પ્રવૃત્તિ અને સામાજિક, ધાર્મિક, કૌટુંબિક અને લોહીના સંબંધો દ્વારા ગૂંફિત હોય છે. તેઓમાં વ્યક્તિ સ્વાતંત્ર્ય અને સ્વાર્થની તીવ્ર ભાવના અને પોતાના સમુદાય તથા મુખી પ્રત્યેની વફાદારી જોવા મળે છે. આદિમ જાતિના લોકો લગ્ન, વ્યવસાય વગેરેના સંદર્ભમાં કેટલાંક નિષેધો અને નિયમોનું પાલન કરે છે.

૨૦૦૧માં ગુજરાતમાં આદિવાસીઓની કુલ વસ્તી ૭૪,૮૧,૧૬,૦ છે. તેમાં ૩૯,૯૦,૧૧૭ પુરુષો (૫૦.૬૬%) અને ૩૬,૯૧,૦૪૩ સ્ત્રીઓ (૪૯.૩૪) એટલે કે કુલ વસ્તીના ૧૪.૯૨% જેટલી વસ્તી આદિવાસીઓની છે. તેઓ ગુજરાતના ઉત્તર - પૂર્વ - દક્ષિણ વિસ્તારમાં વસવાટ કરે છે. તેઓ ૨૫ જેટલાં આદિવાસી સમુદાયોમાં વહેંચાયેલાં છે. ૨૦૦૩ પૂર્વે ૨૯ જાતિઓ હતી, પરંતુ ૨૦૦૩ના ભારત સરકારના પરિપત્રથી કચ્છની જાતિઓને બાદ કરવામાં આવી છે. તેથી હવે ૨૫ જાતિઓ આદિવાસી જાતિ તરીકે ઓળખાય છે. આ ૨૫ આદિવાસી જાતિ પૈકી પાંચ જાતિઓ અતિ પછાત છે. તે આદિમ જૂથ (Primitive Tribe) તરીકે ઓળખાય છે. આ પાંચ જાતિઓમાં કોટવાળિયા, કોધલા, કાથોડી, સિદ્દી અને પઢારનો સમાવેશ થાય છે.

સાબરકાંઠા જિલ્લાની અરવલ્લીની ગિરિમાળાઓમાં આદિવાસી વસ્તી પથરાયેલી છે. અહીં મુખ્યત્વે ભીલ, કાથોડી અને નાયકડા મુખ્ય જાતિઓ વસે છે. ભીલોમાં ડુંગરી ગરાસિયા, ભીલ ગરાસિયા, ડુંગરી ભીલોનો સમાવેશ થાય છે. આ જિલ્લામાં સૌથી વધુ વસ્તી ભીલોની છે. આ સિવાય આદિવાસીઓની દૂબળા, ધોડિયા, ગામીત, રાઠવા, ધાનકા, પટેલિયા, કોટવાળિયા, બાવચા, પારધી, પામેલા, ઢોરકોળી, બરડા વગેરે જાતિઓ પણ સાબરકાંઠા જિલ્લામાં જોવા મળે છે. જો કે, તેમની વસ્તી નહિવત્ છે. જિલ્લાની ભીલોની વસ્તી ત્રણ પેટા જૂથોમાં જોવા મળે છેઃ

૧. સોખલા ગરાસિયાની વસ્તી વિજયનગર તાલુકામાં જોવા મળે છે અને તેઓ પોતાને સૌથી ઊંચા માને છે.

૨. ડુંગરી ગરાસિયાઓની વસ્તી ભિલોડા, વિજયનગર અને મેઘરજ તાલુકામાં જોવા મળે છે.

૩. ડુંગરી ભીલોની વસ્તી ખેડબ્રહ્મા તાલુકામાં સૌથી વધુ છે.

આ ત્રણે પેટા જાતિઓ ગોત્ર વ્યવસ્થા ધરાવે છે અને ગોત્રના દેવ કે દેવીને પૂજે છે. વિસ્તારની દષ્ટિએ જોતાં સાબરકાંઠા ગરાસિયા ભીલોની વસ્તી મુખ્યત્વે વિજયનગર અને મેઘરજ તાલુકામાં જોવા મળે છે.

ડુંગરી ગરાસિયા સમાજમાં પરંપરાગત પિતૃસત્તાક, પિતૃવંશી અને પિતૃસ્થાનીય કુટુંબ-વ્યવસ્થા જોવા મળે છે. સમાજમાં સ્ત્રી કરતાં પુરુષ વધારે વર્ચસ્વ ધરાવે છે. સમગ્ર ગરાસિયા સમાજ જુદા જુદા ગોત્રમાં વિભાજિત થયેલો છે અને ગોત્ર બહિર્લગ્ન વ્યવસ્થા ધરાવે છે. દરેક ગામમાં ગ્રામ પંચ અને પ્રદેશ પંચ અને જાતિ પંચ એમ પંચ વ્યવસ્થા જોવા જોવા મળે છે. કૌટુંબિક ઝઘડાથી માંડીને લગ્ન, છૂટાછેડા મિલકત અંગેના ઝઘડા, પુનઃલગ્ન વગેરે ઝઘડાનું સમાધાન કે નિરાકરણ પંચ દ્વારા થાય છે. આ પંચ 'શ્રી ગરાસિયા પંચ' ના નામે ઓળખાય છે.

ડુંગરી ગરાસિયાઓની વસ્તી છૂટીછવાયી ડુંગરો અને ખેતરોમાં એકબીજાથી અલગ અલગ ઘર/ઝૂપડાંમાં વસે છે. તેમના રહેઠાણ યોગ્ય ઘરને 'ખોલરૂ' કહેવામાં આવે છે. કુંટુંબ એ પ્રાથમિક એકમ હોય છે. જીવનની અગત્યની વિધિઓ પ્રસંગે સર્વે સગાં-સબંધીઓ સગપણ અનુસાર પોતપોતાનાં કાર્યો, ફરજો અને અધિકારો ધરાવતાં હોય છે. પિતાને 'બા' કાકાને 'બાબા', કાકીને 'બાબી', ફોઈને 'બુઆ' અને દાદીને 'બાબી' વગેરે સંબોધનો કરે છે. તેને સગાઈ સંબંધસૂચક સંજ્ઞાઓ કહી શકાય. વર્ગસૂચક સંજ્ઞાઓનો ઉપયોગ પણ ગરાસિયાઓમાં જોવા મળે છે. દા.ત. પિતાની ઉંમરના બધા પુરુષોને તેઓ 'બા' કહે છે. અને માતાની ઉંમરની બધી સ્ત્રીઓને તેઓ 'આઈ' કહે છે. જન્મ, લગ્ન અને મૃત્યુ જેવા પ્રસંગોએ એકદમ નજીકનાં સગાંઓને જ નિમંત્રણ આપવામાં આવે છે. બાળકના જન્મ સમયે ફોઈબા અને માસીનું મહત્ત્વ હોય છે. બાળકના જન્મ દ્વારા બંને કુટુંબો વચ્ચેના સંમિલિત સંબંધો વિકાસ પામે છે. બાળકનું નામ મહદ્ અંશે રામાયણ કે મહાભારતનાં પાત્રો તથા અઠવાડિયાના વારના નામને આધારે પાડવામાં આવે છે. દા.ત. સોમલો, મંગો વગેરે.

**આદિવાસી ઉત્તરદાતાઓની સામાજિક - આર્થિક પાર્શ્વભૂમિકાઃ**

પ્રસ્તુત અભ્યાસમાં વિશાળ બહુમતી ઉત્તરદાતાઓ ૭૦ (૩૯.૫%) ૪૦ વર્ષથી નીચેની વય જૂથના હતા. ૧૦૦(૫૦%) ઉત્તરદાતાઓ ૫૦ વર્ષથી ૬૦ વર્ષ સુધીની ઉંમર ધરાવનારા હતા.

અભ્યાસ હેઠળના ઉત્તરદાતાઓની શૈક્ષણિક સ્થિતિના સંદર્ભમાં જાણવા મળ્યું હતું કે, વિશાળ બહુમતી ૧૭૭(૮૮.૫%) ઉત્તરદાતાઓ શિક્ષિત માલૂમ પડ્યા હતા. ફક્ત ૨૩ (૧૧.૫%) ઉત્તરદાતાઓ નિરક્ષર હતા. જેઓ મોટે ભાગે ૬૫થી ૭૦ વર્ષની વય જૂથના હતા. ઉત્તરદાતાઓના કુટુંબમાં શિક્ષણનું પ્રમાણ જોઈએ તો પરંપરાગત આદિવાસી સમાજમાં શિક્ષણની નહિવત્ તકો, પછાત વિસ્તાર, શિક્ષણ પ્રત્યેની જાગૃતિનો અભાવ વગેરેને કારણે શિક્ષણ સંદર્ભે ખાસ વિકાસ જોવા મળતો નથી. મોટા ભાગે પ્રાથમિક કે માધ્યમિક સુધીનું શિક્ષણ જોવા મળ્યું હતું. જે રોજગારી આપી શકે તેમ ન હતું. વર્તમાન સમયમાં શિક્ષણનું પ્રમાણ વધ્યું છે. એટલું જ નહિ પણ ઉચ્ચ શિક્ષણમાં પણ નોંધપાત્ર વધારો થયો છે.

ઉત્તરદાતાઓની વ્યાવસાયિક સ્થિતિ તપાસતાં જણાયું છે કે પચાસ ટકાથી વધારે ઉત્તરદાતાઓ એટલે કે ૧૪૩ (૭૧.૫%) ખેતીના વ્યવસાય સાથે સંકળાયેલાં છે. ૫૫(૨૭.૫%) ઉત્તરદાતાઓ નોકરી કરે છે. નોકરી કરનાર ઉત્તરદાતાઓમાંથી બહુમતી ઉત્તરદાતાઓ પશુપાલન પણ કરે છે. ખેતીનો મુખ્ય વ્યવસાય કરતાં ઉત્તરદાતાઓ પણ ગૌણ વ્યવસાય તરીકે પશુપાલનનો વ્યવસાય કરે છે.

અભ્યાસ હેઠળના ઉત્તરદાતાઓના કુટુંબની આવકના સંદર્ભમાં જોઈએ તો સૌથી વધુ ૮૪ (૪૨%) ઉત્તરદાતાઓ દશ હજારથી પાંચ હજાર સુધીની આવક ધરાવે છે. માત્ર ૮ (૪%) ઉત્તરદાતાઓ રૂ. ૪૫,૦૦૦થી રૂ. ૫૫,૦૦૦ સુધીની આવક મેળવે છે. ૩૭(૧૮.૫%) ઉત્તરદાતાઓના કુટુંબની વાર્ષિક આવક રૂ. એક લાખથી વધુ જોવા મળી હતી. મોટા ભાગે આદિવાસી સમાજમાં નિમ્ન અને મધ્યમ વર્ગનાં કુટુંબો જોવા મળે છે. રૂ. એક લાખથી વધુ આવક ધરાવતાં કુટુંબોમાં એકથી વધુ સભ્યો નોકરી કરે છે તથા સાથે સાથે પશુપાલન અને ખેતી પણ કરે છે.

અભ્યાસ હેઠળના ઉત્તરદાતાઓના કુટુંબના કદ વિશે તપાસતાં જાણવા મળ્યું હતું કે બહુમતી ઉત્તરદાતાઓ ૧૦૫ (૫૨.૫%) નાના કદનું ધરાવે છે. તેમાં સભ્ય સંખ્યાનું પ્રમાણ ૧થી ૪ સભ્યોનું જોવા મળ્યું હતું. જ્યારે ૭૦ (૩૫%) ઉત્તરદાતઓનાં કુટુંબોમાં નવ કે તેથી વધુ સભ્યો જોવા મળ્યા હતા.

અભ્યાસ હેઠળના ઉત્તરદાતાઓના કુટુંબનો પ્રકાર તપાસતાં જાણવા મળ્યું હતું કે બહુમતી ઉત્તરદાતઓ ૧૦૮ (૫૪%) વિભક્ત કુટુંબ ધરાવે છે. જ્યારે ૯૨ (૪૬%) ઉત્તરદાતાઓ સંયુક્ત કુટુંબ ધરાવે છે.

પ્રસ્તુત અભ્યાસ હેઠળના ઉત્તરદાતાઓમાં બહુમતી ઉત્તરદાતાઓ વિભક્ત કુટુંબમાં રહે છે. કુટુંબમાં ફક્ત

બે બાળકો હોવાં જોઈએ તેવો મત ૧૧૨ (૫૬%) ઉત્તરદાતાઓએ વ્યક્ત કર્યો હતો.

**ડુંગરી ગરાસિયાઓની કુટુંબ વ્યવસ્થાઃ**

માનવ સમાજની પાયાગત અને સાર્વત્રિક રીતે જોવા મળતી સંસ્થા તરીકે કુટુંબ મહત્ત્વનું સ્થાન ધરાવે છે. જન્મથી મૃત્યુ સુધી વ્યક્તિ કુટુંબમાં જીવન વ્યતીત કરે છે. આદિવાસી સમાજમાં માતૃસત્તાક અને પિતૃસત્તાક કુટુંબ જોવા મળે છે. આસામના ખાસા, ગારો તેમજ દક્ષિણ ભારતના નાયરો માતૃસત્તાક કુટુંબો ધરાવે છે.

ઓગબર્ન અને નિમકોફની દૃષ્ટિએ બાળકો અથવા બાળકો વિનાનાં પતિ-પત્નીને અથવા કોઈ એક પુરુષ અથવા કોઈ એક સ્ત્રીનાં પોતાનાં જ બાળકો સાથે મહદ્ અંશે સ્થાયી એવા સમૂહને કુટુંબ કહેવામાં આવે છે.


મેકાઈવર અને પેઈજના મત મુજબ કુટુંબ એ મહદ્ અંશે નિશ્ચિત જાતીય સંબંધ  દ્વારા પરિભાષિત એવો એક સમૂહ છે કે જે બાળકોના જન્મ અને પાલન પોષણની વ્યવસ્થા કરે છે.

બર્ગેસ અને લોકના મંતવ્ય મુજબ એક કુટુંબ લગ્ન, રક્ત સબંધ અથવા દત્તક લીધેલા એ સર્વ બંધનોથી સંબંધિત વ્યક્તિઓનો એક એવો સમૂહ છે કે જે એક ગૃહસ્થીનું નિર્માણ કરે છે અને જે એકબીજા વચ્ચે આંતરક્રિયા અને આંતરવ્યવહાર કરતાં પતિ-પત્ની, માતા-પિતા, પુત્ર-પુત્રી અને ભાઈ-બહેનના સ્વરૂપે પોત-પોતાનાં સામાજિક કાર્યો કરે છે અને એક સામાન્ય સંસ્કૃતિ સર્જે છે અને તેનું રક્ષણ કરે છે.

ભારતના આદિવાસીઓમાં મોટા ભાગે પિતૃસત્તાક, પિતૃવંશીય અને પિતૃસ્થાનીય કુટુંબ વ્યવસ્થા જોવા મળે છે. આદિવાસી કુટુંબમાં પિતાની સર્વોપરી સત્તા ગણાય છે. ગુજરાતના આદિવાસીઓમાં પણ પિતૃસત્તાક કુટુંબ વ્યવસ્થા જોવા મળે છે. ભારતના આદિવાસીઓમાં ૩% માતૃસત્તાક કુટુંબ વ્યવસ્થા જોવા મળે છે. (ભારતના પૂર્વ વિસ્તારમાં આસામના 'ખાસી અને ગારો' અને દક્ષિણમાં નાયરો, કાદર, ઈરૂલા અને પલીયન આદિવાસીઓમાં). સંશોધકના સંશોધન ક્ષેત્રના ડુંગરી ભીલોમાં પિતૃસત્તાક, પિતૃવંશીય અને પિતૃસ્થાનીય કુટુંબ વ્યવસ્થા અસ્તિત્વ ધરાવે છે. અભ્યાસ ક્ષેત્રના આદિવાસી સમાજમાં કુટુંબના પ્રકાર નીચે મુજબ છેઃ

આલેખ નં. ૧ ઉપરથી જોઈ શકાય છે કે પ્રસ્તુત અભ્યાસ હેઠળના ૧૦૮ (૫૪%) ઉત્તરદાતાઓ વિભક્ત કુટુંબમાં રહે છે અને ૯૨(૪૬%) ઉત્તરદાતાઓ સંયુક્ત કુટુંબમાં વસવાટ કરે છે. ક્યા પ્રકારનું કુટુંબ યોગ્ય છે એવા પ્રશ્નના જવાબમાં ૧૧૦ (૫૫%) ઉત્તરદાતાઓ સંયુક્ત કુટુંબને વધારે યોગ્ય ગણે છે. ૯૦ (૪૫%) ઉત્તરદાતાઓ વિભક્ત કુટુંબને યોગ્ય માને છે. આ અભ્યાસ પરથી કહી શકાય  કે આદિવાસી ડુંગરી ભીલો

**આલેખ/આકૃતિ નં.૧**
**ઉત્તરદાતાઓના કુટુંબના પ્રકાર**



સંયુક્ત કુટુંબને વધુ યોગ્ય ગણતા હોવા છતાં વ્યક્તિવાદી વિચારસણી સ્વતંત્રતા, આધુનિકીકરણ, પશ્ચિમીકરણ, ખ્રિસ્તીકરણ, શિક્ષણ, સ્થળાંતર, વ્યાવસાયિક ગતિશીલતાના પરિણામે અભ્યાસ હેઠળના આદિવાસીઓમાં વિભક્ત વસવાટનું પ્રમાણ વધુ જોવા મળે છે. મોટે ભાગે યુવાનો લગ્ન પછી સ્વતંત્ર રહેઠાણ ઉભું કરે છે અને વિભક્ત રહેવાનું પસંદ કરે છે. નોંધનીય બાબત છે કે બહારગામ રહેતા કુટુંબના સભ્યો પ્રસંગોપાત કે તહેવારોમાં ખાસ વતનમાં આવે છે અને કુટુંબ સાથે રહે છે. સામાન્ય રીતે યુવાન પતિ-પત્ની અને તેમના અપરણિત બાળકો વિભક્ત વસવાટમાં રહેતા હોવાથી અગાઉ આવાં કુટુંબોમાં રહેતા વૃદ્ધો નિઃસહાય અને લાચાર પરિસ્થિતિમાં જીવનના શેષ વર્ષો પસાર કરી રહ્યા હોવાનું જાણવા મળ્યું હતું.

કુટુંબની સભ્ય સંખ્યા ઉત્તરદાતાઓના સામાજિક પાસાને રજૂ કરે છે. કુટુંબના કદનો આધાર શિક્ષણ, સામાજિક માન્યતાઓ, વ્યવસાય, આર્થિક પરિસ્થિતી વગેરે બાબતો પર રહેલો છે. પ્રસ્તુત અભ્યાસ હેઠળના ઉત્તરદાતાઓના કુટુંબની સભ્ય સંખ્યા અંગે માહિતી મેળવવામાં આવી હતી. તેના આધારે કુટુંબોના કદને ત્રણ પ્રકારે વહેંચી શકાયઃ


૧. નાના કદનાં કુટુંબ, ૨. મધ્યમ કદનાં કુટુંબ

૩. મોટા કદનાં કુટુંબ

તે નીચેના આકૃતિ નં.૨ માં રજૂ કરવામાં આવ્યાં છે.

પ્રસ્તુત અભ્યાસ હેઠળના ઉત્તરદાતાઓના કુટુંબના કદ અને સભ્ય સંખ્યાના આધારે જોઈએ તો નાના કદનાં કુટુંબો એટલે કે બેથી ચાર સભ્ય સંખ્યા ધરાવતા ૧૦૫ (૫૨.૫%) કુટુંબો જોવા મળે છે. મધ્યમ કદનાં કુટુંબો એટલે કે પાંચથી સાત સભ્ય સંખ્યા ધરાવતા ૭૦ (૩૫%) કુટુંબો છે. મોટા કદનાં કુટુંબો એટલે કે આઠથી વધારે સભ્ય સંખ્યા ધરાવતાં ૨૫(૧૨.૫%) કુટુંબો જોવા મળ્યાં છે. આદિવાસીઓમાં શિક્ષણ અને નોકરીના કારણે સામાજિક, ધાર્મિક ખોટી માન્યતાઓ દૂર થઈ છે. પ્રસ્તુત અભ્યાસમાં ૫૨.૫% કુટુંબો નાના કદના એટલે કે બેથી ચાર સભ્ય સંખ્યા ધરાવતા જણાયાં હતાં. આ અંગે વિગતે તપાસ કરતાં જાણવા મળ્યું હતું કે બહુમતી ઉત્તરદાતાઓ વિભક્ત કુટુંબો ધરાવે છે. યુવાન દંપતીઓએ કુટુંબ નિયોજનની તેમને અનુકૂળ પદ્ધતિ અપનાવી હોવાના કારણે તેમના કુટુંબનું કદ મર્યાદિત જોવા મળે છે. અહીં નોંધપાત્ર બાબત એ જોવા મળી કે શિક્ષિત દંપતીઓમાં નાના કુટુંબનું વલણ સ્પષ્ટ જોઈ શકાય છે જ્યારે પરંપરાગત વ્યવસાય કરતાં નિરક્ષર કુટુંબોમાં સભ્યોની સંખ્યા વધારે જણાય છે. આવાં દંપતીઓ કુટુંબ નિયોજન સ્વીકારવા અંગે કઈક અંશે ઉદાસીન જણાયા હતા.

**આલેખ/આકૃતિ નં.૨**
**ઉત્તરદાતાઓના કુટુંબનું કદ**



વર્તમાન સમયમાં કુટુંબના સભ્યો વચ્ચેના સબંધોમાં નોંધપાત્ર પરિવર્તનો આવ્યાં છે તેમ ૧૬૦ ઉત્તરદાતાઓએ જણાવ્યું હતું. વડીલો અને સંતાનો વચ્ચેના માન - મર્યાદાવાળા સંબંધો ફીક્કા પડતા જાય છે. સ્થળાંતર, વ્યક્તિવાદી વિચારસણી, સ્વાતંત્ર્ય, સંસ્કૃતિકરણ, પશ્ચિમીકરણ વગેરેને કારણે કુટુંબના પરંપરાગત ભાવાત્મક પાયામાં ઊણપ આવતી જણાય છે.

કુટુંબના સભ્યો વચ્ચે આવકની અસમાનતા, વ્યક્તિવાદ વગેરેને કારણે કુટુંબમાં વિખવાદ અને અલગતા ઊભી થાય છે તેમ ૧૪૦ ઉત્તરદાતાઓએ જણાવ્યું હતું. કેટલીક વખત વારસાગત મિલકતની વહેંચણી બાબતે કુટુંબના સભ્યો વચ્ચે ઉગ્ર સંઘર્ષ પણ જોવા મળે છે. પરિણામ સ્વરૂપે કુટુંબ પ્રત્યેની પ્રણાલીગત જવાબદારી, ફરજ અને હૂંફની લાગણી નબળી પડવા લાગી છે. મિલકતની અવિભાજ્યતા તૂટવા લાગી છે. બહુમતી ઉત્તરદાતાઓએ જણાવ્યું હતું કે યુવાન પુત્ર લગ્ન પછી પોતાની મિલકતનો હિસ્સો લઈ અલગ વસવાટ કરે છે.

કુટુંબના સભ્યો વચ્ચેના સત્તા અને તાબેદારીના સંબંધોમાં નોંધપાત્ર પરિવર્તન આવ્યું છે. ખાસ કરીને પુત્ર અને પરણિત સંતાનો ઉપર કુટુંબના વડાનું કે પિતાનું પ્રભુત્વ ઘટ્યું છે. સાથે સાથે નાનો ભાઈ-મોટા ભાઈ, જેઠાણી-દેરાણી, સાસુ-વહુ વગેરે વચ્ચેના સત્તા અને તાબેદારીના સંબંધોનું મહત્વ ઘટ્યું છે અને વિસંવાદિતા વધવા લાગી છે, પરિણામે કૌટુંબિક સંગઠન અને એકતા નબળી પડવા લાગ્યાં છે તેમ ૧૩૦ ઉત્તરદાતાઓએ જણાવ્યું હતું. પરંપરાગત આદિવાસી કુટુંબ ઉત્પાદનનું એકમ હતું તેમાં નોંધપાત્ર બદલાવ આવ્યો છે.

કુટુંબ એક સામાજિક સંસ્થા છે. તે માનવીએ ઊભી કરેલી સાંસ્કૃતિક પેદાશ છે. માનવજીવનમાં કુટુંબનું સ્થાન મહત્ત્વનું ગણાય છે. કુટુંબ એટલે સમાજ માન્ય ધોરણો પ્રમાણે લગ્નસંબંધથી બાળકના જન્મને કાયદેસરતા આપનારુ જૂથ છે. કુટુંબ સમાજીકરણનું કાર્ય કરે છે. તે સમાજ તથા સંસ્કૃતિનું મહત્ત્વનું એકમ છે. સમાજની વિભિન્નતાના પરિણામે સામાજિક-સાંસ્કૃતિક મૂલ્યોમાં પણ વિવિધતા હોવાથી કુટુંબવ્યવસ્થાની રચના અને કાર્યમાં પણ વિવિધતા જોવા મળે છે. ❑

**ભારતીય બંધારણની જોગવાઈઃ કલમ-૩૯ઃ રાજ્યે પાલન કરવાના કેટલાક નીતિગત સિદ્ધાંતો**

**રાજ્ય, ખાસ કરીને, નીચેની બાબતો સિદ્ધ કરવા માટેની નીતિ અપનાવશેઃ**

(એ) સ્ત્રીઓ અને પુરુષોને સમાન રીતે નાગરિકો તરીકે આજીવિકાનું પૂરતું સાધન મેળવવાનો હક મળે.

(બી) સમાજની ભૌતિક સાધનસામગ્રીની માલિકી અને નિયંત્રણનું વિતરણ લોકહિત ઉત્તમ રીતે સધાય તે રીતે થાય.

(સી) અર્થતંત્રનું સંચાલન, સંપત્તિ અને ઉત્પાદનનાં સાધનોની જમાવટ લોકહિતને નુકસાન કરે તે રીતે ન થાય.

(ડી) સ્ત્રીઓ અને પુરુષોને સરખા કામ માટે સરખો પગાર મળે.

(ઈ)
- પુરુષ અને સ્ત્રી કામદારોનાં આરોગ્ય અને શક્તિનો અને બાળકોની કુમળી વયનો દુરુપયોગ ના થાય.
- નાગરિકોને આર્થિક જરૂરિયાતને કારણે તેમની વય કે શક્તિને માફક ન હોય તેવી રોજગારીમાં પડવું ન પડે.

(એફ)
- બાળકોને સ્વસ્થ રીતે અને સ્વાતંત્ર્ય તથા ગૌરવભરી સ્થિતિમાં વિકસવાની તકો અને સગવડો આપવામાં આવે.
- બાળકો અને કિશોરોને શોષણ સામે અને તેમની નૈતિક તથા આર્થિક ઉપેક્ષા સામે રક્ષણ મળે.

# સૌરાષ્ટ્રના આહીર સમાજની લગ્નસંસ્થામાં આવેલું પરિવર્તન

-ડૉ પારૂલ જોશી વૈષ્ણવ

**પ્રસ્તાવનાઃ**

સમાજ પ્રાકૃતિક રૂપે ગતિશીલ છે. આથી આદિવાસી સમાજ, ગ્રામીણ સમાજ કે ઔદ્યોગિક આધુનિક શહેરી સમાજ હોય, તેમાં ધીમે ધીમે કે તીવ્ર ગતિએ પરિવર્તન આવે છે. સ્વતંત્રતા બાદ ભારતીય સમાજમાં પરંપરાગત મૂલ્યોમાં કેટલાંક પરિવર્તનો આવતાં તેમની અસર લગ્નસંસ્થા ઉપર પણ પડી છે. પરિણામે વર્તમાન સમયમાં લગ્નસંસ્થામાં ઘણાં પરિવર્તનો આવેલાં જોઈ શકાય છે. જેમકે, બિન-સાંપ્રદાયિકતા અને વ્યક્તિવાદી વલણોના કારણે લગ્ન સાથે સંકળાયેલાં પરંપરાગત આધ્યાત્મિક મૂલ્યોમાં પરિવર્તન આવ્યું છે. હિન્દુ લગ્ન સંસ્કારમાંથી કરાર તરફ જઈ રહ્યું છે. પુરુષ માટે ૨૧ વર્ષ અને સ્ત્રીઓનાં ૧૮ વર્ષ પૂર્ણ થયેલાં હોવાં જોઈએ, એવી કાનૂની જોગવાઈ કરવામાં આવી હોવાથી લગ્નવય ઊંચી આવતી જાય છે. લગ્ન સાથીની પસંદગીનાં ધોરણોમાં પરિવર્તન આવ્યું છે. લગ્ન વ્યક્તિગત પ્રશ્ન બન્યો છે. માતા-પિતા પુખ્ત વયે પહોંચેલા પોતાના સંતાનનું લગ્ન ગોઠવતાં પહેલાં તેમની ઈચ્છા જાણે છે. લગ્નસાથીની વ્યક્તિગત લાયકાતો વધારે મહત્ત્વની ગણાવા લાગી છે, કૌટુંબિક વિશેષતાને ઓછું મહત્ત્વ આપવામાં આવે છે. ૧૯૫૪નો સ્પેશ્યલ મેરેજ એક્ટ અને ૧૯૫૫નો હિન્દુ લગ્નનો કાયદો આંતરજ્ઞાતીય લગ્નને માન્યતા આપે છે. આથી હવે વિવિધ સમાજોમાં આંતરજ્ઞાતીય લગ્ન શક્ય બન્યાં છે. તથા હિંદુ સમાજમાં બહુપતિ અને બહુપત્ની લગ્નનો અંત આવ્યો છે. આમ, આધુનિક યુગમાં વિવિધ પરિબળો અને પ્રક્રિયાઓએ હિન્દુ લગ્નનું પરંપરાગત સ્વરૂપ બદલવામાં ગુજરાતમાં જ નહીં, સમગ્ર દેશમાં પણ મહત્ત્વનો ફાળો આપ્યો છે. એ જ રીતે સૌરાષ્ટ્રનાં આહીર સમાજમાં સામાજિક, આર્થિક પરિવર્તન આવતાં તેમની લગ્ન સંસ્થામાં પણ વ્યાપક પરિવર્તન આવેલું જોવા મળે છે.

ગુજરાતમાં આહીરોની મોટા ભાગની વસ્તી સૌરાષ્ટ્રમાં નિવાસ કરે છે. અહીંની વિસ્તારમાં નહી, જંગલ તથા પશુઓ માટે ઘાસચારો ઉપલબ્ધ હોવાને કારણે તથા આહીર પશુપાલક જાતિ હોવાને કારણે અહીં વસ્યા હશે. સૌરાષ્ટ્રમાં તેમની વસ્તી જૂનાગઢ, રાજકોટ, ભાવનગર, અમરેલી, જામનગર, સુરેન્દ્રનગર વગેરે જિલ્લામાં વિશેષ જોવા મળે છે. આથી ''આહીર સમાજનું સાંસ્કૃતિક જીવન અને પરિવર્તન'' વિષય પરનો મારો - પીએચ.ડી.નો અભ્યાસ (૧૯૮૭-૧૯૮૯) પૂર્ણ કરેલ ત્યારે આ જિલ્લાની પસંદગી કરવામાં આવી. સૌરાષ્ટ્રમાં વસતા આહીરોની મુખ્ય નવ ઉપજાતિ - મચ્છોયા, પંચોળી, વણાંકી, સોરઠિયા, કામળિયા, બોરિયા, વણાર, નદોરા તથા વાગડિયા છે. તેઓ ઉપરોક્ત જિલ્લાના વિભિન્ન તાલુકા તથા ગામમાં વસે છે. આહીરોની ઉપજાતિની વસ્તી જે ગામોમાં વિશેષ હતી, તેવાં ગામો અનુક્રમે ખોરાસા, દેવચડી, કુંભારિયા, પાતાપુર, વડાલ, રાજકોટ, ભમર, હડમતિયા તથા કરદેજ ને અભ્યાસના વિસ્તાર માટે પસંદ કરેલ.

આહીર સમાજની માહિતી મેળવવા ગૌણ સ્ત્રોત માટે ગ્રંથાલયનો ઉપયોગ કરેલ છે. પ્રાથમિક સ્ત્રોતનો ઉપયોગ કરી વિષય સંબંધી માહિતી સંબંધિત ક્ષેત્રમાં જઈને લોકોને મળીને અર્થાત્ ક્ષેત્રકાર્ય દ્વારા એકત્ર કરવામાં આવી છે, તેમાં નિરીક્ષણ, મુલાકાત, અનુસૂચિ, વ્યક્તિતપાસ પદ્ધતિ વગેરેનો ઉપયોગ કરેલ છે.

**આહીર સમાજ જીવનનો પરિચયઃ**

આહીરો એક પ્રાચીન અને ઐતિહાસિક જાતિ છે સૌરાષ્ટ્રમાં આહીરો પોતાને શ્રીકૃષ્ણના વંશજ માને છે. ધાર્મિક ગ્રંથોમાં કૃષ્ણની સાથે આહીર-ગોપ વગેરેનો ઉલ્લેખ વારંવાર થયો છે. કેટલાક ધર્મગ્રંથો 'રામચરિતમાનસ'માં આહીરોનું 'કોલ-કિરાત' વગેરે વન્ય જાતિઓની સાથે પણ વર્ણન કરવામાં આવેલું છે. પુરાણોમાં પણ આહીરોને આદિવાસી કહેવામાં આવેલ છે. કવિ રસખાને અહીર કન્યાનો ઉલ્લેખ કરેલ છે. અર્થાત્ કૃષ્ણના સમયમાં આહીર આર્યોની એક જાતિ

હતી. સમુદ્રગુપ્તના અલ્લાહાબાદ અને નાસિકના શિલાલેખ અનુસાર આહીર શાસક પણ થયા હતા. અર્થાત્ આહીર જાતિના સંસ્કૃતિકરણનાં ફળ સ્વરૂપે તેમનું આદિવાસી શુદ્ર, ક્ષત્રિય વર્ણોમાં ક્રમશઃ પ્રતિસ્થાપન થયું. આથી તેમના સામાજિક, આર્થિક તથા સાંસ્કૃતિક જીવનમાં ઘણું પરિવર્તન આવ્યું છે. જેમકે રામાયણકાળમાં આહીરો આદિવાસી જાતિ, દ્વાપરયુગમાં ગોપાલક પશુપાલક જાતિ તરીકેનો ઉલ્લેખ છે. વર્તમાનમાં તેમનો મુખ્ય વ્યવસાય ખેતી તથા ગૌણ વ્યવસાય પશુપાલનનો છે. ઘણા શિક્ષિત લોકો અન્ય વ્યવસાય તથા નોકરી પણ કરે છે. ૧૯૯૧માં તેઓની સૌરાષ્ટ્રમાં વસતી ૩,૩૭,૧૨૨ હતી. આહીરોનાં કોઈ ગામ નથી. સૌરાષ્ટ્રનાં સામાન્ય ગામોમાં જેમ અન્ય જ્ઞાતિના લોકો નિવાસ કરે છે તેમ આહીરો વસે છે. તેમનાં ઘરો કાચાં માટી તેમજ પાકાં ઘરો પથ્થર કે ઈંટનાં બનેલાં હોય છે. વેશભૂષામાં પુરુષો મુખ્યત્વે ચોરણી, કેડિયું, પાઘડી, કાનમાં ઠોળિયા, કોકરવા, હાથમાં કરડાં, ડોકમાં સોનાનાં ગંઠા, કેડમાં કંદોરો પહેરે છે. સ્ત્રીઓ ઝીણા ઊનનું ઓઢણું કે પછેડી પહેરણાં તથા વિવિધ રંગના કિનખાબ ભરેલાં કાપડાં પહેરે છે. તેઓ ગળામાં આભૂષણો જેવાં કે હાર, દોરા કે કટેહરી જુમણ કે સોનિયો, કાનમાં વેઢલાં, ટોટિયું, નાકનાં નથ, દાણો (ચૂંક), હાથમાં ચૂડલી કે બલોયા અને પગમાં કાંબિયું - કડલાં પહેરે છે. આહીરોનો મુખ્ય ખોરાક બાજરાના રોટલા, શાક, દૂધ, માખણ, છાશ, ડુંગળી છે.

જીવનચક્રના વિભિન્ન સંસ્કાર જન્મ, લગ્ન, મૃત્યુ વગેરે સૌરાષ્ટ્રની અન્ય જાતિઓની જેમ જ છે. પરંતુ તેઓમાં સગાઈ નાની ઉંમરમાં કરી દેવામાં આવતી, લગ્ન પણ બાળપણમાં કરવામાં આવતા પરંતુ વર્તમાનમાં આ પ્રથામાં પરિવર્તન આવ્યું છે. હવે પુરુષોની લગ્ન ૨૧થી ૨૬ વર્ષની વયમાં તથા સ્ત્રીઓના લગ્ન ૧૮થી ૨૪ વર્ષની વયમાં કરી દેવામાં આવે છે. તેઓમાં મામા-ફઈનાં સંતાનોના લગ્નને પ્રાથમિકતા આપવામાં આવે છે. આહીરોમાં વધુધન લગ્ન, સાટાં લગ્ન, સેવા લગ્ન, દિયરવટું, સાળીવટું, વિધવા પુનર્લગ્ન (ઘરઘણું) જેવી પ્રથાઓ જોવા મળે છે. સૌરાષ્ટ્રમાં આહીરોના મુખ્યત્વે ૧૧ પેટા વિભાગો છે. જે તે વિસ્તારના નામ ઉપરથી ત્યાં વસતા આહીરોની પેટા જાતિનાં નામ પડ્યાં છે. આહીરોની પેટા જ્ઞાતિ, પૂર્વજોનાં નામ, કુળદેવી તથા વિસ્તારનાં નામ ઉપરથી વિભિન્ન શાખો (કુળ)માં વહેંચાયેલી છે. પ્રત્યેક શાખની અલગ અલગ કુળદેવી હોય છે. એક જ શાખાનાં સ્ત્રી-પુરુષનાં પરસ્પર લગ્ન થતાં નથી. કારણ કે એક જ પૂર્વજમાં સંતાન હોવાને કારણે ભાઈ-બહેન માનવામાં આવે છે. જ્ઞાતિ પંચાયત તેઓમાં જોવા મળે છે. જે ગામ, તાલુકા તથા જ્ઞાતિ-કક્ષાએ હોય છે.

આહીર જ્ઞાતિના લોકો બહુ-દેવત્વવાદમાં માને છે. તેઓમાં દેવી-દેવતાને ત્રણ વિભાગોમાં વહેંચી શકાયઃ (૧) કુળદેવી-દેવતા વિભિન્ન અટકોવાળા લોકોની કુળદેવી અલગ અલગ હોય છે. (૨) ગામદેવી દેવતા કે જેને ગામના બધા લોકો પૂજા કરે છે. તેમાં ખોડિયાર માતા, ચામુંડા માતા, મોમાઈ માતા, વાછડા દાદા, હનુમાન, ગણેશ, શંકર, રામ, કૃષ્ણ વગેરે છે. (૩) હિંદુ દેવી-દેવતામાં ગણેશ, શિવ, પાર્વતી, હનુમાન, રામ, કૃષ્ણ, લક્ષ્મી, સરસ્વતી વગેરે છે. આ ઉપરાંત પશુધન, નદી, સૂર્ય, ચંદ્રમાની પણ પૂજા કરે છે. ભૂત-પ્રેત, જાદુમાં પણ વિશ્વાસ ધરાવે છે, પૂર્વજોની પૂજા કરે છે. મૃતક સ્મૃતિ સ્તંભનાં રૂપમાં 'પાળિયા'ની પૂજા કરે છે નૃત્ય-સંગીતના શોખીન હોય છે. દાંડિયા રાસ, ગરબા તેમના મુખ્ય લોકનૃત્ય છે. શિક્ષણનું પ્રમાણ ઓછું છે. છતાં, પહેલાંની તુલનાએ થોડું વધ્યું હોવાથી ઘણા શિક્ષિત લોકો વ્યવસાય તથા નોકરી પણ કરે છે. શિક્ષણ, શહેરી સંપર્ક, સંચારનાં સાધનો, સહકારી, બિન-સરકારી સંસ્થાઓ દ્વારા વિકાસ માટે કરવામાં આવેલા પ્રયાસોને કારણે આહીર સમાજનાં સામાજિક, આર્થિક, સાંસ્કૃતિક જીવનમાં વ્યાપક પરિવર્તન આવેલું જોઈ શકાય છે.

અહીં મુખ્યત્વે આહીર સમાજમાં પ્રવર્તમાન લગ્નસંસ્થામાં આવેલા પરિવતનનો અભ્યાસ કરીએ તો

આહીરોમાં ૮૦ વર્ષ પહેલાં લગ્ન સંસ્થાની શું પરિસ્થિતિ હતી તથા વર્તમાનમાં તેમાં શું પરિવર્તન આવ્યું છે તે બાબતને પ્રસ્તુત લેખમાં દર્શાવવામાં આવ્યાં છે.

સગાઈની વય ઊંચી આવતી જાય છે. કોષ્ટક-૧ પ્રમાણે સૌરાષ્ટ્ર આહીર સમાજમાં આઝાદી પહેલાં એટલે કે આશરે ૮૦ વર્ષ પહેલાં ૧થી ૭ વર્ષની નાની ઉંમરમાં છોકરા-છોકરીનાં માતા-પિતા તેમની સગાઈ કરી નાંખતા હતાં. તેથી તેઓની ઈચ્છા-અનિચ્છા જાણવાનો સવાલ જ રહેતો ન હતો. તેઓમાં મામા-ફઈનાં સંતાનો વચ્ચેનાં લગ્નને પ્રાથમિકતા આપવામાં આવે છે. જ્યારે આઝાદી પછી આશરે ૫૦ વર્ષ પહેલાં પણ સગાઈ તો બાળપણમાં જ કરી દેવામાં આવતી, પણ કેટલાંક યુવકોની સગાઈ ૮થી ૨૦ વર્ષની વયમાં પણ થયેલી છે. તેવી રીતે કેટલીક યુવતીઓની પણ ૮થી ૧૮ વર્ષની વયમાં સગાઈ થયેલી છે. જ્યારે સાંપ્રત સમયમાં સાવ બાળપણમાં સગાઈ કરવામાં આવતી નથી ૧૫થી ૨૦ વર્ષની વયે પુરુષોની સગાઈ તથા ૧૩થી ૨૦ વર્ષની વયે સ્ત્રીઓની સગાઈ કરી દેવામાં આવે છે. શિક્ષણ, સંસ્કૃતિકરણ, શહેરી સંપર્કથી આહીર જ્ઞાતિમાં સ્ત્રી-પુરુષની સગાઈની ઉંમરમાં  ઘણી વૃદ્ધિ થઈ છે.

**કોષ્ટક-૧**

સગાઈની વયમાં આવેલું પરિવર્તન

| ક્રમ | વિગત | સગાઈ વય | |
|---|---|---|---|
| | | પુરુષ | સ્ત્રી |
| ૧ | આઝાદી પહેલાં | ૧થી ૭ વર્ષ | ૧થી ૬ વર્ષ |
| ૨ | આઝાદી પછી | ૧થી ૨૦ વર્ષ | ૧થી ૧૮ વર્ષ |
| ૩ | સાંપ્રત સમયમાં | ૧૫થી ૨૦ વર્ષ | ૧૩થી ૨૦ વર્ષ |

**કોષ્ટક-૨**

લગ્નની વયમાં આવેલું પરિવર્તન

| ક્રમ | વિગત | લગ્નની વય | |
|---|---|---|---|
| | | પુરુષ | સ્ત્રી |
| ૧ | આઝાદી પહેલાં | ૫થી ૧૦ વર્ષ | ૪થી ૮ વર્ષ |
| ૨ | આઝાદી પછી | ૧૫થી ૨૩ વર્ષ | ૧૨થી ૨૦ વર્ષ |
| ૩ | સાંપ્રત સમયમાં | ૨૧થી ૨૬ વર્ષ | ૧૮થી ૨૪ વર્ષ |

કોષ્ટક-૨ અનુસાર આઝાદી પહેલાં એટલે કે આશરે ૮૦ વર્ષ પહેલાં પુરુષના લગ્ન ૫થી ૧૦ વર્ષની વયમાં તથા સ્ત્રીનાં લગ્ન ૪થી ૮ વર્ષની વયમાં કરવામાં આવતાં હતાં. સ્વતંત્રતા પછી એટલે કે આશરે ૫૦ વર્ષ પહેલાં શિક્ષણ, સામાજિક સંપર્ક વગેરેને કારણે લગ્નવયમાં ઘણું પરિવર્તન આવ્યું છે. ત્યારે પુરુષોમાં લગ્ન ૧૫થી ૨૩ વર્ષનાં ગાળામાં તથા સ્ત્રીઓનાં લગ્ન તેની ૧૨થી ૨૦ વર્ષની વયનાં ગાળામાં થતાં હતાં. વર્તમાનમાં સામાજિક, આર્થિક, શૈક્ષણિક પરિવર્તનનાં ફળ સ્વરૂપે તથા સરકારનાં સ્ત્રી-પુરુષની લગ્ન વયનાં અનુક્રમે ૧૮ તથા ૨૧ વર્ષના કાયદાના કારણે આહીર સમાજમાં સ્ત્રી-પુરુષની લગ્નવય ઊંચી ગઈ છે. હાલમાં એટલે કે છેલ્લા દશકમાં મોટા ભાગે આહીર પુરુષનાં લગ્ન ૨૧થી ૨૬ વર્ષની વયનાં ગાળામાં તથા સ્ત્રીઓનાં લગ્ન ૧૮થી ૨૫ વર્ષની વયમાં કરવામાં આવે છે.

આઝાદી પહેલાં આહીરો પોતાનાં ગામમાં કે ગામથી નજીક ૧થી ૧૦ કિ.મી.ના અંતરના અન્ય ગામમાં મોટા ભાગનાં લગ્ન કરતા કારણ કે, ત્યારે સંચાર-સાધનોની સુવિધાનો અભાવ હતો. સ્વતંત્રતા પછી દેશમાં સંચારનાં આધુનિક સાધનોની સુવિધા ધીમે - ધીમે વધવાથી ૧૧થી ૨૦ કિ.મી.ના અંતરનાં ગામમાં લગ્ન વિશેષ થયેલ જોવા મળે છે. વર્તમાનમાં સંચારના સાધનોની સુવિધાની સાથે આવાગમનનાં સાધનો, બસ, ટ્રેન, રિક્ષાનું પ્રમાણ વધવાથી આહીરો ૨૧થી ૩૦ કિ.મી.ના અંતરે આવેલ ગામમાં વિશેષ લગ્ન કરે છે. બહુ ઓછાં લગ્ન ૪૦થી ૭૦ કિ.મી.ના અંતરે આવેલ ગામમાં થયેલાં છે. આમ, પહેલાંની તુલનાએ લગ્ન-ક્ષેત્રનો વિસ્તાર વધતો જતો જોવા મળે છે.

એ જ રીતે, આહીરોના કુલ લગ્નોમાંથી ૭૦.૫૫ ટકા લગ્ન એક જ તાલુકાની અંદર થયાં છે. અર્થાત્ ૮૦ વર્ષ પહેલાં તો પોતાનાં જ ગામમાં કે તદ્દન નજીક આવેલ ગામમાં લગ્ન થતાં. ૫૦ વર્ષ પહેલાં લગ્ન બીજા તાલુકામાં પણ થવા લાગ્યાં છતાં અન્ય જિલ્લામાં થતાં નહિ. પરંતુ વર્તમાનમાં પોતાનાં ગામમાં કે અન્ય ગામમાં બીજા તાલુકા કે બીજા જિલ્લામાં પણ કરવામાં આવે છે.

આ રીતે ગામ, તાલુકો તથા જિલ્લા સુધી લગ્ન ક્ષેત્રનો વ્યાપ વધેલો જોવા મળે છે.

**૩. લગ્ન સાથીની પસંદગીનાં ધોરણોમાં પરિવર્તન**

આહીરોમાં મામા-ફઈનાં સંતાનોનાં લગ્નને પ્રાથમિકતા આપવામાં આવે છે. એટલે કે ફઈ પાછળ ભત્રીજી જાય છે. ૮૦ વર્ષ પહેલાં તો સ્ત્રી-પુરુષની સગાઈ તો ઘોડિયામાં જ અર્થાત્ તેના બાળપણમાં જ કરી નાંખવામાં આવતી હોવાથી તેમની ઈચ્છા-અનિચ્છા કે પસંદ-નાપસંદ કરવાનો તો સવાલ જ ઊભો થતો ન હતો. ૫૦ વર્ષ પહેલાં પણ મોટા ભાગનાં સ્ત્રી-પુરુષની સગાઈ ૧થી ૧૦ વર્ષની વયમાં કરવામાં આવતી પણ પછી ધીમે ધીમે પરિવર્તન આવતાં પુરુષોની ૧૧થી ૨૦ વર્ષની વયમાં પણ સગાઈ થવા લાગી હતી તથા સ્ત્રીઓમાં ૧૧થી ૧૮ વર્ષની વયમાં થવા લાગતાં તેમની ઈચ્છા-અનિચ્છા જાણવામાં આવતી હતી. છતાં અંતિમ નિર્ણય તો માતા-પિતા જ લેતાં. સગાઈ થઈ ગયા પછી તેઓ તેને તોડી શકતા નહિ. અર્થાત્ તેમાં તેઓ ફરી જતાં મામાની દીકરી લેવી જ પડે. પરંતુ હવે એવું પણ ક્યારેક બને છે કે, સગી બહેન સગપણ કરી ગઈ હોય પણ પછી તે યુવતી દીકરાને ન ગમે તો તેની સાથે લગ્ન ન પણ કરે. આજથી ૩૦ વર્ષ પહેલાં એવા પ્રસંગો બનતા કે સગપણ થયા પછી બીજી જગ્યાએથી વધારે પૈસા મળે તો, જાણ કર્યા વગર જ અન્ય જગ્યાએ દીકરીનું સગપણ કરી નાખતાં હતાં. પરિણામે ઝઘડા થતાં. આથી ૨૫ વર્ષ પહેલાં જ્ઞાતિએ સૂચનો બહાર પાડ્યાં કે, વરપક્ષે સગપણ કરવા જતાં પહલાં ગામ કે નાત પટેલને હાજર રાખી, તેમને પૂછીને, ખાતરી કરીને જ જવું. તેથી હવે વિવાદ થતો નથી. જો કે, હવે જ્ઞાતિના નવા બંધારણ મુજબ એક વાર સગપણ થયા પછી બીજી જગ્યાએ કરવાની ઈચ્છા હોય તો, પ્રથમ કરેલ સગપણ તોડ્યા પછી જ તે બીજે જઈ શકે.

આઝાદી પહેલાં આહીરોમાં સગાઈ કરવામાં આવે ત્યારે છોકરો કે છોકરી શારીરિક ખોડખાંપણવાળા કે અપંગ તો નથી એ બાબત તેઓ જોતા હતા. મામા-ફઈનાં સંતાનો વચ્ચે લગ્ન થતાં હોવાથી કુટુંબને જોવાપણું રહેતું નહીં. આઝાદી પછી અર્થાત્ આશરે ૫૦ વર્ષ પહેલાં પણ આ જ બાબત ધ્યાનમાં રાખવામાં આવતી. અલબત્ત, તેઓ સગોત્ર કે સમાન શાખમાં કે કુળમાં સગાઈ સંબંધ કરી શકતા નથી પરંતુ વર્તમાનમાં શિક્ષણને મહત્ત્વ આપવામાં આવે છે.

૪. લગ્ન વ્યક્તિગત પ્રશ્ન બન્યો છે. પહેલાં જીવન સાથીની પસંદગી વડીલો કે માતા-પિતા દ્વારા થતી તેને બદલે હવે લગ્ન કરનાર વ્યક્તિની પસંદગીને મહત્ત્વ આપવામાં આવી રહ્યું છે. બાળલગ્નોમાં ઘટાડો થવાથી આ શક્ય બન્યું છે. ૫૦ વર્ષ પહેલાં આહીર યુવક-યુવતી દૂરથી જોઈને જ હા કે ના - માં જવાબ આપતાં, પરંતુ વર્તમાનમાં તેઓ એકબીજાને રૂબરૂ મળીને, વાત-ચીત કરીને કે છેવટે ફોટો જોઈને પોતાની પસંદગી કે ના પસંદગી વ્યક્ત કરતાં થયાં છે.

૫. લગ્ન સાથીની વ્યક્તિગત લાયકાતો વધારે મહત્ત્વની ગણાવા લાગી છે. લગ્ન સાથીની પસંદગીમાં ધ્યાનમાં લેવામાં આવતી બાબતોની પ્રાથમિકતાનો ક્રમ બદલાયો છે. કૌટુંબિક વિશેષતાને બદલે વ્યક્તિગત લાયકાતોને વધુ પ્રાથમિકતા આપવામાં આવે છે. ઘરથી-ગૃહસ્થી સંભાળી શકે તેવી કન્યાને પ્રાથમિકતા આપવામાં આવતી તેને બદલે કન્યા પણ શિક્ષિત હોવી જરૂરી મનાય છે. વરની પસંદગીમાં પણ કૌટુંબિક પરિસ્થિતિ અને મિલકત કરતાં શિક્ષણ અને વયને ક્રમમાં સર્વોચ્ચ મહત્ત્વનાં ગણાવાં લાગ્યાં છે. આહીરોમાં અંતર્લગ્નના નિયમને કારણે વર કે કન્યાની પસંદગી મોટા ભાગે પોતાની જ્ઞાતિમાંથી જ થતી હોય છે. પરંતુ હવે આહીરોના કેટલાક પેટા વિભાગમાં પરસ્પર લગ્નસંબંધ થવા લાગ્યા છે. પરંતુ આંતરજ્ઞાતીય લગ્નો હજુ પણ ખાસ તેઓમાં થતાં નથી.

આહીરોમાં સગપણ થયા પછી લગ્ન ન થાય ત્યાં સુધી દર વર્ષે હોળી વગેરેના તહેવારોમાં વરપક્ષે કન્યાને ચોક્કસ માત્રામાં ખારેક, નારિયેળ, ટોપરું, સાકર, કોઈ દાગીનાં, કપડાં વગેરે આપવું પડે છે. તેને તેઓ હારડો કહે છે. જો દર વર્ષે હારડો ન મળે અને હારડામાં ઓછી રકમ કે વસ્તુ મળે તો પહેલાં ઝઘડા પણ થઈ જતા. પરિણામે ૨૫ વર્ષ પહેલાં જ્ઞાતિના બંધારણમાં ઠરાવવામાં આવ્યું છે કે, ચાર હારડાથી વધુ કંઈ ન આપવું અર્થાત્ દર વર્ષે ન આપતાં સગાઈ પછી લગ્ન થાય ત્યાં સુધીમાં ચાર વખત જ આપવું.

પહેલાં લગ્નમાં માંડવા આંબાનાં આસોપાલવનાં કે કેળનાં પાન તથા ફૂલ વગેરેથી શણગારવામાં આવતાં. હવે આ ઉપરાંત રંગીન કાગળનાં જુદી જુદી ડિઝાઈનનાં તોરણો તથા લાઈટિંગ વગેરેનો ઉપયોગ પણ કરવામાં આવે છે.

લગ્ન સમયે પહેરવામાં આવતા વર અને કન્યાના પોશાકમાં પણ પરિવર્તન આવેલું જોઈ શકાય છે. લગ્ન સમયે વર ૫૫થી ૮૦ વર્ષ પહેલાં ચોરણી, ખમીસ, લાલ પાઘડી કે સાફો વગેરેનો લગ્નના પોષાક તરીકે ઉપયોગ કરતા તથા આભૂષણોમાં ડોકમાં કાછલી, દોરો, ટૂંપીઓ કે ઝૂમરા, હાથમાં સરકલિયા અને પગમાં તોડા પહેરતાં ચોરણી ઉપર કમરે બાંધેલી ભેંટમાં તલવાર રાખતા. એ રીતે કન્યા મુખ્યત્વે ઘાઘરો, ચૂંદડી, કે ઘાટ પહેરતી તથા પરંપરાગત ડિઝાઈનનાં જ ઘરેણાં પહેરતી. પરંતુ પરિવર્તનના ફળસ્વરૂપે હવે કેટલીક જગ્યાએ લગ્નમાં વર શર્ટ, પેન્ટ, કોટ, ટાઈ વગેરે તથા કન્યા ચણિયો, બ્લાઉઝ, પાનેતર કે સાડી પરંપરાગત રિવાજ પ્રમાણે પહેરે છે.

પહેલાં પોતાના જ ગામમાં અથવા તો ખૂબ નજીકનાં ગામમાં જ લગ્ન થતા હોવાથી વરરાજા ઘોડા ઉપર બેસી પરણવા જતો, પરંતુ હવે દૂર અંતરના ગામમાં પણ લગ્ન થતાં હોવાથી મોટરમાં બેસીને પણ પરણવા જાય છે.

પહેલાં સામા પક્ષનો એટલે કે કન્યાના માતા-પિતાની આર્થિક સ્થિતિનો ખ્યાલ કર્યા વગર સાઠ-સિત્તેર લોકોને જાનમાં લઈ જવામાં આવતા પરંતુ હવે સામા પક્ષનો ખ્યાલ કરવામાં આવે છે. તેમનાં જ્ઞાતિ બંધારણમાં પણ વધુ માણસોને જાનમાં ન લઈ જવાનું ઠરાવ્યું છે. કોઈ વધુ માણસો જાનમાં લઈ જાય તો, જ્ઞાતિ તરફથી દંડ કરવામાં આવે છે. નજીકના ગામમાં લગ્ન થવાના હોય તો પહેલાં જાનને બળદ ગાડામાં લઈ જતા, પરંતુ, હવે દૂરના ગામમાં પણ લગ્ન થતાં હોઈ, બસ, ટ્રેન કે ખાનગી ભાડેથી કોઈ વાહન લઈને તેમાં જાનને લઈ જવામાં આવે છે.

મરછોયા આહીરમાં ખાસ કરીને દીકરીનું ફૂલેકું કાઢવાની પ્રથા હતી. તે હવે આજકાલ બંધ કરવામાં આવી છે.

જાન ઉતારે પહોંચ્યા પછી વરને ઘી-ખાંડ અર્થાત્ કલવો જમાડવામાં કન્યા પક્ષની સ્ત્રીઓ ગીતો એ ફટાણાં ગાતી-ગાતી જતી. કેટલાક આહીરોમાં આ પ્રથા બંધ કરવામાં આવી છે.

૪૦થી ૫૦ વર્ષની ઉંમરની પ્રૌઢ મહિલાઓને પરંપરાગત લગ્નગીતો ગાતાં સારાં આવડે છે. પરંતુ આજકાલ યુવતીઓને પરંપરાગત લગ્નગીતો ઓછાં આવડે છે, તેઓ ફિલ્મી ગીતો અથવા તેના ઢાળ ઉપરથી લગ્નગીતો ગાય છે.

મરછોયા આહીરમાં અગાઉ લગ્ન સવારે જ થતાં, હવે રાત્રે પણ થાય છે. પહેલાં ગ્રામીણ વિસ્તારોમાં વીજળીની સુવિધા ન હતી, તેથી બધા પ્રસંગો દિવસે જ કરવામાં આવતાં હવે તે સુવિધા ગામેગામ આવી જતાં રાત્રે પણ પ્રસંગ ઉજવાય છે.

પહેલાં બાળલગ્નો થતાં હોવાથી અણવર વરરાજાને તેડીને માંડવામાં લાવતો અને લગ્ન થયા પછી તેને તેડીને ગાડામાં બેસાડતો પરંતુ હવે પુખ્ત ઉંમરે લગ્નો થતાં હોઈ અણવરનું આ કાર્ય ઘટી ગયું છે. એ જ રીતે મરછોયા આહીરમાં અણવર કન્યાને તેડે તેવો રિવાજ હતો, તે બંધ કરવામાં આવ્યો છે.

અગાઉ લગ્નમાં લાડુ, બુંદી, મોહનથાળ વગેરે વાનગી મુખ્યત્વે જમાડવામાં આવતી હતી પરંતુ હવે શહેરી સંપર્ક તથા અન્ય સમાજોના સંપર્કનાં ફળસ્વરૂપે જેમની આર્થિક સ્થિતિ સારી છે. તેઓ બરફી, ટોપરાપાક, જલેબી, ગુલાબ જાંબુ વગેરે પણ જમાડે છે.

લગ્નમાં પહેલાં કન્યાને આણામાં મુખ્યત્વે પટારામાં સામાન ભરી આપવામાં આવતો, પરંતુ હવે કેટલાક આહીરો પટારો ન આપતાં બેગ કે કબાટ પણ આપવા લાગ્યા છે. સાથેસાથે પરંપરાગત ડિઝાઈનનાં ઘરેણાં આપવાને બદલે કેટલાક શિક્ષિત લોકો હવે નવી ફેશન મુજબ નવી ડિઝાઈનોનાં ઘરેણાં પણ આપે છે.

આજકાલ સમૂહલગ્નનું આયોજન કરવામાં આવે છે. વળી, જ્ઞાતિનાં પેટા વિભાગમાં પરસ્પર લગ્ન શક્ય બન્યાં છે. આંતરજ્ઞાતીય લગ્ન બહુ સ્વીકાર્ય બનેલ નથી. છૂટાછેડાનું પ્રમાણ ઓછું જોવા મળે છે.

## : સંદર્ભસૂચિ :

1. જોશી, પારૂલ જે.: ૧૯૯૮, સૌરાષ્ટ્રનાં આહીરો, ગૂજરાત વિદ્યાપીઠ.
2. દેસાઈ, ર.બ.: ૧૯૫૮ સૌરાષ્ટ્રની પછાત કોમો, અમદાવાદ ભાગ-૨ રાજકોટ, સૌરાષ્ટ્ર પછાત બોર્ડ.
3. Desai, A. R.: Rawal Sociology in India, Bombay Popular Book Depot.
4. Dubey, S. C.: 1958, India's Changing Villages: London, Routledge & Kegan Paul.
5. Kapadia, K. M.: 1959, Marriage and Family in India.
6. Majumdar, D. N.: 1958, Race and culture of India Bombay: Asia Publishing House.
7. Shrinivas, M. N.: Indian Village Calcutta, West Bengal Govt Press.


❑

## કુટુંબમાં બાળકોનો ઉછેર

કુટુંબનાં બાળકોનો થતો ખામીભર્યો ઉછેર; શિક્ષણસંસ્થા અને ધીરે ધીરે આખી સમાજ વ્યવસ્થામાં વિસ્તરે છે. આ ઉછેરદોષમાંથી સર્જાતી રુગ્ણ મનોદશા અપહરણ અને બળાત્કારના કિસ્સા પાછળ કામ કરતું વિકૃત માનસ છે.

વિજાતીય આકર્ષણ એક નૈસર્ગિક પ્રક્રિયા છે. છોકરાને છોકરીની અને છોકરીને છોકરાની હાજરી ગમે છે. આપણા સમાજમાં કે શાળાજીવનમાં સહજભાવે એમને મળવાની, વાતચીત કરવાની, ભેગાં મળી કાંઈક સર્જનાત્મક પ્રવૃત્તિઓ કરવાની આપણે તક આપતા નથી. પરિણામે વિકૃતિઓ પ્રગટે છે. બનવું તો એવું જોઈએ કે વિજાતીય હાજરી શામક બને, નહીં કે ઉદ્દીપક. પણ અણઘડ ઉછેરને લઈને એવું બનતું નથી. ઊલટું અવળું બને છે. માતા-પિતાને મન છોકરી એટલે 'સાપનો ભારો', ક્યાંક કૂંડાળામાં પગ પડી જશે તો? એવા સતત ભયના ઓથાર નીચે માતા-પિતા જીવે છે. છોકરી મોડી વહેલી આવે તો તુરત આશંક બની ઉલટ તપાસ કરે છે. જ્યારે છોકરાની જાત આખી રાત બહાર રહે તોય તેની કોઈ પડપૂછ ન કરે. આ વલણ છોકરાઓમાં ઉદ્દંડતા સર્જે છે.

કુટુંબનાં બાળકોને જાતીય શિક્ષણ આપવા માટે માતા-પિતાથી ઉત્તમ શિક્ષક કોઈ નથી, પણ આપણા સમાજમાં હજુ મા-બાપો તેમનાં બાળકોને આ વિષય યોગ્ય ઢબે સમજાવી શકે તેવી તાલીમ ધરાવતા નથી. પરિણામે કુમળાં છોકરાં સંગદોષને લઈ અનેક કુટેવો અને માનસિક વિકૃતિઓનો ભોગ બને છે.

**- શ્રી ગોવિંદભાઈ રાવલના લેખને આધારે**

❑

# વૃદ્ધોની દેખભાળઃ કુટુંબમાંથી નીકળતું જતું કાર્ય

-પ્રા. ભાનુબહેન એન. કાપડિયા

**પ્રસ્તાવનાઃ**

પ્રસ્તુત અભ્યાસ એક વૃદ્ધાશ્રમનો કેસ સ્ટડી છે. ગુજરાતના વૃદ્ધાશ્રમોના મારા ક્ષેત્રકાર્ય દરમિયાન મે બે વૃદ્ધાશ્રમોના કેસ સ્ટડી કર્યા હતા. વૃદ્ધોની સમસ્યા અને વૃદ્ધાશ્રમ વિશેની પ્રચલિત માન્યતાઓ કરતાં આ કેસ સ્ટડીઝ ઘણા જુદા પડતા હતા. આથી એક નવી સામાજિક વાસ્તવિકતા દર્શાવવાના ભાગરૂપે આ કેસ સ્ટડી રજૂ કરું છું.

સાદા પ્રકારની સમાજ વ્યવસ્થામાં માનવી એક વિશાળ કુટુંબ (કબીલા)માં રહેતો, ધીમે ધીમે સંયુક્ત કુટુંબ વ્યવસ્થા અસ્તિત્વમાં આવી. આ પ્રકારનું કુટુંબ તમામ કાર્યોનું એકમ હતું. આ કુટુંબમાં માનવીની દરેક જરૂરિયાતો સંતોષાતી. આધુનિક સમયમાં ઔદ્યોગિકીકરણ, શહેરીકરણ, શિક્ષણ વગેરે જેવાં અનેક પરિબળોને કારણે કુટુંબના માળખાં અને કાર્યોમાં અનેકવિધ ફેરફારો આવ્યા છે. હર્બર્ટ સ્પેન્સરના ઉત્ક્રાંતિના સિદ્ધાંત મુજબ (વાય. એ. પરમાર, ૧૯૮૬ : ૭૭) સમાજને જીવંત રાખવા તેના વાતાવરણની જરૂરિયાતો સંતોષાવી જોઈએ. પરંતુ સમય જતાં જરૂરિયાતોમાં અને માંગોમાં ફેરફાર થાય છે. સમાજે જો જીવંત રહેવું હોય તો જરૂરિયાતો અને માંગોને અનુકૂળ થવું પડે છે. આમ કુટુંબનાં કાર્યોનું વિશેષીકરણ થતાં કુટુંબનાં કેટલાંક કાર્યો અન્ય સંસ્થાઓએ ઉપાડી લીધાં છે. જેમ કે પહેલાંના સમયમાં મોટા ભાગના લોકો જ્યારે કૌટુંબિક વ્યવસ્થામાં રોકાયેલા હતા ત્યારે શિક્ષણનું કાર્ય (વ્યાવસાયિક તાલીમ) કુટુંબની જવાબદારી હતી. કુટુંબના વડીલો તેના વારસોને વ્યવસાયની તાલીમ આપતા. આજે વ્યાવસાયિક તાલીમ આપતી શૈક્ષણિક સંસ્થાઓ વિકાસ પામી છે.

તે જ રીતે પહેલાં ભોજનનું કાર્ય કુટુંબનું કાર્ય ગણાતું આ કાર્ય આજે હોટેલો અને રેસ્ટોરન્ટ દ્વારા પણ કરવામાં આવે છે.

પહેલાંના સમયમાં કુટુંબનું એક કાર્ય બાળ ઉછેરનું હતું. ઘરમાં જ કુટુંબના વડીલો બાળકોના ઉછેરનું કાર્ય કરતા. આજે તેના માટે નર્સરી, કિંડર ગાર્ટન, પ્લે ગ્રુપ, ઘોડિયાંઘર વગેરે નામે સંસ્થાઓ સ્થાપાઈ છે. તે જ રીતે માંદાની માવજતનું કાર્ય અને વૃદ્ધોની દેખભાળનું કાર્ય પણ કુટુંબનું કાર્ય હતું. આજે માંદાની માવજાત માટે હોસ્પિટલ અને નર્સની વ્યવસ્થા વિકસી આવી છે. હજી મોટા ભાગના વૃદ્ધોની દેખભાળ કુટુંબમાં તેમનાં સંતાનો દ્વારા કરવામાં આવે છે. પરંતુ વિવિધ કારણોસર કુટુંબોનો આશ્રય ગુમાવી એકલા રહેલા વૃદ્ધોની સંખ્યા વધી રહી છે તેના ઉકેલરૂપે વૃદ્ધાશ્રમો સ્થપાતા જાય છે.

સૌથી પહેલાં બધાં જ કાર્યો કુટુંબમાં થતા પછી તેમાંથી રાજ્ય વ્યવસ્થા, અર્થ વ્યવસ્થા, શિક્ષણ વ્યવસ્થા વગેરે છૂટી પડી નવી નવી વ્યવસ્થા ઉદ્‌ભવી તેમ તેમ કુટુંબના કાર્યો તેમની પાસે જતાં ગયાં પરિણામે કુટુંબો નાનાંને નાનાં થતાં ગયાં. આજે પણ કુટુંબનાં કાર્યો અન્ય વ્યવસ્થા પાસે જવાની પ્રથા અટકી નથી. આ રીતે કુટુંબ એ માનવસમાજની પાયાની સંસ્થા રહી છે અને કુટુંબ વ્યવસ્થામાં થઈ રહેલા ફેરફારો કુટુંબના સ્વરૂપમાં થઈ રહેલી ઉત્ક્રાંતિનાં જ તત્ત્વો છે. પહેલાંની કુટુંબ વ્યવસ્થામાં વ્યક્તિના દરેક કાર્યની જવાબદારી કુટુંબની હતી. જેમજેમ સંદર્ભો બદલાતા ગયા તેમ તેમ સંસ્થાનાં કાર્યો કુટુંબ બહારની સંસ્થાઓએ ઉપાડી લીધાં છે. વર્તમાન સમયમાં વિકાસક્રમે નવું કુટુંબ કેટલાંક કાર્યોમાંથી મુક્ત થવા માંડ્યું છે. નવી ઉદ્‌ભવ પામેલી સંસ્થાઓ જુદાં જુદાં કાર્યોમાં નિષ્ણાત હોઈ તે તે કાર્ય વધારે કુનેહથી અને સરળતાથી કરે છે. વૃદ્ધાશ્રમ આવી એક સંસ્થા છે કે જેણે વૃદ્ધોની દેખભાળનું કાર્ય ઉપાડી લીધું છે. આવા એક વૃદ્ધાશ્રમનો એકમ તપાસ પદ્ધતિથી અભ્યાસ કરવામાં આવેલો છે. તેની વિસ્તૃત ચર્ચા નીચે મુજબ છેઃ

**પ્રસ્તુત અભ્યાસઃ**

ગુજરાતમાં કુલ ૧૮૦ જેટલા વૃદ્ધાશ્રમો આવેલા છે. તેમાંથી અભ્યાસ હેઠળનો વૃદ્ધાશ્રમ 'વૃદ્ધ નિકેતન' જૂનાગઢમાં જેલની પાછળ નરસિંહ મહેતાના ચોરા પાસે આવેલો છે. આ વૃદ્ધાશ્રમની સ્થાપના પહેલી નવેમ્બર ૧૯૫૮ના રોજ થઈ હતી. સંસ્થાના ઉદ્દેશ્ય મુજબ વૃદ્ધોને કોઈપણ જ્ઞાતિ, જાતી કે ધર્મના ભેદભાવ વગર કેટલીક શરતોને આધિન રહીને તદ્દન મફતમાં ભોજન, રહેઠાણ, વસ્ત્રો અને દવા ઔષધો પૂરા પાડવામાં આવે છે. આ સંસ્થાના નિભાવ માટે ૪૦% જેટલી રકમ સરકાર તરફથી

મળે છે. બાકીની ૬૦% જેટલી રકમ દાતાઓ તરફથી ચીજ વસ્તુઓ અને રોકડ સ્વરૂપે દાનમાં મળે છે.

આ સંસ્થાને 'સામાજિક સેવા સહાયક સંઘ' ખૂટતી રકમનું ભંડોળ એકઠું કરવામાં મદદ કરે છે. વીરપુરના જલારામ મેમોરિયલ ટ્રસ્ટ તરફથી વાર્ષિક રૂપિયા ૩૦,૦૦૦ની સહાય મળે છે. આ ઉપરાંત સત્યમ સેવા યુવક મંડળ ટ્રસ્ટ, જનસેવા સમાજ, સર્વોદય બેંક અને હાટકેશ હૉસ્પિટલ જેવી સંસ્થાઓની પણ સારી મદદ મળી રહે છે.

**અભ્યાસ પદ્ધતિઃ**

પ્રસ્તુત અભ્યાસ સર્વે પદ્ધતિ દ્વારા કરાયેલો અભ્યાસ છે. સાથે સાથે જ્યાં જરૂર જણાય ત્યાં પ્રશ્નાવલી, નિરીક્ષણ અને મુલાકાત જેવી પ્રયુક્તિઓનો ઉપયોગ કરેલ છે. મુલાકાત વખતે અનુસૂચિનો સાધન તરીકે ઉપયોગ કરેલ છે.

**વૃદ્ધ નિકેતન સંસ્થાનું માળખુંઃ**

ભારતીય બંધારણની જોગવાઈ મુજબ સરકારે ભારતને એક કલ્યાણ રાજ્ય બનાવવાની નવી નીતિ જાહેર કરી. રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોની કલમ-૪૧ મુજબ રાજ્ય તેનાં આર્થિક સાધનોને ધ્યાનમાં રાખીને વૃદ્ધો અને અપંગોનું કલ્યાણ કરશે. આ ધ્યેયની પરિપૂર્તિ માટે સરકારે સ્વૈચ્છિક સંસ્થાઓને અનુદાન આપવાની જાહેરાત કરતાં સંસ્થાના ઈતિહાસમાં જણાવ્યા મુજબ પ્રસ્તુત અભ્યાસમાં જણાવ્યા મુજબ વૃદ્ધાશ્રમની શરૂઆત થઈ. આ સમયગાળામાં હજુ પરંપરાગત મૂલ્યો જેવાં કે માતા-પિતા અને વડીલોની સેવા દ્વારા પુણ્ય કમાવું, દાન દ્વારા પુણ્ય કમાવું વગેરે પ્રાબલ્ય હતું. સંસ્થામાં રહેવા માટે જુદા જુદા રૂમ હતા પરંતુ જૂથ ભાવના વિકસી નહોતી.

**વૃદ્ધ નિકેતન સંસ્થાનાં કાર્યોઃ**

વૃદ્ધ નિકેતન સંસ્થા કુટુંબનું એક મહત્ત્વનું કાર્ય (વૃદ્ધોની દેખભાળ) કરતી સંસ્થા તરીકે વૃદ્ધોનાં ભોજન, રહેઠાણ, આરોગ્યની સંભાળ, મનોરંજન વગેરે જેવાં કાર્યો કરે છે. તેની વિસ્તૃત ચર્ચા નીચે મુજબ છેઃ

**(૧) ખોરાક (ભોજન) આપવાનું કાર્યઃ**

કુટુંબનાં મહત્ત્વનાં કાર્યોમાંનું એક મહત્ત્વનું કાર્ય કુટુંબના સભ્યોને ખોરાક પૂરો પાડવાનું છે. પહેલાંના સમયમાં કોઈ વ્યક્તિને પોતાનું કુટુંબ ન હોય તો તેનાં નજીકનાં સગાંઓ દ્વારા તેને ખોરાક આપવાનું કાર્ય થતું. સ્વાતંત્ર્ય બાદ આરોગ્યની સેવાઓમાં વધારો થતા મનુષ્યના સરેરાશ આયુષ્યમાં વધારો થયો. શહેરીકરણ, ઉદ્યોગીકરણ, શિક્ષણ વગેરે જેવાં પરિબળોને સંદર્ભો બદલાયાં કુટુંબો નાનાં થતાં ચાલ્યાં. જેને કોઈ સગાં ન હોય તેવા નિરાધાર વૃદ્ધો લાચાર સ્થિતિમાં મુકાવા લાગ્યા. આ સમયગાળામાં ભૂખ્યાઓને ભોજન આપી પુણ્ય કમાવાનું મૂલ્ય હોવાથી આવા નિરાધારોને ક્યારેક ભોજન મળતું અને ક્યારેક લાચાર સ્થિતિમાં સૂઈ રહેવું પડતું. સમાજમાં આવા નિરાધાર વૃદ્ધોને કાયમી ભોજન મળી રહે તેવી વ્યવસ્થા કરી.

'વૃદ્ધ નિકેતન'માં આવા વૃદ્ધોને શરૂઆતમાં (૧૯૮૮ સુધી) અપૂરતા ભંડોળને લીધે બપોરે એક ટંકનું ભોજન આપી શકાતું. સાંજના ભોજનમાં માત્ર મમરા આપવામાં આવતા હતા. ગુજરાત સરકાર વૃદ્ધોના માસિક કે વાર્ષિક ભોજન ખર્ચ પેટે રૂ. ૬૦૦ આપે છે. ધીમે ધીમે સંસ્થાના વિકાસમાં અન્ય કેટલીક સેવાભાવી સંસ્થાઓ સહભાગી બનતા સંસ્થાના ભંડોળમાં વધારો થયો. આ રીતે ધીમે ધીમે ભંડોળ વધતા દરેક આશ્રમવાસી (વૃદ્ધ)ને બે ટંક ભોજન આપવામાં આવે છે. ત્યાર બાદ વૃદ્ધાશ્રમના વૃદ્ધોને ચા-દૂધ અને છાશ મળી રહે તે માટે ગાયો રાખવાનું શરૂ કર્યું. હાલ વૃદ્ધોને સવારે નાસ્તો, બે ટંક ભોજન, ત્રણ વખત ચા તેમજ સાંજના ભોજનમાં ગૌશાળાની ગાયોનું ૧૦૦ મિલિ દૂધ આપવામાં આવે છે. આ ઉપરાંત વારે-તહેવારે મિષ્ટાન્ન અને ફરસાણ પણ આપવામાં આવે છે. માંદા વૃદ્ધોને ડૉક્ટરની સલાહ મુજબ ભોજન આપવામાં આવે છે. અને ભોજન કરવા માટે પણ સારી સુવિધા આપવામાં આવે છે.

**ભોજનાલયઃ**

અગાઉ જણાવ્યા મુજબ શરૂઆતમાં વૃદ્ધોને માત્ર એક ટંક ભોજન મળતું તે માટે તેમને એક મોટી લોબીમાં બેસાડીને વાટકામાં ભોજન પીરસવામાં આવતું. ત્યાર બાદ સંસ્થાનો ક્રમે ક્રમે વિકાસ થતાં ભોજનાલય બનાવવામાં આવ્યું. પહેલાં વૃદ્ધોને ભોજન માટે જમીન પર બેસાડવામાં આવતા હતા. ત્યાર બાદ લોખંડનાં ટેબલ-ખુરશી પર ભોજન માટેની

વ્યવસ્થા કરવામાં આવી. હાલ ભોજનાલયમાં વૃદ્ધો આરામથી ભોજન લઈ શકે તે માટે પથ્થરનાં ટેબલ-ખુરશી બનાવવામાં આવેલ છે. શરૂઆતમાં ભોજન માટે એકમાત્ર વાટકો આપેલો હતો. આજે સ્ટીલનાં વાસણનો સેટ આપવામાં આવ્યો છે.

**(૨) આશ્રય આપવાનું કાર્યઃ**

કુટુંબનું બીજું મહત્ત્વનું કાર્ય કુટુંબના સભ્યોને આશ્રય આપવાનું છે. પહેલાંના સંયુક્ત કુટુંબમાં નિરાધાર નજીકના સગાંઓને ભોજન સાથે આશ્રય પણ મળી રહેતો. અગાઉના મુદ્દામાં જણાવ્યું તેમ વિવિધ પરિબળોની અસર હેઠળ સંદર્ભો બદલાતા નિરાધારો શેરીઓમાં ભટકવા લાગ્યા. ભૂખ્યાઓને ભોજનના દાનના મૂલ્યને લીધે ભોજન તો ક્યારેક મળી રહેતું પરંતુ આશ્રય નહોતો તેથી મંદિરોમાં અને અન્ય જાહેર સ્થળોએ નિરાધારો અને અનાથ લોકો આશ્રય લેવા લાગ્યા. તેથી વૃદ્ધોને કાયમી આશ્રય આપવાના હેતુથી વૃદ્ધાશ્રમો શરૂ થયા.

વૃદ્ધાશ્રમમાં વૃદ્ધોને આશ્રય આપવા જૂનાગઢમાં ૨૫ નવેમ્બર ૧૯૫૭ની રાત્રે શહેરના સેવાભાવી કાર્યકરોની મીટિંગમાં અશકતાશ્રમ સ્થાપવા અંગેનો નિર્ણય લેવાયો. એવખતના ગવર્નર મહેંદી નવાઝ જંગે સમાજ કલ્યાણ ખાતા હસ્તકની નવાબના સમયની બોઈઝ હોસ્ટેલ એક રૂપિયાના ટોકન ભાડાથી આપી. ભારત-પાકિસ્તાનના ભાગલા વખતે નિર્વાસિતોએ આ મકાનમાં આશ્રય લીધેલો. આ હોસ્ટેલની સાફ-સફાઈ કરાવી તેમાં વૃદ્ધોને આશ્રય આપી શકાય તેવી વ્યવસ્થા હતી. સ્ત્રીઓ અને પુરુષ વૃદ્ધોના અલગ અલગ વિભાગ રાખવામાં આવ્યા.

સમય જતાં સંસ્થામાં ભંડોળ એકત્ર થતા વૃદ્ધાશ્રમના પુનર્નિર્માણનું કાર્ય કરવામાં આવ્યું. આજે ૫૦ વૃદ્ધોને આશ્રય આપી શકાય તેવી વ્યવસ્થા ઊભી કરવામાં આવેલ છે. આ રહેઠાણમાં વૃદ્ધોને કુટુંબની જેમ નીચે મુજબની સુવિધાઓ આપવાનું કાર્ય કરવામાં આવે છેઃ

**પલંગ-પથારીઃ**

શરૂઆતમાં વૃદ્ધોને સૂવા માટે સગવડો આપી શકાતી નહિ પરંતુ ધીમે ધીમે વાંસની ઈસવાળા ખાટલા, ગાદલાં અને ઓઢવા માટે રજાઈ આપવામાં આવ્યાં. ત્યાર બાદ મચ્છરદાનીવાળા લોખંડના પલંગ, ગાદલું, ઓશીકું અને ઋતુને અનુરૂપ ઓઢવાનું આપવામાં આવે છે.

**લાઈટ-પંખાઃ**

વૃદ્ધ નિકેતન સંસ્થાની શરૂઆતમાં લાઈટની સુવિધા નહોતી. સૂર્યાસ્ત બાદ જરૂર પડ્યે ફાનસ પેટાવવામાં આવતું, સમય જતાં લાઈટની સગવડ આપવામાં આવી. હાલ વૃદ્ધોના રૂમમાં અને બહારની લોબીમાં કે જ્યાં વૃદ્ધો બેસે છે ત્યાં લાઈટ-પંખાની સગવડ આપવામાં આવી છે. લાઈટ ન હોય ત્યારે વૃદ્ધોને મુશ્કેલી ન પડે તે માટે સંસ્થામાં જનરેટર પણ છે.

**(૩) આરોગ્યની સંભાળનું કાર્યઃ**

વૃદ્ધોની માંદગી વખતે તેની ચાકરી કરવી એ કુટુંબનું એક કાર્ય ગણાતું. વૃદ્ધોની સેવા કરવાથી પુણ્ય મળે તેવું મૂલ્ય હોવાથી કુટુંબના સભ્યો દ્વારા વૃદ્ધોની માંદગી સમયે વિશેષ કાળજી લેવાતી. સમય જતાં આ મૂલ્ય ટકી રહેલું હોવા છતાં સંદર્ભો બદલાતા આજે તે અશક્ય બન્યું છે.

આ વૃદ્ધાશ્રમમાં વૃદ્ધોના આરોગ્યની દેખરેખ રાખવાનું કાર્ય કરવામાં આવે છે. આ સંસ્થાની શરૂઆતથી જ વૃદ્ધોના આરોગ્યની દેખરેખ રાખવાનું કાર્ય કરવામાં આવે છે. શરૂઆતના સમયગાળામાં વૈદ્ય સારવાર આપી જરૂર આયુર્વેદિક દવાઓ આપતા. જ્યારે આજે આ સંસ્થામાં રહેતા વૃદ્ધોની વિશેષ કાળજી લેવાય છે. આ સંસ્થામાં રહેતા આશ્રમવાસીઓને માંદગીમાં સ્થાનિક સેવાભાવી ડૉ.ક્ટરોની સેવા મળે છે. આ સંસ્થામાં ડૉ. બી.જે.વસાવડા, ડૉ. આર. કે. ઠક્કર, ડૉ. રિપાબહેન વૈષ્ણવ, ડૉ. કિશોર પી. માવાણી અને ડૉ. દીપ્તિબહેન બુચ, જેવા નિષ્ણાત ડૉક્ટરોની વિનામૂલ્યે સેવા મળી રહે છે.

આ સંસ્થાની શરૂઆતથી જ જનરલ હૉસ્પિટલના જે કોઈ સિવિલ સર્જન હોય તે સંસ્થાના સંચાલક મંડળના સભ્ય રહ્યા છે. તેથી આ સંસ્થાના વૃદ્ધોને જનરલ હોસ્પિટલમાં વિનામૂલ્યે સારવાર અને દવા મળી રહે છે. સંસ્થાના વ્યવસ્થાપક બહેન દ્વારા વૃદ્ધોને માંદગીના સમયે સમયસર દવાઓ યાદ કરાવી લેવડાવવાનું કાર્ય કરવામાં આવે છે.

આમ વૃદ્ધ માંદાઓની માવજત એ પહેલાં કુટુંબનું કાર્ય ગણાતું જે આજે કુટુંબમાંથી બહાર નીકળી વૃદ્ધાશ્રમો પાસે ગયેલું જાણવા મળેલ છે.

**(૪) ધાર્મિક કાર્યઃ**

દરેક કુટુંબ દ્વારા કેટલાંક ધાર્મિક કાર્યો કરવામાં આવે છે. આવાં ધાર્મિક કાર્યોમાં કુટુંબનાં નાનાં-મોટાં સૌ કોઈ ભાગીદાર બને છે. વૃદ્ધાવસ્થામાં વ્યક્તિ નિવૃત્તિના સમયમાં વિશેષ ધાર્મિક વૃત્તિ તરફ વળતી હોય છે. કુટુંબના સભ્યો દ્વારા તેમની ધાર્મિક વૃત્તિને સંતોષવાનાં કાર્યો કરવામાં આવે છે.

'વૃદ્ધ નિકેતન'ના અભ્યાસ વખતે જાણવા મળ્યું કે વૃદ્ધ નિકેતનના વૃદ્ધો શરૂઆતમાં સમય પસાર કરવા માટે પોતપોતાના ઈષ્ટદેવને પ્રાર્થના કરતા અને માળા ફેરવતા. પોતાના જ રૂમમાં ખાટલા પર આવી ધાર્મિક પ્રવૃત્તિ કરતા. ધીમે ધીમે સંચાલકો અને વ્યવસ્થાપકો દ્વારા સંસ્થામાં રહેતા વૃદ્ધોની ધાર્મિક વૃત્તિને સંતોષવા ધૂન, ભજન, કીર્તન વગેરેનાં આયોજનો થવાં લાગ્યાં છે. હાલ દર અગિયારસના દિવસે સ્ત્રી સત્સંગ મંડળ અને અન્ય બહારની સેવાભાવી સંસ્થાઓ દ્વારા ધૂન, ભજન અને સત્સંગનું આયોજન કરવામાં આવે છે. વૃદ્ધોની ધાર્મિક વૃત્તિને સંતોષવા સત્સંગ હોલ પણ બનાવવામાં આવ્યો છે કે જેમાં ધાર્મિક પ્રવૃત્તિનાં આયોજનો કરવામાં આવે છે.

**(૫) મનોરંજનનું કાર્ય**

કુટુંબના દરેક સભ્યોને આનંદમાં રાખવા એ પણ કુટુંબનું એક મહત્ત્વનું કાર્ય છે. કુટુંબના સભ્યોને મનોરંજન મળી રહે તે માટે કુટુંબના સભ્યો સાથે મળી બહાર ફરવા જાય, ટેલિવિઝન પર આવતા કાર્યક્રમો નિહાળે, રેડિયો પર ગીતો સાંભળે અને એકબીજા સાથે હસી-મજાક કરી આનંદ મેળવતા હોય છે.

આ એકમ તપાસ પદ્ધતિમાં લીધેલ વૃદ્ધાશ્રમમાં વૃદ્ધોને ખુશી અને આનંદ આપવાનું કાર્ય કરવામાં આવે છે. આ સંસ્થાના ઉદ્ભવ સમયે વૃદ્ધોના મનોરંજન અંગેનો કોઈ જ ખ્યાલ વિકાસ પામ્યો નહોતો. સમય જતાં વૃદ્ધોને ફુરસદનો સમય પસાર કરવા અને નિરાશામય જીવનમાંથી મુક્તિ મેળવવા તેમને આનંદમાં રાખવાનો ખ્યાલ ઉદ્ભવ્યો. હાલ ટેલિવિઝન, રેડિયો, કેસેટ પ્લેયર, વિડિયો કેસેટ પ્લેયર વગેરે વસાવીને સંચાલક મંડળ દ્વારા વૃદ્ધોને મનોરંજન આપવાનું કાર્ય કરવામાં આવે છે. આ ઉપરાંત વૃદ્ધોને આનંદમાં રાખવા સંસ્થાના સંચાલક, વ્યવસ્થાપક અને અન્ય સેવાભાવી સંસ્થાઓના સહયોગથી વૃદ્ધોને યાત્રા-પ્રવાસે લઈ જવાનું કાર્ય કરવામાં આવે છે.

**(૬) અન્ય કાર્યો**

ઉપરોક્ત કાર્યો ઉપરાંત કુટુંબમાં વૃદ્ધોનાં કપડાં ધોવાનું, હજામત કરવાનું, માંદગીના સમયમાં વૃદ્ધોને નવડાવવાનું વગેરે જેવાં કાર્યો કરવામાં આવે છે.

'વૃદ્ધ નિકેતન'માં વૃદ્ધોનાં ભોજન, રહેઠાણ, આરોગ્યની સંભાળ, ધાર્મિક અને મનોરંજનના કાર્ય ઉપરાંત વૃદ્ધોના કપડાં ધોવાનું (વોશિંગ મશિન દ્વારા) કાર્ય કરવામાં આવે છે. સંસ્થામાં રહેતા વૃદ્ધ પુરુષોની હજામત કરવાનું પગારદાર સ્ટાફ દ્વારા કરવામાં આવે છે. વૃદ્ધોનાં જાજરૂ-બાથરૂમની સાફ-સફાઈનું કાર્ય પણ પગારદાર સ્ટાફ દ્વારા કરવામાં આવે છે. કુટુંબમાં વૃદ્ધો આરામદાયક જીવન વ્યતીત કરી શકે તે માટે તેમને વિવિધ સગવડો આપવાનું કાર્ય કુટુંબ દ્વારા કરવામાં આવે છે, તે રીતે વૃદ્ધાશ્રમમાં વૃદ્ધોને વિવિધ સગવડો આપવાનું કાર્ય કરવામાં આવે છે.

'વૃદ્ધ નિકેતન' સંસ્થાની શરૂઆતમાં વૃદ્ધોને પાથરવા સાદડી અને ઓઢવા માટે ચાદર, જમવા માટે એક વાટકો અને પાણી પીવા માટે સહિયારુ એક માટલું અને ગ્લાસ આપવામાં આવેલાં. ક્રમે ક્રમે સંસ્થામાં ભંડોળ વધતા વૃદ્ધો માટેની સગવડો પણ વધારવામાં આવી. હાલ પણ આ સગવડોમાં વધારો કરવાનું ચાલુ છે. ધીમે ધીમે વૃદ્ધોને ન્હાવા માટે શિયાળામાં ગરમ પાણીની શરૂઆત કરી. ઉનાળામાં પીવા માટે ઠંડા પાણીની વ્યવસ્થા કરવામાં આવી. હાલ દરેક વૃદ્ધને પીવાના પાણી માટે અલગ માટલી અને ગ્લાસ આપવામાં આવેલ છે.

**સમાપન**

'વૃદ્ધ નિકેતન' સંસ્થાની ઉપરોક્ત ચર્ચાથી સ્પષ્ટ થાય છે કે સંસ્થા શરૂઆતના સમયે અશક્તાશ્રમ સ્વરૂપે ઉદ્ભવ પામેલી, ત્યાર બાદ તેનું નામકરણ વૃદ્ધ નિકેતન તરીકે થયું. શરૂઆતમાં વૃદ્ધોને માત્ર એક ટંક ભોજન આપી શકાતું હતું. હાલ ભોજન ઉપરાંત નાસ્તો અને ચા પણ આપવામાં આવે છે. ક્રમે ક્રમે સંસ્થાનો વિકાસ થતો ગયો તેમ સંસ્થામાં વૃદ્ધોને અપાતી સેવાનાં કાર્યોમાં વધારો થતો ગયો. આ સંસ્થાનો નિભાવ સરકારી અનુદાન, દાન અને વૃદ્ધો પાસેથી લેવામાં આવતી માસિક ફીની રકમમાંથી થાય છે. ❑

# પુસ્તક સમીક્ષા : 'સાહિત્ય અને સમાજ'

-નલિની કિશોર ત્રિવેદી

સાહિત્ય માનવ સમાજનું પ્રતિબંબ છે. માનવ જીવનનું સાચું અને જીવંત ચિત્ર, સાહિત્યમાંથી મળી શકે છે. હિમાંશી શેલતે કહ્યું છે કે, ''સર્જકનું સાહિત્ય તેની સામાજિક પ્રર્શ્વભૂમિકા પર નિર્ભર રહેવાનું'' સાહિત્યકારો પોતાની કૃતિ માટેના વિષયો જીવનમાંથી / જીવનના અનેક અનુભવોમાંથી મેળવે છે. જીવન ભરતી-ઓટથી ભરેલા અનેક સંબંધોનું જાળું છે. આમ સાહિત્ય અને સમાજ બન્ને માનવ સંબંધો અને વ્યવહારો જેવા વિષયોની આસપાસ વિકસે છે. સાહિત્યનો સર્જક અને ભાવક બન્ને સમાજમાંથી આવે છે તેમજ સમાજના લોકો સુધી કોઈ પણ વાત પહોંચાડવાનું માધ્યમ ભાષા છે. એ રીતે સાહિત્ય અને સમાજનો અતૂટ સંબંધ છે.

ડૉ. વિદ્યુત જોષીએ 'સાહિત્ય અને સમાજ' પુસ્તકમાં બન્ને વચ્ચેના વિશિષ્ટ અનુબંધનું ઝીણવટપૂર્વક આલેખન કર્યું છે. લેખક ખંતીલા અને સમાજશાસ્ત્રના અભ્યાસનિષ્ઠ અધ્યાપક તેમજ સતત પ્રવૃત્તિશીલ, જીવંત, સંવેદનાસભર સાહિત્યપ્રેમી બૌદ્ધિક છે. સમાજશાસ્ત્રના અધ્યાપક હોવા છતાં ગુજરાતી સાહિત્ય સાથેનો તેમનો સંબંધ ઊડીને આંખે વળગે તેવો છે. સમાજશાસ્ત્રના અભ્યાસીની સાહિત્ય રસિકતામાંથી લેખકનું 'સાહિત્ય અને સમાજ' પુસ્તક નિષ્પન્ન થયું જણાય છે.

કુલ ૨૩૦ પાનાંમાં પથરાયેલા આ પુસ્તકમાં ત્રણ વિભાગો છે અને પહેલા, બીજા અને ત્રીજા વિભાગમાં અનુક્રમે ચાર, પાંચ અને છ, એમ કુલ ૧૫ પ્રકરણો છે. પુસ્તકની આ બીજી આવૃત્તિ છે. પ્રથમ આવૃત્તિની પ્રસ્તાવનામાં જ લેખકે પ્રશ્નોની ઝડી વરસાવી છે. સર્જનપ્રક્રિયા વિશે ઘણું લખાયું છે, છતાં, નવોન્મેષ કેમ પ્રગટયાં? સર્જન માટેનો ધક્કો કેમ વાગ્યો? સર્જનને પોષક બળો ક્યાં? આ ઉપરાંત એકાદ વ્યક્તિની સાહિત્ય પર થતી અસર અંગે, સર્જકની મૂંઝવણ અને સર્જન પર ભાવકોની અસર અંગે, સાહિત્યસર્જન પર થતી દ્વારપાલોની અસર અંગે તેમણે અનેક સવાલો કર્યા છે. અને જણાવ્યું છે કે આ પ્રકારના સવાલોના પ્રતીતિજનક ખુલાસા આપી ન શકાય... એક દીવો પાથરે એટલો પ્રકાશ પાડી શકાય. લેખકે નોંધ્યું છે કે સાંપ્રત સમયમાં જ્યારે કોઈ એક જ્ઞાન શાખાને સીમાબદ્ધ જોવાનું વલણ ઘટતું જાય છે. ત્યારે આ પુસ્તકમાં સમાજશાસ્ત્ર અને સાહિત્યના બન્નેના સીમાડા પરનું લખાણ છે.

વિભાગ-૧નાં ચાર પ્રકરણોમાંના સાહિત્યના સમાજશાસ્ત્રનો અર્થ દર્શાવતા સમાજશાસ્ત્રના પિતા ફ્રાન્સના સમાજશાસ્ત્રી ઓગસ્ત કોમ્તથી શરૂ કરીને, હર્બર્ટ સ્પેન્સર, અમેરિકન સમાજશાસ્ત્રી મેકાઈવર, જ્હોન્સન, ગ્રીન વગેરેએ આપેલી સમજૂતીનું આલેખન કર્યું અને સ્પષ્ટ કર્યું કે ઓગણીસમી સદીના મધ્યમાં વિકસેલા સમાજશાસ્ત્રનું અભ્યાસનું કેન્દ્ર માનવ સમાજ છે. બીજાં સામાજિક શાસ્ત્રો (અર્થશાસ્ત્ર, રાજ્યશાસ્ત્ર) એકાદ પાસાંનો અભ્યાસ કરે છે જ્યારે સમાજશાસ્ત્ર એ સર્વ પાસાંને સમાજનાં વિવિધ અંગો ગણીને સમાજ-સંગઠનને અખિલાઈમાં (as a whole) સમજવાનો પ્રયત્ન કરે છે સર્જનના વિવિધ આયામોને સમજવાના ભાગરૂપે સમાજશાસ્ત્ર સાહિત્યનો પણ અભ્યાસ કરે છે. જોકે સમાજશાસ્ત્ર સાહિત્યના સ્વતંત્ર ક્ષેત્રમાં ચંચુપાત કરતું નથી. લેખકે સાહિત્યના સમાજશાસ્ત્રની વાત કલાના સમાજશાસ્ત્રના એક ભાગ તરીકે કરી છે. આ સિવાય લેખકે ભાષાને પણ સામાજિક નિપજ ગણાવી અને સ્પષ્ટ કર્યું કે સાહિત્યનું સ્વતંત્ર ક્ષેત્ર હોવા છતાં સાહિત્યનું સમાજશાસ્ત્ર એવી પાયાની ધારણા ધરાવે છે કે સર્જન સર્જકતા, નવોન્મેષ, પ્રેરણા વગેરે અન્યથા ગૂઢ દેખાતી બાબતો સામાજિક પેદાશ છે. લેખકે સાહિત્યના સમાજશાસ્ત્રના વિષયવસ્તુ તરીકે સાહિત્યમાં સમાજનું નિરૂપણ કૃતિનું વિશ્લેષણ, કર્તા, ભાવક કે વાચક, સર્જક, ભાવક સિવાયના મધ્યસ્થી તરીકે જરૂરી દ્વારપાલો, સાહિત્યમાં સામાજિક આંતરક્રિયા વગેરેને દર્શાવ્યાં છે. અને સાહિત્ય અંગેના સમાજશાસ્ત્રીય અભ્યાસો માટે

મોજણી, વસ્તુ વિશ્લેષણ, ઐતિહાસિક કે તુલનાત્મક પદ્ધતિમાંથી કંઈ પદ્ધતિ અપનાવી શકાય, એ અંગે ઉદાહરણ સાથે સમજૂતી આપીને સાહિત્યના અભ્યાસમાં સમગ્ર/સમષ્ટિ અને નમૂના મોજણી કોને કહીશું એ અંગે પણ સ્પષ્ટતા કરી છે. આ ઉપરાંત સર્જકનો તેમજ કૃતિનો સમાજશાસ્ત્રીય અભ્યાસ કંઈ રીતે થઈ શકે એ મુદ્દાઓની ચર્ચા કરતાં ડૉ. માણેકલાલ પટેલના પીએચ.ડી. માટે તૈયાર કરેલા શોધ નિબંધની ઝલક દર્શાવીને લેખકે વાચક અને અભ્યાસીને માર્ગદર્શન પૂરું પાડ્યું છે.

'સાહિત્યના સમાજશાસ્ત્રની પાર્શ્વભૂમિકા'ના પ્રકરણમાં લેખકે કહ્યું છેઃ 'અગાઉ સરસ્વતી કૃપા ઊતરે તો સાહિત્યકૃતિની રચના થાય' એ માન્યતામાં ઓગણીસમી સદીમાં ફરક આવ્યો અને તેને આ લોકની માનવ સંબંધોમાંથી સર્જાતી ઘટનાઓ તરીકે જોવાનું શરૂ થયું. ઓગણીસમી સદીના અંત સુધીમાં સાહિત્યના સમાજશાસ્ત્ર માટેનું બૌદ્ધિક વાતાવરણ કઈ રીતે તૈયાર થયું, તેમાં કયા કયા વિદ્વાનોનો ફાળો છે, કોણે કોણે, કયા કયા ક્ષેત્રના અભ્યાસો કર્યા છે એ અંગેની છણાવટ કરી છે અને જણાવ્યું છે કે સાહિત્યના સમાજશાસ્ત્રના ક્ષેત્રે ઈ.સ. ૧૮૭૧માં હિપ્પોલાઈટ ટેઈન લિખિત 'History of English Literature' પુસ્તકથી શરૂઆત થઈ. લેખકે એ અંગે જણાવ્યું છે ટેઈન કલાત્મક સર્જન માટે જરૂરી એવી માનસિક અવસ્થા નિપજાવવાને માટે આવશ્યક સામાજિક માધ્યમને વિશેષ મહત્ત્વ આપે છે. ૧૮૮૭માં જ્યાં મેરી ગ્યુ નામના ફ્રેન્ચ વિદ્વાને 'Art from the View of Sociology' આપ્યું. ત્યાર બાદ મેકસ વેબર, અર્નેસ્ટ બ્રામનસ્ટેટ, લેવિન તેમજ અમેરિકાના પિતરીન સોરોકિન, વિલ્સન, ઈંગ્લીસ, બેરેલ્ટન અને સોલર, આલ્બ્રેક, લોવેન્થલ વગેરેનાં નોંધપાત્ર ફાળા અંગે લેખકે છણાવટ કરી છે.

૧૯૮૦ પછી અમેરિકામાં સાહિત્યના સમાજશાસ્ત્રનો સમાવેશ અભ્યાસક્રમમાં થયો. ભારતમાં અને ગુજરાતમાં કંઈ રીતે શરૂઆત થઈ અને કયાં કયાં પુસ્તકો ઉપલબ્ધ બન્યા વગેરેની છણાવટ કરતાં લેખકે નોંધ્યું છે કે સાહિત્યના સમાજશાસ્ત્રમાં ભારતીય અભ્યાસમાં પાયાનું પ્રદાન રાધાકમલ મુખર્જીના 'Sociolosy of Art' પુસ્તકમાંના ચારેક અભ્યાસ લેખોથી થાય છે, ત્યારબાદ ડૉ. થૂથીનો અભ્યાસ તેમજ સૂલોચના રાંગેય રાઘવનનો હિન્દી નવલકથાનો અભ્યાસ પણ થયો છે. ગુજરાતીમાં એકમાત્ર પુસ્તક 'કલાનું સમાજશાસ્ત્ર' (સંપાદક : અક્ષયકુમાર દેસાઈ : ૧૯૭૨) છે. જો કે કેટલાક પી.એચ.ડી. કક્ષાના સંશોધનોનો ઉલ્લેખ પણ લેખકે કર્યો છે. આ સિવાય પ્રસ્તુત પ્રકરણમાં સાહિત્ય, સર્જકતા, સર્જક અને તેનું વ્યક્તિત્વ, સમાજ, સંસ્કૃતિ વગેરે જેવા સાહિત્યના સમાજશાસ્ત્રના કેટલાક મૂળભૂત ખ્યાલોની સમજૂતી પણ આપી છે.

સૈદ્ધાંતિક અભિગમોની વાત કરતાં પ્રકરણ-૩માં લેખક કહે છે કે ''સાહિત્ય અને સમાજ વિજ્ઞાનના અભ્યાસીએ વિવિધ સૈદ્ધાંતિક અભિગમોની જાણકારી મેળવવી પડે, અલબત્ત સૈદ્ધાંતિક અભિગમોની સંખ્યા એટલી બધી છે કે તમામની ગણના અને સમજૂતી શક્ય નથી'' (પા.૪૭). આમ છતાં તેઓએ માકર્સવાદી, અંગ્રેજી શાખા, જનવાદી (Popular Art), સંરચનાવાદી, અર્થઘટનવાદી, સમૂહ પ્રત્યાયનવાદી વગેરે અભિગમોની પુસ્તકમાં ચર્ચા કરી છે.

સૈદ્ધાંતિક અભિગમો અંગેની રજૂઆત પછી લેખકે તેઓની પોતાની સાહિત્યકૃતિ 'સરસતી સરસતી તું મોરી મા' લઘુનવલ સમયે અનુભવેલી મથામણ અને સર્જન પછી જન્મેલા વિવાદની વાત 'એક સર્જકની મથામણ' પ્રકરણમાં સુપેરે કરી છે. તેઓએ સપષ્ટ જણાવ્યું કે, ''મારે માટે મારા મનમાં ઉઠતા સવાલો મહત્ત્વના છે. સમાજ વિજ્ઞાનની તાલીમ અને કોલેજ યુનિવર્સિટી કક્ષાએ અધ્યાપન કરતાં મારા મનમાં અનેક સવાલો ઉઠતા હતાં'' (પા. ૬૧). કથાવસ્તુની આસપાસ મનોમંથન વાતચીત, જરૂરી સંશોધન પછી પ્રેરણા મેળવી છે. તેઓએ જણાવ્યું છે કે ''ગુજરાતી સાહિત્યનો વાડો વિસ્તારવાનો આ પ્રથમ પ્રયાસ છે. તે જોતાં ચર્ચા અને ટીકા આવકાર્ય છે. વાડાબંધી નબળી પડે અને અભિગમ-ઔદાર્ય પ્રવેશે

તે પણ ગુજરાતી સાહિત્યના હિતમાં જરૂરી છે'' (પા.૬૫).

લેખકે આદિવાસી વિકાસ અને શ્રમજીવીઓ અંગે, નર્મદા યોજના અંગેના સંશોધન આધારિત અહેવાલો અને તેને આધારે પુસ્તકો લખ્યાં છે. 'સરસતી સરસતી...' -માં તેઓને પોતાના શિક્ષણના અનુભવો કહેવા હતા. જો અહીં સંશોધન અહેવાલના સ્વરૂપે જ કશુંક કહેવાયું હોત તો એ અહેવાલની અંદરની વાસ્તવિકતા જેમને પહોંચાડવી છે તેને ન પહોંચે. લેખકે નોંધ્યું છેઃ ''આદિવાસી વિકાસ વિશે સંશોધન કરી અનેક લેખો અને અહેવાલો લખ્યા છે જે મર્યાદિત વર્તુળમાં વંચાય છે. જ્યારે આદિવાસી વિસ્તારના અનુભવોને પ્રવાસકથા સ્વરૂપે 'આ પણ ગુજરાત છે, દોસ્તો' માં મૂક્યા ત્યારે આ પુસ્તક વ્યાપક પ્રમાણમાં વંચાયું અને તેના પ્રતિભાવો પણ મળ્યાં (પા. ૧૫). ''સરસતી સરસતી તું મોરી મા' -માં પણ શિક્ષણકાર્ય કરતાં થયેલા અનુભવોની ગુંથણી પછી શિક્ષણ અને સમાજના સંબંધોનું સૂચન કર્યું છે. તેઓના મતે સાહિત્યમાં નવા વિષયો અને નવાં સ્વરૂપોનું ખેડાણ ત્યારે જ થાય જ્યારે અન્ય વિદ્યાશાળાની વ્યક્તિઓ એ તરફ વળે.

પુસ્તકના બીજા ભાગના 'ગુજરાતી સાહિત્યનો સમય સંદર્ભ' પ્રકરણમાં લેખકે ગુજરાતી સાહિત્યને સમય, સ્થળ અને જૂથના સંદર્ભે જોયું છે, મધ્ય યુગના સંદર્ભનાં સુલતાન યુગ તેમજ ધર્મ અને રાજ ભક્તિ માર્ગ અંગે વાત કરતાં મધ્યયુગીને સાહિત્યના પંડિતયુગ, ગાંધીયુગ અને અનુગાંધીયુગ એમ ત્રણ વિભાગો દર્શાવ્યા અને એ સમયના અન્ય વિવિધ સંદર્ભોને વિગતવાર સૂચવ્યા છે. ખાસ કરીને ગાંધીયુગના ત્રણ મહત્ત્વના સંદર્ભો રાષ્ટ્રવાદી આંદોલન, ગાંધીવાદી જીવનપદ્ધતિ તથા સામાજિક પાયાના વિસ્તારની રજૂઆત કરી છે તો અનુગાંધીયુગ અર્થાત્ આઝાદી પછી આઝાદીની લડત દરમિયાન સર્જકે દોરેલું આઝાદીનું ચિત્ર, પ્રશ્નો અને પડકારોથી રંગાય છે આથી અનુગાંધીયુગનો સર્જક સમાજના અનુબંધથી કપાઈ જાય છે. લેખકે નોંધ્યું છે. ''મુખ્ય પ્રવાહ અથવા લલિત સાહિત્યના સર્જકોને અટૂલાપણું લાગે છે ત્યારે આદિવાસીઓ, દલિતો, મહિલાઓ, અત્યાર સુધી ઉપેક્ષિત રહેલા (જેમકે લોકસાહિત્ય) વર્ગો ધીમે ધીમે સપાટી પર ઉપસતા જાય છે'' (પા.૮૧). પંચાયતી રાજ આવતાં અત્યાર સુધી ઉપેક્ષિત રહેલા ગ્રામીણ સમાજના વર્ગોને મુખ્ય પ્રવાહમાં સક્રિય ભાગીદારી મળી. અને સાહિત્યના સ્વરૂપે જાણે પાસું બદલ્યું.

'દલિત સાહિત્ય અને જૂથ સંદર્ભ' પ્રકરણમાં લેખકે નોંધ્યું છેઃ ''ગુજરાતમાં દલિત સહિત્યે હજી તો ત્રીસ વર્ષનો ગાળો જોયો છે. કોઈ પણ સાહિત્ય સ્વરૂપને મૂલવવા માટે આ ગાળો નાનો ગણાય છતાં તેની શરૂઆત એક સ્પષ્ટ તરાહ બતાવે જ છે'' (પા. ૯૬-૯૭). ગુજરાતમાં દલિતોની શ્રેણી યુગોથી છે પણ ૧૯૮૦ પછી દલિત સાહિત્ય વિકસ્યું. લેખકે દલિત સાહિત્યને ઉપશ્રેણીના સાહિત્ય કિસ્સા તરીકે જોવાનો પ્રયત્ન કર્યો છે. એ સિવાય જનવાદી, નારીવાદી, આદિવાસી અને જૈન સાહિત્યને પણ ઉપશ્રેણીઓના કિસ્સાઓ ગણાવ્યા છે. આ બધાને તેના સામાજિક સંદર્ભમાં જોઈ શકાય. આ જ પ્રકરણમાં દલિત સાહિત્યના સંદર્ભો, દલિત 'ભદ્ર'નો ઉદ્ભવ, વેદના અનુભવતાં દલિતોનું ઈશ્વરભક્તિને બદલે સામાજિક વિદ્રોહના સાહિત્ય તરફ વળવું, દલિત વિરોધી આંદોલનો અને દલિત સાહિત્યને પ્રાપ્ત થયેલી ચાલના, ઉપવર્ગોનો સમાંતર પ્રવાહ, લલિત સાહિત્યના સ્વરૂપ અને લક્ષણો વિશે વાત કરવામાં આવી છે. ઉપરાંત ગુજરાતી-મરાઠી દલિત સાહિત્ય અને સાહિત્યકારો અંગે તેમજ દલિત કવિતા, દલિત વાર્તા, દલિત નવલકથા, દલિત સામાયિકો અને જેમાં દલિત સાહિત્ય પ્રસિદ્ધ થતું હતું તેવાં સામાયિકોની સૂચિ પણ આપી છે. અંતે તેઓએ નોંધ્યું છેઃ ''દલિત સાહિત્યનું ભવિષ્ય દલિતોની સ્થિતિ અને દલિત આંદોલન પર નિર્ભર રહેશે'' (પા.૯૭).

'લોકસાહિત્ય અને લોકસમાજ'ના પ્રકરણમાં લેખકે સૌ પ્રથમ લોકસાહિત્ય અને લોક વિદ્યાની વિભાવના સ્પષ્ટ કરી અને જણાવ્યું. 'લોકસાહિત્ય અને લોકવિદ્યા એ લોકસમાજમાંથી ઉત્પન્ન થાય છે અને માત્ર આનંદ આપવાની ભૂમિકા નથી ભજવતું પણ લોકસમાજના

જીવનને ટકાવી રાખવામાં કે તેના અસ્તિત્વના પ્રશ્નો હલ કરવામાં મહત્ત્વની ભૂમિક ભજવે છે (પા.૯૮). તેઓએ ગુજરાતના લોકસમાજનાં સ્વરૂપને સમજવા તળગુજરાત, આદિવાસી પટ્ટી અને સૌરાષ્ટ્ર કચ્છ એવા ત્રણ સંસ્કૃતિક વિભાગોમાં વહેંચ્યા અને લોકસાહિત્યના લક્ષણો તેમજ સ્વરૂપોની વિષદ ચર્ચા કરી છે એ સાથે લોકગીત, ગાથા કે કથા , લોકનાટ્ય, લોકોકિત વગેરે જેવા લોક સાહિત્યનાં સ્વરૂપો અંગે જાણકારી આપી છે. અને આ સ્વરૂપોમાં વિવિધ સામાજિક સંબંધો અને ભાવનાઓને વણી લેવામાં આવતી હોવાનું નોંધ્યું છે. આવું સાહિત્ય અનુલોક સમાજને આનંદ આપવાનું, સાંસ્કૃતિક વારસાના સાતત્યનું કામ કરે છે.

'ગુજરાતી સાહિત્ય અને સ્ત્રીનો દરજ્જો' પ્રકરણની શરૂઆતમાં લેખકે કહ્યું. સાહિત્યનું સમાજશાસ્ત્ર સ્ત્રીની વિશિષ્ટ શ્રેણી અંગે અને તેના ઉપચાર અંગે, સ્ત્રીના દર જ્જૂના વાસ્તવિક નિરૂપણ અંગે, નારીવાદી સાહિત્યના અલગ સ્થાન અંગે, તેના નારીવાદી આંદોલન સાથેના સંબંધ અંગે, 'ગુજરાતી નારી'ના આદર્શ પ્રારૂપ અંગે, સમરૂપ શ્રેણી અંગે અનેક સવાલો કર્યા છે. અને જણાવ્યું કે આવા સવાલોના ઉત્તરો આપવાનો પ્રયાસ સાહિત્ય સમાજશાસ્ત્રનો એક ભાગ ગણાય.

અગાઉના સાહિત્યમાં ઊભી કરેલી સ્ત્રીની સ્તુત્ત્વ આભાની લેખકે વાત નથી કરી, અહીં તો નારીનું વાસ્તવિક ચિત્રણ તથા નારી મૂક્તિની વિભાવના ચરિતાર્થ થવાના પરિપાકરૂપે જન્મેલા સાહિત્યની વાત છે. ગુજરાતી સાહિત્ય અને સ્ત્રીના દરજ્જાની વાત કરતાં લેખકે નારીવાદી સાહિત્ય ઘડતરનાં પોષક બળો અંગે વાત કરી અને એથી સામાજિક સુધારણા અને રાષ્ટ્રવાદી આંદોલન, નારી મુક્તિ આંદોલન, સ્ત્રી સંગઠનો વગેરેની વાત કરીને સાહિત્યકૃતિમાં સ્ત્રીનું ચિત્ર અને નારીવાદી સાહિત્ય અંગે છણાવટ કરી છે. તેમજ જાણીતા લેખકોની કેટલીક કૃતિઓમાં સ્ત્રીના સામાજિક સ્થાનને કેવું દર્શાવ્યું છે એ અંગે અને કેટલીક કૃતિઓમાં સ્ત્રીના સામાજિક સ્થાનને કેવું દર્શાવ્યું છે એ અંગે કેટલીક વાર્તાનું વિવેચન સ્ત્રીના સામાજિક સ્થાનને કેવું દર્શાવ્યું છે. એ અંગે અને કેટલીક વર્તાનું વિવેચન સ્ત્રીના દરજ્જાને લક્ષમાં રાખીને કઈ રીતે થયું છે તેનું પણ વર્ણન કર્યું છે. તેઓએ જણાવ્યું કે નારીગૌરવ, સમાનતા તેમજ પિતૃસત્તાક સમાજનાં મૂલ્યો સામે સ્ત્રીએ જે અવાજ ઉઠાવ્યો તેની અભિવ્યક્તિ નારીવાદી સાહિત્ય સ્વરૂપે થઈ તેમ કહી શકાય (પા. ૧૫૦). લેખકે 'સાત પગલાં આકાશમાં' નવલકથાને સીમાચિહ્ન ગણાવી, પણ લેખક નોંધે છે કે છેલ્લા બે દાયકામાં દલિત સાહિત્યનું ખેડાણ થયું છે એવું નારીવાદી સાહિત્યનું થયું નથી.

'ગાંધી, રાષ્ટ્રવાદી આંદોલન અને સાહિત્ય' પ્રકરણની શરૂઆતમાં લેખક કહે છેઃ ''ગાંધીજીના નેતૃત્વ નીચે રાષ્ટ્રવાદી આંદોલનમાં ભારત વર્ષ હિલોળે ચઢ્યું, તેણે માત્ર ગુજરાતી જ નહીં, સમગ્ર ભારતીય સાહિત્ય પર તેની અસર કરી'' પંડિતયુગમાં સમાજ સુધારણાની નિસ્બત હતી પણ ગાંધીયુગના લગભગ બધાજ સાહિત્યકારો પર ગાંધીજી અને રાષ્ટ્રવ્યાપી આંદોલનની અસર જોવા મળે છે. કેટલાક સાહિત્યકારો તો જેલમાં પણ ગયેલા. આથી સાહિત્યનું મિશન રાષ્ટ્રવાદી લડત બની ગયું. લેખકે કેટલીક કાવ્યપંક્તિની નોંધ કરીને ગાંધીજી તેમજ રાષ્ટ્રવાદી આંદોલનની અસરને વધું સ્પષ્ટ બનાવી છે. આ સાહિત્ય વિષયો અને ભાષાની દૃષ્ટિએ પંડિત યુગથી તદ્દન જુદું પડે છે. ગાંધીયુગના સાહિત્યકારો માટે સાહિત્ય એ નિશ્ચિત જીવનદૃષ્ટિ પામવા અને ઘડવાનું સાધન હતું.

લેખકે ગાંધીયુગના ગુજરાતી સાહિત્યને ગાંધીજીનું સાહિત્ય, ગાંધી વિચારનું સાહિત્ય તથા સર્જનાત્મક સાહિત્ય એમ ત્રણ ભાગમાં વહેંચ્યું છે. લેખકે કેટલાંક નિરીક્ષણોમાં નોંધ્યુ છેઃ ગાંધીજી એક યુગ પ્રવર્તક હતાં તેમનો પ્રભાવ અનેક ક્ષેત્રો પર પડ્યો તેમ સાહિત્ય પર પણ રહ્યો. છતાં એક યુગદૃષ્ટા પર 'મહાકાવ્ય' ન રચાયાનું આળ છે. તેઓએ નોંધ્યુ છે કે આ જ ગાળામાં માર્કસવાદ અને ઉદારમતવાદ પણ વૈચારિક વિકાસ પામ્યા અને તેનો નવમાકર્સવાદ કે અનુઆધુનિકવાદ તરીકે તાત્ત્વિક વિકાસ થયો. તેવો નવગાંધીવાદનો નથી થયો.

પુસ્તકના ત્રીજા વિભાગમાં લેખકે પ્રથમ ત્રણ

પ્રકરણો (૧૦, ૧૧, ૧૨)માં ક. મા. મુન્શી, જયંતિ દલાલ અને વીર નર્મદ  એમ ત્રણ સાહિત્ય સર્જકોને તેમના સામાજિક પરિપ્રેક્ષ્યનાં તપાસ્યા છે. લેખક કહે છે. દરેક સર્જકમાં જન્મથી જ કેટલીક પ્રતિભા રહેલી હોય છે. તે સ્વીકારીએ તો પણ તેના સામાજિક સંદર્ભ વિના જે તે સર્જનને જરાકેય ન સમજાવી શકાય.

'ક.મા. મુન્શી - સર્જકનો સંદર્ભ' પ્રકરણમાં મુન્શીને સામાજિક સંદર્ભ અને સમાજશાસ્ત્રીય દૃષ્ટિકોણથી તપાસવા તેઓની જ્ઞાતિ (બ્રાહ્મણ), કૂળ (ભર્ગવ), કલેક્ટર પિતા, કોલેજ શિક્ષણ અને એ દરમિયાન અરવિંદ ઘોષનો સંપર્ક, એડવોકેટ મુન્શીનો પશ્ચિમી સાહિત્ય સાથેના પરિચય તેમજ તેઓની પોતાની પ્રતિભા અંગેની વાત કરી છે. આથી મુન્શીએ અનેક સામાજિક, ઐતિહાસિક, ધાર્મિક, પૌરાણિક નવલકથાઓ અને નાટકો આપ્યાં લેખકે નોંધ્યુ છે. બાળક મુન્શીએ અંગ્રેજ કલેક્ટર દ્વારા ડેપ્યુટી કલેક્ટરને અપમાનિત થતાં જોયાં અને મુન્શીનો રાષ્ટ્રવાદ કે અસ્મિતાનો ખ્યાલ અંગ્રેજોને કાઢીને બ્રાહ્મણ સંસ્કારો અને વર્ચસ્વ ફેલાવવા માટે રહ્યો. ગુજરાતની અસ્મિતાને નામે ગુજરાતના ઉપરના વર્ગોનાં હિતોની વાત કરી છે. લેખક જણાવે છે. મુન્શીના ભદ્રવર્ગીય સંદર્ભો તેમને તેમના સંદર્ભચોકઠાની બહાર રહેલા ઉગ્રવાદ, દુષ્કાળ, ગામડાંઓની પડતી, ગ્રામકારીગરોની બેહાલી વગેરે વ્યાપક સમાજના સંદર્ભો તરફ આંખમીચામણાં કરાવે છે. અને છેલ્લે નોંધ્યું કે ''પંડિત યુગના અંત ભાગમાં અંગ્રેજિયત નકારવી છતાં તેનાં કેટલાંક 'સારાં' તત્ત્વો સ્વીકારવા અને ભારતીય સંસ્કૃતિનું ગૌરવ સ્થાપવું તેવી જે મુખ્ય માન્યતા પ્રવર્તતી હતી તેના સમર્થ પ્રતિનિધિ ક. મા. મુન્શી હતાં. તેમના સર્જનને તેમના આ પ્રતિનિધિત્વની અભિવ્યક્તિ તરીકે જોઈ શકાય'' પા. (૧૬૪).

પ્રકરણ ૧૧ 'જયંતિ દલાલની સામાજિક ચેતના'નું છે. લેખક કહે છેઃ ''સાહિત્યક્ષેત્રે ચાલી રહેલા વૈચારિક વિવાદોમાંનો એક વિવાદ સાહિત્યકારની સામાજિક ચેતના અંગેનો છે.'' લેખકે સમજૂતી આપી કે, ''સાહિત્ય ચેતના એટલે પોતાના સમાજ વિશે, તેની સમસ્યાઓ વિશે સાહિત્યકારની જાગૃતિ, સમજણ અને પ્રતિભાવ.'' તેમાં ત્રણ બાબતો સાહિત્યમાં સમાજનું નિરૂપણ, સાહિત્યકાર પર સામાજિક સંદર્ભની અસર અને સાહિત્યકારની સામાજિક ચેતનાનો સમાવેશ થાય.

જયંતિ દલાલનું સાહિત્ય તેમની સામાજિક ચેતનાનો પડઘો પાડતું હતું. યુવા જયંતિ દલાલે સ્વાતંત્ર્ય આંદોલનની અસર હેઠળ કોલેજ અભ્યાસ છોડ્યો અને એ સમયના યુવાનોએ સેવેલા લોકશાહી, સમાજવાદ, બિન-સાંપ્રદાયિકતા અને વિકાસના આદર્શો તેમના સાહિત્ય દ્વારા વ્યક્ત કર્યા. લેખકે નોંધ્યું છેઃ ''જયંતિ દલાલની શૈલી ફિક્શનની છે. પણ અર્થઘટન સમાજ વૈજ્ઞાનિક છે'' (પા.૧૬૯). જયંતિ દલાલનું પુસ્તક 'શહેરની શેરી' એ શહેર સમાજશાસ્ત્રના એક શોધ નિબંધ જેવું છે તેમાં ન પ્રકરણ ન નાયક-નાયિકા કે ખલનાયક છતાં શ્રી દલાલે અમદાવાદની પોળોના સામાજિક જીવનનું અર્થઘટન કર્યું છે. આ પુસ્તક સાહિત્યના કોઈ એક સ્વરૂપમાં નથી બંધાતું નિરીક્ષણ શક્તિ, રાજકીય વિચારધારાની સુઝ તથા વિશાળ વાંચનને લીધે લેખકમાં એક અર્થઘટનીય સમજણ કેળવાયેલી દેખાય છે (પા. ૨૭૦). આ સિવાય લેખકે જયંતિ દલાલની કૃતિઓમાંથી કેટલાંક અવતરણો ટાંકીને તેમજ અન્ય સાહિત્યકારોએ એમની સામાજિક ચેતનાને  અનુલક્ષીને આલેખેલી વાતોને ટાંકીને જયંતિ દલાલની સામાજિક ચેતનાને વાંચક સુધી પહોંચતી કરી છે. અંતે લેખકે નોંધ્યુ છે, 'જો સર્જક સંવેદનશીલ હોય તો મૂલ્યો પ્રત્યે તેની પ્રતિબદ્ધતા હોય જ, જયંતિ દલાલમાં આવી પ્રતિબોદ્ધતા અને કર્મશીલતા અખૂટ હતી. તેમ કહી શકાય.''

'વીર નર્મદ-નવજાગુતિનો ધારક' પ્રકરણમાં અનેક

આપત્તિઓની વચ્ચે સમાજ સુધારણા પ્રવૃત્તિમાં યાહોમ કરીને ઝંપલાવનાર વીર નર્મદનું સાહિત્ય સમાજ સુધારાના સંદર્ભમાં જોવા અનુરોધ થયો છે. આ પ્રકરણમાં નર્મદ અને દલપતરામ બન્નેને નવજાગૃતિના ધારક કહ્યાં છે અને એમના સમય કાળમાં તેઓએ અંગ્રેજી શાસન, પશ્ચિમી શિક્ષણ અને સંસ્કૃતિ, ઉદ્યોગ અને ટેકનોલોજી, સાહિત્યનું બદલાતું સ્વરૂપ વગેરેનું આલેખન કર્યું છે.

પ્રસ્તુત પ્રકરણમાં ગુજરાતમાં નર્મદ પહેલાની નવ-જાગૃતિની પ્રવૃત્તિ અંગે વાત કરી નર્મદના આગમનની, તેઓની સુધારણાની પહેલ તેમની સુધારક મંડળી અને સુધારાના સાહિત્યની સ્ત્રીઓના સ્થાન સુધારમાં નર્મદના પ્રદાનની, નર્મદના જ્ઞાતિના કુરિવાજોમાં સુધારા અંગે અને એ દ્વારા ગુજરાતમાં ઊભી થયેલ નવજાગૃતિ અને એ અંગેના સાહિત્યની વાત કરી છે.

વિભાગ ત્રણના અને પુસ્તકનાં છેલ્લાં ત્રણ પ્રકરણોમાં લેખકે કૃતિનો સંદર્ભ સ્ક્રેપબુક્સ, ગુજરાતી ભાષા-સાહિત્યનો ભાવક વર્ગ અને ગુજરાતી સાહિત્યના દ્વારપાલોની ચર્ચા કરી છે.

કૃતિનો સંદર્ભ પ્રકરણમાં લેખકે સર્જકની જેમ કૃતિને તેના સામાજિક સંદર્ભમાં મૂલવી છે. એ માટે પંડિત-યુગના પ્રબુદ્ધ સાહિત્યકાર અને સરસ્વતીચંદ્રના લેખક ગોવર્ધનરામ ત્રિપાઠીની 'સ્ક્રેપબુક્સ' (Scrap books) નામની non-fictional અંગ્રેજી કૃતિને પસંદ કરી છે. લેખકનું માનવું છે કે ગુજરાતી માતૃભાષાના સર્જકો જ્યારે કેટલુંક સાહિત્ય અંગ્રેજી કે પરભાષામાં સર્જે છે. ત્યારે બે જુદા જુદા ભાવકો અથવા વાચકોને ખ્યાલમાં રાખીને લખતા હોય છે. ભારતના પ્રાદેશિક માતૃભાષા ધરાવતા ભદ્ર વર્ગના સર્જકોએ જે અંગ્રેજી સાહિત્ય રચ્યું તે સમાજશાસ્ત્રના વિશ્લેષણનો એક વિષય બની ગયું છે. તેઓએ એ પણ નોંધ્યું કે ભારત જેવા બહુભાષી દેશમાં કોઈ એક ભાષા નહીં પણ સામાજિક સંદર્ભ કૃતિની ઓળખ નક્કી કરવામાં વધું મહત્ત્વનો ગણવો જોઈએ ૧૯૧ સ્ક્રેપબુક્સ એ ગોવર્ધનરામના જીવનની અંગત નોંધ છે. તેમાં સમાજની સંયુક્ત કુટુંબ પ્રથા, તેમાં જોવા મળતાં વિવિધ, સામાજિક સંબંધો, પત્નીની ભૂમિકા, સામાજિક ધાર્મિક રિવાજો ખાસ કરીને બાળલગ્ન, એથી તેઓને થયેલો ગુનાઈત ભાવ, અંગ્રેજી શિક્ષણ અને અંગ્રેજી માહોલ વગેરે સામાજિક સંદર્ભોને સ્પષ્ટ પકડી શકાતા હોવાનું લેખકે નોંધ્યું છે. વળી, આ નોંધ અંગ્રેજી ભાષામાં લખવા પાછળનો તર્ક સમજાવતાં લેખકે જણાવ્યું, "જે સમયગાળામાં અને જે સામાજિક પરિવેશમાં ગોવર્ધનરામ ત્રિપાઠી થયાં એ સમય અને પરિવેશે તેમને અંગ્રેજી સાથે એવો સંબંધ જોડી આપ્યો કે જે તેમની માતૃભાષા ન હોવા છતાં ઘણો નજદીકી સંબંધ હતો." (પા.૧૯૨).

સાહિત્ય સર્જવા પછી તેનું પ્રકાશન, સંવર્ધન, ભાવકો દ્વારા ખરીદી જરૂરી છે. જો ભાવક વર્ગ ન હોત તો સાહિત્ય ભદ્ર વર્ગનાં કેટલાંક સંગઠનો પૂરતું મર્યાદિત રહ્યું હોત. 'ગુજરાતી ભાષા-સાહિત્યનો ભાવક વર્ગ, પ્રકરણમાં લેખકે સમય બદલાતા ભાવકોની બદલાતી તાસીર અંગે વાત કરતાં જણાવ્યું કે સાહિત્યનો ભાષા સંદર્ભ જેટલો સ્પષ્ટ છે એટલો અન્ય કોઈ કલાનો નથી. સંગીત, ચિત્ર, નૃત્ય વગેરે ભાષા વગર પણ માણી શકાય જ્યારે ભાષાનું સાહિત્ય માણવા માટે જે તે ભાષાનું જ્ઞાન હોવું એ પાયાની બાબત છે.

આ પ્રકરણમાં ગુજરાતી ભાષાની વાત પ્રત્યાયનના માધ્યમ તરીકે થઈ છે. ભાષા સામાજિક નીપજ છે. સ્થાનિક જૂથો એકભાષા કે બોલીથી કામ ચલાવે પણ સાંપ્રત સમયમાં અન્ય સમુદાય સાથેના પ્રત્યાયન માટે બીજી ભાષા જરૂરી બની છે. સંદર્ભો બદલાતા ભાષા અને સાહિત્યની સ્થિતિ બદલાય છે (પા. ૨૧૨).

'ગુજરાતી સાહિત્યના દ્વારપાલો' પ્રકરણમાં લેખકે સર્જક અને ભાવક વચ્ચે સંપર્ક સ્થાપવામાં ભાગીદાર બનતા પ્રકાશકો, સેન્સર, વિવેચકો, વિતરકો, જાહેર

ગ્રંથાલયો વગેરેને દ્વારાપાલો કહ્યા છે. લેખકે નોંધ્યું છે કે સૌથી વધુ પ્રકાશનગૃહો વણિક જ્ઞાતિના છે અને લેખકો દ્વારા ચલાવતા તમામ સફળ પ્રકાશનગૃહો બિન બ્રાહ્મણ લેખકોના છે. આ સમાજશાસ્ત્રીય હકીકતને ઉવેખી શકાય તેમ નથી. વળી, તેમાં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે અભિવ્યક્તિ પામતા સામાજિક સંદર્ભોની સુક્ષ્મતાને લેખકે સહજ રીતે આલેખી છે. દા.ત. સાહિત્યમાં વાડા કે જૂથબંધી સમજાવવા મેક - MAC ( Mutual Appreiciation Corporation - પરસ્પર દાદ આપનારી મંડળી ) અને કોઈ નવોદિતની સડસડાટ ઉર્ધ્વગતિશીલતા. એ રીતે સાહિત્ય અને સમાજને તથા સમાજશાસ્ત્રની વિભાવનાઓને એક પરિપાટી પર રાખીને સાંકળવાનો પ્રયોગ કર્યો છે.

ટૂંકમાં કહીશ કે પ્રસ્તુત પુસ્તકમાં સાહિત્યમાંથી ઉપસતું સમાજશાસ્ત્ર અને સાહિત્યના સમાજશાસ્ત્રની છણાવટ અનેક દૃષ્ટિએ અને સ્વરૂપે કરી છે. એક સાહિત્યકાર સમાજ, સામાજિક સંબંધો ને ઓળખ્યા વગર પૂર્ણ સાહિત્ય ન રચી શકે, તેમ સમાજશાસ્ત્રી સાહિત્ય કૃતિઓમાં ઊંડા ખૂંપ્યા વગર સામાજિક સંબંધોના સંદર્ભો સુધી ભાગ્યે જ પહોંચી શકે.

મને ખાતરી છે કે પુસ્તકની હજુ વધારે આવૃત્તિ થશે અને તેમાં લેખક ભારતના અન્ય પ્રાન્તના લેખકોના અનુવાદિત પુસ્તકોમાં અભિવ્યક્ત થતા સમાજનાં ચિત્રનો તેમજ વિકસી રહેલા ડાયસ્પોરિક સાહિત્યનો પણ ઉમેરો કરશે.

સાંપ્રત સમયમાં ઉચ્ચ શિક્ષણમાં પણ સેમેસ્ટર પદ્ધતિનો સ્વીકાર થતાં દર છ મહિને નવો અભ્યાસક્રમ ભણવો-ભણાવવાનો છે. ત્યારે સાહિત્યનું સમાજશાસ્ત્ર, સમાજ અને સાહિત્ય કે સાહિત્ય અને સમાજનો તુલનાત્મક અભ્યાસ કે કોઈક કૃતિનો અભ્યાસ જેવા વિષયોની સમજ માટે ડૉ. જોષીનું આ પુસ્તક વિદ્યાર્થીઓ અને અધ્યાપકોને ખૂબ મદદ કરશે તેવું હું માનું છું.

‘સાહિત્ય અને સમાજ’, લે. વિદ્યુત જોષી, પાર્શ્વ પ્રકાશન, અમદાવાદ (૨૦૧૨), કિંમત : રૂ. ૧૮૫,પૃષ્ઠ: ૨૩૦.

❑

**ગુજરાતની ૧૧મી પંચવર્ષીય યોજનામાં આદિજાતિઓના વિકાસની કેટલીક યોજનાઓ માટે નક્કી કરાયેલો ખર્ચનો લક્ષ્યાંક અને વાસ્તવિક ખર્ચ**

| ક્રમ | વિગત | લક્ષ્યાંક કરોડ રૂ. | વાસ્તવિક ખર્ચ કરોડ રૂ. |
|---|---|---|---|
| ૧ | આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ અને બહાર ખેતીને ટેકો | ૨૨૫.૩૯ | - |
| ૨ | જમીન સંવર્ધન | ૨૦૦.૭૨ | ૮૫.૧૦ |
| ૩ | ડાંગ જિલ્લામાં ડાંગરના ખેડૂતો માટે ક્યારી બનાવવી | ૨.૯૦ | ૦.૭૪ |
| ૪ | સંકલિત જમસ્રાવ વિકાસ | ૧૨૦.૦૦ | ૭૮.૮૦ |
| ૫ | જમીન અને પાણી માટેની તમામ યોજનાઓ | ૪૮૧.૪૭ | ૨૫૧.૫૫ |
| ૬. | સામુદાયિક વનીકરણ યોજના | ૯૦.૦૦ | ૫૯.૮૬ |

સ્રોતઃ વિકાસ કાર્મક્રમ, ૨૦૧૨-૧૩, બજેટ પ્રકાશન નં.૩૫, ગુજરાત સરકાર.

## પુસ્તક પરિચયઃ ૧. ગરાસિયા આદિજાતિમાં સમાજ અને સંસ્કૃતિનો અભ્યાસ

- ડૉ. જયશ્રી શાહ

પ્રસ્તુત સંશોધન સાબરકાંઠા જિલ્લાની ગરાસિયા આદિવાસી જાતિ પરનું છે. તે ભીલોની પેટા જાતિ તરીકે ઓળખાય છે. વિજયનગર તાલુકાનાં કંથારિયા, આમોદરા, જુસાવાડા, પીપલોટી ગામોને કેન્દ્રમાં રાખી આ સંશોધન કરવામાં આવ્યું છે.

સંશોધક ડૉ. જી. ટી. વરમોરા આ વિસ્તારમાં ઘણા સમયથી અધ્યાપનનનું કાર્ય કરતા હતા તેથી આ વિસ્તાર અને જાતિનો પરિચય તેમને વિશેષ હોવાથી ગરાસિયા આદિજાતિનાં સામાજિક-સાંસ્કૃતિક પાસાં અને તેમાં આવેલ પરિવર્તનને ઘનિષ્ટ રીતે તપાસી શક્યા છે.

પુસ્તક આઠ પ્રકરણોમાં વહેંચાયેલું છે. પ્રથમ પ્રકરણમાં અભ્યાસક્ષેત્રની ઐતિહાસિક ભૌગોલિક પરિસ્થિતિ, અભ્યાસનાં ગામોનો પરિચય અને કેટલાક અભ્યાસો રજૂ કરેલ છે. બીજાં પ્રકરણોમાં તેમની ભૌતિક, આર્થિક, સામાજિક, ધાર્મિક, જીવનવિષયક માહિતી રજૂ કરવામાં આવી છે. તેમના મતે બિન-આદિવાસી સંપર્ક, વિવિધ ધર્મની પ્રવૃત્તિઓ, શિક્ષણ, ઔદ્યોગિકીકરણ, શહેરીકરણ, કાનૂનીકરણ, વાહનવ્યવહાર, સંદેશા-વ્યવહાર, પંચાયતી રાજ, બંધારણીય જોગવાઈઓ, આયોજિત પરિવર્તન, સ્વૈચ્છિક સંસ્થાઓ, ટેક્નોલોજીનો વિકાસ વગેરે પરિબળોએ ગરાસિયા જાતિની સંસ્કૃતિમાં પરિવર્તન નીપજાવ્યાં છે. જેમ કે રહેઠાણ વ્યવસ્થા અને સુવિધામાં પરિવર્તન જણાય છે. પરંપરાગતતાની સાથે સુવિધાઓમાં પરિવર્તન જણાય છે. ઢોર બાંધવાની જગ્યા, પાણિયારાની વ્યવસ્થામાં હજી પરંપરાગત પરિસ્થિતિ જોવા મળે છે. સરકારી યોજનાઓને કારણે પાણીની વ્યવસ્થા, બળતણ માટેનાં સાધનો બદલાયાં છે. રાચરચીલામાં પરિવર્તન આવેલું જણાય છે. ખાનપાનની રીતો, પ્રકાર, પોષાકમાં પરંપરાગતતાને સ્થાને આધુનિકતાનાં દર્શન થાય છે. યુવાનો આધુનિક પોષાક અપનાવતા થયા છે. શૃંગારનાં સાધનોમાં પણ પરિવર્તન જોવા મળે છે. ખેતીનાં સાધનો, વાહનવ્યવહારનાં સાધનો વગેરેમાં પરિવર્તન જોવા મળે છે. અભ્યાસનાં ચારેય ગામોમાં વિકાસ યોજના, આર્થિક પરિસ્થિતિમાં સુધારો, શિક્ષણ, બાહ્ય સંપર્ક વગેરેને કારણે પરિવર્તન જોવા મળે છે. તેમનાં પેટા જૂથો તેમની વચ્ચેના આંતરસંબંધો જેમ કે ડુંગરી અને ભીલ ગરાસિયા વચ્ચેના સંબંધોમાં પરિવર્તન જોવા મળે છે.

જ્યારે સોકલા અને ભીલ ગરાસિયા વચ્ચેના સંબંધોમાં ઓછું પરિવર્તન જણાય છે. ગોત્ર વ્યવસ્થાનું અસ્તિત્વ જોવા મળે છે, જાતિપંચ નબળું પડ્યું છે, સ્ત્રીનો દરજ્જો પ્રમાણમાં પુરુષ સમકક્ષ છે, વિભક્ત કુટુંબોનું પ્રાધાન્ય જોવા મળે છે. પરંપરાગત વ્યવસાય તરીકે ખેતી પ્રત્યેનું વલણ આજે પણ જળાવાયેલું છે. આધુનિક ખેતીનું વલણ વિકસ્યું છે. શિક્ષણ વધતાં અન્ય વ્યવસાયો સ્વીકારે છે. પરંપરાગત માન્યતાઓ, રીતરિવાજો અને મૂલ્યોમાં પરિવર્તન જણાય છે. સ્વાસ્થ્ય અંગેના પ્રશ્નોમાં ભૂવાભગત વત્તા ડૉક્ટરની સારવાર લેતા થયા છે. શિક્ષણ અંગેની જાગૃતતા આવી છે. પરંપરાગત સંસ્કૃતિ, કલા નૃત્ય પ્રત્યે અણગમો જોવા મળે છે. ઉત્સવોમાં ભાગીદારી ઘટી છે. લોકગીતો, લોકકથાઓ, લોકવાદ્યો વગેરેનો વપરાશ ઘટ્યો છે.

પુસ્તકમાં ગરાસિયા સંબંધોની શબ્દાવલી, પરંપરાગત ગરાસિયા જાતિનું વહીવટી માળખું, લોકકથા, લોકગીતો, લગ્નગીતો, લોકબોલીમાં રજૂ કરી તેનો ગુજરાતી અર્થ પણ બતાવ્યો છે.

પુસ્તકમાં ગરાસિયા આદિજાતિમાં જીવાતા જીવનનાં તમામ પાસાં તેમજ આવેલ પરિવર્તન સરસ રીતે વર્ણવ્યું છે કે જે ગરાસિયા આદિજાતિના જીવનદર્પણ સમાન છે.

આ સંશોધન અભ્યાસુઓ સામાજિક સંશોધન કરનારી સરકારી તથા બિન - સરકારી સંસ્થાઓ, આદિવાસી વિકાસ માટે કામ કરતા સામાજિક કાર્યકરો માટે ઘણું ઉપયોગી નીવડે તેવું છે. અભ્યાસ માટે ક્ષેત્ર પસંદગી, વિષયને અનુરૂપ માહિતીનું એકત્રીકરણ, પૃથક્કરણ, કોષ્ટકીકરણ વગેરેનું કાર્ય પ્રશંસનીય છે. ❑

ગરાસિયા આદિજાતિમાં સમાજ અને સંસ્કૃતિનો અભ્યાસ : લેખક : ડૉ. ગિરધરલાલ કા. પટેલ
પ્રકાશક : ગૂજરાત વિદ્યાપીઠ (માર્ચ ૨૦૧૨) , પૃષ્ઠ : ૨૦૭, કિંમત : રૂ. ૨૨૫

# પુસ્તક પરિચયઃ ૨. ગામિત જાતિ : સમાજ અને સંસ્કૃતિ

- ડૉ. જયશ્રી શાહ

પ્રસ્તુત સંશોધન સુરત જિલ્લાનાં ચાર તાલુકાનાં ચાર ગામોને કેન્દ્રમાં રાખીને કરવામાં આવ્યું છે. તેમાં વાલોડ તાલુકાનું બેડકવા, વ્યારાનું વાંદરદેવી, સોનગઢનું ખાંજર, માંડવીનું રતનિયા પસંદ કરવામાં આવ્યાં છે. સંશોધક પોતે આ વિસ્તાર અને જાતિના હોવાથી સંશોધન વધુ ઘનિષ્ઠ રીતે થઈ શક્યું છે. ગામીત જાતિનાં સામાજિક સાંસ્કૃતિક જીવનની સાથે તેમની સમસ્યાઓને પણ જાણી શકાઈ છે.

પુસ્તક નવ પ્રકરણોમાં વહેંચાયેલું છે. પ્રથમ બે પ્રકરણોમાં સંશોધનક્ષેત્ર, હેતુ, મહત્ત્વ, અભ્યાસ પદ્ધતિ, સંદર્ભ સાહિત્ય તેમજ ભૌગોલિક વિસ્તાર વિષયક માહિતી આપેલ છે.

બીજાં પ્રકરણોમાં ભૌતિક સંસ્કૃતિનાં વિવિધ પાસામાં આવેલ પરિવર્તન દર્શાવેલ છે. મકાન બાંધકામ, ઘરવખરીનાં સાધનો, ખેતીનાં સાધનો, ખોરાક, પૌષાક વગેરેમાં આર્થિક સદ્ધરતા અને શિક્ષણને પરિણામે પરિવર્તન આવેલું જણાય છે. વ્યાવસાયિક બાબતોમાં પણ પરિવર્તન જોવા મળે છે. ખેતી સાથે પશુપાલન, નોકરી, મજૂરી, સરકારી નોકરી કરતા થયા છે. સામાજિક સંગઠનની દૃષ્ટિએ પિતૃસત્તાક, પિતૃવંશીય, પિતૃસ્થાનીય વિભક્ત કુટુંબવ્યવસ્થા જોવા મળે છે. છતાં કૌટુંબિક એકતા વિશેષ જોવા મળે છે. જાતિપંચની સાથે સાથે ગ્રામ પંચાયત કોર્ટ કચેરીની મદદ લેતા થયા છે.

સભ્ય શહેરી સમાજનો સંપર્ક અને શિક્ષણ વધતાં તેમના રોજિંદા જીવનવ્યવહારમાં પરિવર્તન આવ્યું છે. સ્વચ્છતા અને આરોગ્યવિષયક બાબતોમાં જાગૃતિ આવી છે. જન્મથી લગ્નની વિધીઓમાં સભ્યસમાજનાં સંપર્કને કારણે પરિવર્તન જણાય છે. જન્મદિવસ ઉજવવો, નામકરણ, સાથી પસંદગી, કન્યાની જાન જતી તેને બદલે હવે વરરાજાની જાન જાય છે. લગ્નની વિધિ દિવસે થાય છે. ખંધાડ પ્રથાનું પ્રમાણ ઘટ્યું છે. મૃત્યુના રીતરિવાજોમાં ખાસ પરિવર્તન જણાતું નથી છતાં શિક્ષિતો પરંપરાગત વિધિવિધાનોને બદલે હિન્દુ સમાજના રીતિરિવાજ અપનાવતા થયા છે.

ઉત્સવ, તહેવારો, પ્રસંગો, દુઃખ, રોગ, ભય જેવી સ્થિતિમાં પરંપરાગત વિધિવિધાનોમાં પરિવર્તન આવતું જણાય છે. સામૂહિક પૂજાને સ્થાને વ્યક્તિગત પૂજાનું વલણ વિકસ્યું છે, મંત્ર-તંત્ર, ભૂતપ્રેત વેગેરેની માન્યતાઓનો પ્રભાવ ઘટ્યો છે, બલીપ્રથા બંધ છે, સભ્ય સમાજ સાથે કદમ મિલાવવાની શરૂઆત થઈ છે.

લોકસાહિત્ય, લોકગીતો, લોકવાદ્ય વગેરેને વિવિધ સ્વરૂપે આ પુસ્તકમાં દર્શાવાઈ છે. લોકબોલી અને તેનો ગુજરાતી અર્થ સ્પષ્ટ કરી બતાવવામાં આવ્યું છે. પરંપરાગતતા દર્શાવતાં કેટલાંક વિધિ-વિધાનોના ફોટોગ્રાફ્સ પણ મૂકેલ છે.

પુસ્તકમાં ગામીત જાતિમાં જીવાતા જીવનનાં વિવિધ પાસાં સાથેની પરંપરાગતા અને પરિવર્તન સરસ રીતે વર્ણવ્યું છે. તે ગામીત જાતિના ઈતિહાસ અને વર્તમાનની છબી સ્પષ્ટ કરે છે.

પ્રસ્તુત પુસ્તક સરકારી નીતિ ઘડતર માટે તથા વિકાસના કાર્યક્રમ ઘડતર માટે સરકારી તેમજ બિન-સરકારી સંસ્થાઓ માટે ઉપયોગી સાબિત થશે. વિકાસાત્મક યોજનાને પરિણામે નિશ્ચિત સ્વરૂપે પરિવર્તન જણાય છે પણ હજી ઘણું બાકી છે તે વિષે આ પુસ્તક સારો પ્રકાશ પાડે છે. ❑

---

ગામીત જાતિઃ સમાજ અને સંસ્કૃતિઃ લે.ડૉ. મહેશ ગામિત, પ્રકાશક : ગૂજરાત વિદ્યાપીઠ (માર્ચ-૨૦૧૨), પૃષ્ઠ : ૧૯૭, કિંમત રૂ.૩૫૦.

## પુસ્તક પરિચય : ૩. સામાજિક બહિષ્કાર અને સામાજિક સમાવેશનું સમાજશાસ્ત્ર -એચ. એલ. ચાવડા

'સામાજિક બહિષ્કાર અને સામાજિક સમાવેશનું સમાજશાસ્ત્ર' પુસ્તક તાજેતરમાં પ્રકાશિત થયેલું પુસ્તક છે. તેના લેખક પ્રો. મનુભાઈ એચ. મકવાણા છે. પ્રસ્તુત પુસ્તક પાંચ પ્રકરણમાં વિભાજિત છે.

'સામાજિક બહિષ્કાર' એ કોઈ નવી વાત નથી જે કોઈ જૂથ-સંગઠન ધ્યેય પ્રાપ્ત કરવા ઈચ્છતા હોય, જેણે પોતાનું અસ્તિત્વ ટકાવવું હોઈ તેમાં નડતરરૂપ વ્યક્તિઓને નિયંત્રિત કરવા સજા-શિક્ષા કરે, જેમકે વ્યવસ્થાએ જ્ઞાતિપંચાયતનું નિર્માણ કરેલ, આ જ્ઞાતિ પંચાયત પાસે જે કોઈ રજૂઆત કરે તેને સાંભળી ગુણ-દોષના આધારે સજા-શિક્ષા કે બહિષ્કાર કરાતા હતા.

તેમાં જ્ઞાતિપંચાયત દ્વારા જે તે વ્યક્તિ કે કુટુંબનો સામાજિક બહિષ્કાર કરાય તે ભારે સજા ગણાતી, કારણ કે જ્ઞાતિના અન્ય સભ્યો, કુટુંબો તેની સાથે સામાજિક વ્યવહાર કરી શકતા નહિ અને વ્યક્તિ એકલતા - અલગતા પણુ અનુભવતી. અહીં અનેક પેટા જ્ઞાતિઓના બનેલા સમગ્ર સંગઠનને કોઈ પણ વાંક, કે ભૂલ વગર જે સામાજિક બહિષ્કારની શિક્ષા કરાયેલ છે કે જે કલંકને પાત્ર છે.

પ્રસ્તુત પુસ્તકમાં સમાજનો આવો વિશાળ વર્ગ કઈ રીતે બહિષ્કારની સ્થિતિમાં મૂકાયો તેનું સ્પષ્ટ ચિત્ર રજૂ કરાયેલ છે. છેક અંગ્રેજ આગમન પછી ભારતીય સમાજવ્યવસ્થામાં અનેક કારણોસર સામાજિક પરિવર્તનની પ્રક્રિયા શરૂ થાય છે. તેમાં, લેખક, વર્તમાન ચિત્ર 'સામાજિક સમાવેશ' ને છેક વૈશ્વિકીકરણ સુધી આવરી લીધેલ છે. ગાંધીજીના મતે પણ આ દયા, દાન કે ન્યાયનો નથી પરંતુ પ્રાયશ્ચિત્તનો છે. તે મુજબ સામાજિક ચળવળો દ્વારા બંધારણ, કાયદા અને કલ્યાણ કાર્યક્રમો દ્વારા જે પ્રયાસો કરાયા તેનો નિર્દેશ કરાયો છે. પરિણામ સ્વરૂપે એ વળાંક મુજબ સામાજિક બહિષ્કારથી સામાજિક સમાવેશ સુધીની યાત્રા કરાવેલ છે. તે દર્શાવે છે કે, આ સામાજિક પરિવર્તનની પ્રક્રિયા ઘણી જ મંદ રહેલી છે. કેટલાંક ક્ષેત્રોમાં વિકાસની હરણફાળ ભરાયેલ છે. તેને યુ (U) ટર્ન કહી શકાય કે જેવી અહીં જોવા મળતી નથી.

લેખક દ્વારા યોગ્ય સમયે લખાયેલ આ પુસ્તક સામાજિક સમાવેશની પ્રક્રિયાને વેગવાન બનાવવામાં ઉપયોગી સાબિત થશે. તેમાં કોઈ શંકા નથી નવા વૈશ્વિકીકરણના પ્રવાહમાં ભારતે શક્તિશાળી રાષ્ટ્ર બનવું હશે તો બિન-વૈજ્ઞાનિક પાયા ઉપર રચાયેલ અસમાનતા અને ભેદભાવ ઝડપથી દૂર કરવાના રહેશે.

---

'સામાજિક બહિષ્કાર અને સામાજિક સમાવેશનું સમાજશાસ્ત્ર', લે. મનુભાઈ એચ. મકવાણા, ગર્ગ પબ્લિકેશનઃ (૨૦૧૨), પૃષ્ઠઃ ૧૭૮, કિંમતઃ રૂ. ૧૫૦

### લગ્ન સ્વભાવ નહિ, પણ સંસ્કાર છે

મનુષ્યમાં સહજીવનની ઈચ્છા કુદરતી છે પણ સહજીવનનું સંયોજન અને તેની મર્યાદાઓ સાંસ્કૃતિક છે. એકબીજાની સાથે રહેવા માટે પરસ્પરને સાચવી લેવાનું આવશ્યક બની જાય છે. જેઓ એકબીજાનાં જીવનને સંપન્ન કરે છે, એમનુ સહજીવન ચરિતાર્થ થાય છે. એ સ્પષ્ટ છે કે સ્ત્રી-પુરુષના જીવનમાં પ્રકૃતિ યાને સ્વભાવ કરતાં સંસ્કારનું મહત્ત્વ વિશેષ છે અને પ્રગતિનું લક્ષણ એ છે કે સંસ્કારો જ સ્વભાવનાં ફેરવાઈ જાય. સારાંશ એ કે સ્ત્રી - પુરુષના નૈસર્ગિક સંબંધો કરતાં એમના સાંસ્કૃતિક સંબંધો જ સમાજજીવન સારું આધારભૂત થઈ જાય છે. દાખલા તરીકે પતિ-પત્નીનો જ સંબંધ લો. કેવળ પ્રાકૃતિક દૃષ્ટિએ કોઈ પુરુષ પતિ નથી કે કોઈ સ્ત્રી પત્ની નથી. એક છે નર, બીજી છે નારી પણ જ્યારે એમનું લગ્ન થાય છે ત્યારે તે પતિ-પત્નીનો સંબંધ બને છે. આ સગપણ પ્રાકૃતિક નથી પણ સાંસ્કૃતિક છે. એટલા વાસ્તે લગ્ન એ સ્વભાવન નથી, પણ સંસ્કાર છે.

('સ્ત્રી-પુરુષ સહજીવન'માંથી) **-દાદા ધર્માધિકારી**

હું પોતે આદિવાસી વિસ્તારમાંથી આવું છું. મારા પીએચ.ડી.ના સંશોધન વિષય તરીકે આ સમાજનાં વિવિધ સાંસ્કૃતિક પાસાંઓને સમજવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ સમયાન્તરે સમાજમાં આવતાં પરિવર્તનોને ધ્યાનમાં રાખી આદિવાસી સમાજમાં લગ્નવ્યવસ્થામાં આવતા પરિવર્તનોને જાણવા પ્રયાસ કર્યો છે કારણ કે લગ્ન વ્યવસ્થા સાર્વત્રિક છે પરંતુ સ્થાનિક કક્ષાએ કેવાં પરિવર્તનો આવ્યાં છે તે જાણવાનો પ્રયાસ આ પેપરમાં કર્યો છે.

**અભ્યાસનો હેતુ**

(૧) આદિવાસીઓની પરંપરાગત સમાજવ્યવસ્થા સમજવી.
(૨) આદિવાસીઓની લગ્નવ્યવસ્થા સમજવી.
(૩) આદિવાસીઓની વિવિધ સામાજિક સંસ્થાઓની જાણકારી મેળવવી.
(૪) આદિવાસીઓની પરંપરાગત લગ્નવ્યવસ્થામાં આવેલાં પરિવર્તનો જાણવાં.
(૫) લગ્નસંસ્થામાં વિવિધ પરિબળોની અસરો તપાસવી.
(૬) ભિષ્યમાં આદિવાસી લગ્ન વ્યવસ્થામાં પરિવર્તનોની તરેહ સમજવી.

**અભ્યાસ પદ્ધતિ અને પ્રયુક્તિ**

આ અભ્યાસ મારા પીએચ.ડી. સંશોધન કાર્યનો ભાગ છે. વિવિધ સામાજિક સંસ્થાઓ સાથે અસ્તિત્વ ધરાવતો આદિવાસી સમાજ તેની પરંપરાગત જીવનશૈલીઓમાં સમયાન્તરે પરિવર્તન સ્વીકારતો રહ્યો છે. તેમાં લગ્નવ્યવસ્થામાં આવતા પરિવર્તનોને સમજવાનો પ્રયત્ન કર્યો છે. તેમાં પંચમહાલ જિલ્લાના ઝાલોદ તાલુકાનાં વિવિધ ગામોને જેમ કે અવિકસિત ગામ, ઓછાં વિકસિત ગામ અને વિકસિત ગામ. આમ ત્રણ વિભાગોમાં સામાન્ય માપદંડોને આધારે સમજાવવાનો પ્રયાસ કર્યો છે. સામાન્ય રીતે એક જિલ્લાના વિવિધ તાલુકાનાં ગામોમાં મોટા તફાવતોની સંભાવના ઓછી હોય છે. પરંતુ અમુક પાસાંઓમાં વિકાસ અને પરિવર્તનમાં તફાવત જોવા મળે છે. તેની સાથે અસર કરતાં પરિબળો જેવાં કે સામાજિક, ધાર્મિક, રાજકીય, આર્થિક પરંપરાગત માળખાંની ભૂમિકા રહી છે. તેમાં ધાર્મિક માળખામાં જોતા વિવિધ સંપ્રદાયમાં ગુરુ ગોવિંદસિંહ, સ્વરધામ, રામદેવ પંથ, નાગજીપંથ, કબીરપંથ, શિવ સંપ્રદાય, હરજી મહારાજનો દશનામી પંથ, સ્વામીનારાયણ સંપ્રદાય, નીકળંગ સંપ્રદાયની ભૂમિકા રહી છે. પરિણામ સ્વરૂપે આદિવાસી સમૂહોમાં પરંપરાગત સમાજવ્યવસ્થાનાં વિવિધ માળખાંમાં અસરો પડી છે. જેમ કે આદિવાસીઓમાં જાગૃતિ અભિયાનો, રાજકીય જાગૃતિ, આર્થિક રીતે આવતા બદલાવ જાણવા મળ્યો છે. અને પરંપરાગત લગ્ન વ્યવસ્થાની માન્યતાઓ રીત-રિવાજો મૂલ્યોમાં પરિવર્તનો આવતાં જોવા મળ્યાં છે.

આ સાથે ઔપચારિક પ્રયાસોના ભાગરૂપે જોતાં વિવિધ કલ્યાણકારી યોજનાઓ, કાર્યક્રમો, સરકારી અને બિન-સરકારી સંગઠનોની ભૂમિકા, શિક્ષણ, જાગૃતિ અભિયાનો, સમાજ સુધારકોની ભૂમિકા, કાનૂનીકરણ, શહેરીકરણ, આધુનિકીકરણની અસરો લગ્ન વ્યવસ્થાનાં પરંપરાગત માળખા પર પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે પડતી જોવા મળી છે. અને નવાં મૂલ્યો, રીત-રિવાજો વલણો અને આધુનિકતા તરફના ખ્યાલોમાં વિવિધ ક્ષેત્રે પરિવર્તન આવતુ જોવા મળ્યું છે. સમાજના ભાગ તરીકે લગ્ન વ્યવસ્થામાં આવતું પરિવર્તન એ આદિવાસી સમાજના ભાગનું જ પરિવર્તન માની શકાય. પરિવર્તન અને આધુનિકતાનું પ્રમાણ વિવિધ સમૂહોમાં સમાન જોવા મળતુ નથી. તેમાં વિવિધ ભૌગોલિક, સામાજિક તેમ જ અન્ય પરિબળોની ભૂમિકા અલગ અલગ રહી છે. માટે

પરિવર્તનની ગતિમાં પણ સમાનતાપણું નથી. પરંતુ પરિવર્તનની શરૂઆત થઈ ચૂકી છે, તેમ કહી શકાય.

## માહિતીનું સ્વરૂપ

સંશોધન કાર્યમાં અભ્યાસ ક્ષેત્રનાં વિવિધ પાસાંઓને વૈજ્ઞાનિક અભિગમ અને સમાજશાસ્ત્રીય દૃષ્ટિકોણથી સમજવા માટે વિવિધ પ્રકરણ માહિતીનું એકત્રિકરણ કરવું આવશ્યક છે અભ્યાસ ક્ષેત્રને સમજવા માટે ગૌણ માહિતી અને પ્રાથમિક માહિતી એમ બંને પ્રકારની ઉપયોગ કર્યો છે.

આ સાથે સંશોધન કાર્યમાં અભ્યાસક્ષેત્રને સમજવા માટે વિવિધ પ્રયુક્તિઓ માહિતી એકત્ર કરવા પૈકી (૧) મુલાકાત પ્રયુક્તિ, (૨) નિરીક્ષણ પ્રયુક્તિ, (૩) નિદર્શન પ્રયુક્તિ, (૪) પ્રશ્નાવલી પ્રયુક્તિનો ઉપયોગ કર્યો છે. અભ્યાસ ક્ષેત્ર ગ્રામીણ વિસ્તાર હોવાથી જે પ્રયુક્તિ ઉપયોગી અને અસરકારક નીવડે તેનો સંશોધન કાર્યમાં સાધન તરીકે ઉપયોગ કર્યો છે. અભ્યાસમાં ૧૧૮ ઉત્તરદાતાઓ પસંદ કર્યા પછી ઉપરોક્ત પ્રયુક્તિઓનો સમયાન્તરે ઉપયોગ કરી માહિતી એકત્ર કરી. સંશોધનના મૂળ સુધી પહોંચવાનો પ્રયાસ કર્યો છે.

**કોષ્ટક નં.૧: ઉત્તરદાતાઓની સામાજિક સ્થિતિ**

| તાલુકાનું નામ | ગામ | દાહોદ | | |
|---|---|---|---|---|
| | | વિગત | | |
| | | સંયુક્ત કુટુંબ | વિભક્ત કુટુંબ | કુલ |
| ઝાલોદ | અવિકસિત | ૧૧ (૪૪.૦૦) | ૧૪ (૫૬.૦૦) | ૨૫ |
| | ઓછા વિકસિત | ૫ (૨૭.૨૭) | ૧૩ (૭૨.૨૩) | ૧૮ |
| | વિકસિત | ૧૧ (૧૪.૬૬) | ૬૪ (૮૫.૩૪) | ૭૫ |
| | કુલ | | | ૧૧૮ |

## ઉત્તરદાતાઓની સામાજિક સ્થિતિ

ઉપરોક્ત કોષ્ટકને આધારે ઉત્તરદાતાઓની સામાજિક રીતે કૌટુંબિક ધારણાઓ જોતાં અલગ અલગ રહી છે. તેમાં અવિકસિત ગામના ઉત્તરદાતાઓ સંયુક્ત કુટુંબમાં રહેવા માટે કુટુંબની સગવડો, આવક, બાળકોના ભવિષ્યને ધ્યાનમાં રાખી કૌટુંબિક ભાવના જળવાઈ રહે તેવું માને છે. જ્યારે વિભક્ત કુટુંબમાં માનનારા ઉત્તરદાતાઓના મત મુજબ તેઓ મિલકત સામાજિક વ્યવહારો, સંબંધો સહિયારા જ છે પરંતુ રહેઠાણની વ્યવસ્થા માટે જ અલગ રહે છે.

ઓછાં વિકસિત ગામના ઉત્તરદાતાઓનું માનવું છે કે તેઓ પિતા, ભાઈઓ વચ્ચેના સંબંધો જળવાઈ રહે અને પછીની પેઢીને વડીલોનું માર્ગદર્શન, પ્રેમ, સંસ્કાર મળી રહે એ મહત્ત્વનું છે. જ્યારે વિભક્ત કુટુંબમાં માનનારા ઉત્તરદાતાઓના જણાવ્યા મુજબ પરંપરાગત જીવનશૈલીની સાથે પોતે અને બાળકો માટે બદલાતા માળખામાં પોતાનો વિકાસ કરી શકે તેવું માને છે.

વિકસિત ગામના ઉત્તરદાતાઓ સંયુક્ત કુટુંબમાં બહું ઓછા પ્રમાણમાં માનેછે. તેઓ આધુનિક મૂલ્યો તથા બદલાતી જીવનશૈલીને સ્વીકારતા હોવાનું જાણવા મળ્યું હતું.

જ્યારે વિભક્ત કુટુંબની તરફેણ કરનારા ઉત્તરદાતાઓએ જણાવ્યું હતું કે બદલાતી સમાજ વ્યવસ્થામાં આપણે આપણાં પરંપરાગત માળખાંમાંથી બહાર આવવું જોઈએ. જેમકે તેઓએ જણાવ્યું હતું કે આવક, સગવડો, માન્યતાઓ, જાગૃતિ, કાનૂન વિવિધ ક્ષેત્રે આવતા બદલાવને આપણા અને બાળકોના ભવિષ્યને ધ્યાનમાં રાખી નવાં મૂલ્યો, વિચારોને સ્વીકારી અનુસરવાનો પ્રયાસ કરવો જોઈએ.

આમ આ વિસ્તારના ત્રણે પ્રકારનાં ગામોમાં વસવાટ કરતા ઉત્તરદાતાઓની સંયુત કુટુંબ અને વિભક્ત કુટુંબ અંગેની માન્યતા અલગ અલગ રહી છે. આ વિસ્તાર ભૌગોલિક રીતે વિવિધતા સભર છે માટે તેને અનુરૂપ સગવડો, આવક, વ્યવસાય, વીજળી, શિક્ષણ, વિવિધ

**કોષ્ટક નં. ૨ઃ ઉત્તરદાતાઓનો વૈવાહિક દરજ્જો**

| તાલુકાનું નામ | ગામ | વૈવાહિક દરજ્જો | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | પરણિત | અપરણિત | વિધવા | વિધુર | ત્યક્તા | છૂટાછેડા | કુલ |
| ઝાલોદ | અવિકસિત | ૨૫ (૧૦૦.૦૦) | - | - | - | - | - | ૨૫ |
| | ઓછાં વિકસિત | ૧૮ (૧૦૦.૦૦) | - | - | - | - | - | ૧૮ |
| | વિકસિત | ૭૩ (૯૭.૩૩) | - | ૨ (૨.૬૬) | - | - | - | ૭૫ |
| | કુલ | - | - | - | - | - | - | ૧૧૮ |

યોજનાઓ, રસ્તાઓ વગેરેમાં સમાનતાપણું નથી માટે સંયુક્ત કુટુંબ અને વિભક્ત કુટુંબની પરંપરા અને આધુનિકતા, મૂલ્યો, વિચારો અને માન્યતાઓને આધારે કુટુંબના આ બંન્ને સ્વરૂપને સમજી શકાય તેમ છે.

આદિવાસી સમૂહો મૂખ્યત્વે ગ્રામ-વિસ્તારમાં વસવાટ કરે છે પરંપરાગત મૂલ્યો. માન્યતાઓ, રિત-રિવાજોને પ્રાધાન્ય આપે છે.

**વૈવાહિક દરજ્જોઃ**

કોષ્ટક નં.૨માં સ્પષ્ટ જણાય છે. કે અવિકસિત ગામમાં બધા ઉત્તરદાતાઓ પરણિત છે. તેઓમાં નાની વયે લગ્ન કરવા અને ખેતીકાર્યમાં મદદરૂપ બનવાના વલણો રહ્યા છે. માતા-પિતા બાળકોના લગ્ન કરાવી પોતાની ફરજ પુરી કર્યાનો સંતોષ માને છે.

સામાન્ય રીતે ઉપરોક્ત બન્ને પ્રકારનાં ગામોના ઉત્તરદાતાઓ લગ્ન વિષયક વૈવાહિક બાબતોમાં ખાસ તફાવતો જોવા મળતા નથી. બન્ને પ્રકારનાં ગામોની જીવનશૈલીમાં સામાન્યતઃ તફાવતો જોવા મળે છે. વિકસિત ગામોના ઉત્તરદાતાઓના વિચારો જાતાં આપણે અગાઉ જોયું તેમ લગ્નવય, શિક્ષણ, બાળકોના ભાવિ વિકાસ અંગે મળેલી સગવડો જેવા પરિબળોની અસરો લગ્ન કરવા તરફના વલણોમા જોવા મળ્યા છે. તેમાં ૭૩ (૯૭.૩૩) ટકા પરણિત અને વિધવા ૨ (૨.૬૭) ટકા હતા. તે સમાન સંસ્કૃતિ સાથે જીવન જીવતા સમૂહોમાં આંતરિક તફાવતો સામાન્ય લાગે છે.

**લગ્નવયઃ**

લગ્ન વિષયક દરજ્જામાં ત્રણેય પ્રકારના ગામોમાં કૌટુંબિક, સામાજિક અને પરંપરાગત મૂલ્યોનું પ્રાધાન્ય રહ્યું છે. એટલે ગૃહકાર્ય, ખેતી કાર્ય, જવાબદારીમાંથી મૂક્ત અને સામાજિક કાર્ય પૂર્ણ કર્યાનો વડીલોમાં સંતોષ જોવા મળતો હતો. જ્યારે બદલાતા સમાજની તરેહમાં લગ્ન વિષયક ક્ષેત્રે આવતા બદલાવની અસરો આ સમૂહોમાં પડતી જોવા મળે છે. જેમ કે વલણો, માન્યતાઓ, પરંપરાગત વ્યવસાયમાંથી બહાર આવતા જાગૃતિ, વ્યવસાય, શિક્ષણ, બાળકોનો ભાવિ વિકાસ વગેરે ધ્યાનમાં રાખી આ માળખામાં પરિવર્તન આવતું જોવા મળ્યું છે.

**કોષ્ટક નં. ૩: લગ્નવય**

| તાલુકાનું નામ | ગામ | લગ્નવય (વર્ષ) | | | |
|---|---|---|---|---|---|
| | | ૧-૨૦ | ૨૦-૩૦ | ૩૦થી વધુ | કુલ |
| ઝાલોદ | અવિકસિત | ૭ (૨૮.૦૦) | ૧૮ (૭૨.૦૦) | - | ૨૫ |
| | ઓછાં વિકસિત | ૫ (૨૭.૭૮) | ૧૨ (૬૬.૬૬) | ૧ (૫.૫૬) | ૧૮ |
| | વિકસિત | ૩૨ (૫૬.૬૬) | ૪૨ (૫૬.૦૦) | ૧ (૧.૩૪) | ૭૫ |
| | કુલ | - | - | - | ૧૧૮ |

લગ્નવય અંગેના ખ્યાલોમાં સમૂહોમાં તફાવતો જોવા મળે છે. અવિકસિત ગામોમાં અગાઉના કોષ્ટકમાં જોયું તેમ નાની વયે લગ્ન કરવાના માતા-પિતાની જવાબદારી પૂર્ણ કરવાનો સંતોષ ગ્રૃહ કાર્ય, ખેતી કાર્યમાં મદદ જેવાં વલણો જવાબદાર રહ્યાં છે, જ્યારે આજ ગામોમાં ૨૦-૩૦ વર્ષની ઉંમરે લગ્ન કરવાનાં વલણો જાણવા મુજબ તેઓએ જણાવ્યું હતું કે કુટુંબની જવાબદારી સમાજમાં નિભાવી શકે તે માટે બહુ નાની કે મોટી ઉંમરે લગ્ન ન કરવાં જોઈએ તેમ જણાવ્યું હતું.

ઓછા વિકસિત ગામમાં પણ લગ્ન કેટલી ઉંમરે કરવા તે વિશેના ખ્યાલોમાં વિવિધતા હતી. પરંતુ પરંપરાગત રીત-રિવાજોને પ્રધાન્ય આપતાં જાણવા મળ્યું હતું એટલે ઉપરોક્ત બંન્ને પ્રકારના ગામોના દરજ્જાઓમાં મૂલ્યો, વિચારોમાં સમાનતાપણું જોવા મળ્યું હતું. જ્યારે ૨૦-૩૦ વર્ષે લગ્ન કરવાનાં કારણોમાં લગ્ન પછીની જવાબદારી પરંપરાગત વ્યવસાય સિવાય અન્ય વ્યવસાયમાં જોડાયા હોય, પસંદગીનું પાત્ર ન મળ્યું હોય, તથા વ્યક્તિગત કારણો આર્થિક - સામાજિક, કૌટુંબિક જવાબદારી પણ આ ઉંમરે લગ્ન કરવાનાં કારણોમાં જાણવા મળ્યું હતું, જ્યારે ૩૦ વર્ષથી ઉપરની ઉંમરે લગ્ન કરનાર ઉત્તરદાતાનાં મંતવ્યો હતાં કે જીવનમાં એક વાર લગ્ન કરવાનાં છે માટે ઉતાવળની જરૂર નથી. આ સાથે કુટુંબમાં લગ્નના ખર્ચ માટેની જવાબદારી સ્વીકારવા તૈયાર ન હોય, યોગ્ય પાત્ર ન મળતાં લગ્ન વય ઊંચી ગયેલી હોવાનું જણાવ્યું હતું.

વિકસિત ગામમાં ઉપર મુજબના બે પ્રકારનાં ગામો કરતાં થોડાં અલગ કારણો જાણવા મળ્યાં હતાં. જેવાં કે શિક્ષણ, જાગૃતિ, સગવડો, બાળકોનું ભાવિ, વિકાસ, વિવિધ યોજનાઓનો ઉપયોગ, કાનૂન, અન્ય સમૂહોના સંપર્ક જેવી બાબતોથી માહિતગાર ઉત્તરદાતાઓ હોવાનું જાણવા મળ્યું હતું. તેના પરિણામે સામાન્ય રીતે ઉંમર વધવાની શક્યતાઓ હોય છે. તેનાથી નવાં મૂલ્યો સ્વીકારતાં પોતાની જીવનશૈલીમાં બદલાવ જોવા મળ્યો હતો.

આમ, લગ્નવયનાં વલણોમાં વિવિધ પરિબળો ભાગ ભજવે છે. તેમાં પરંપરાગતં જીવનશૈલીથી આધુનિક પરિવર્તન જીવનશૈલી તરફ પરિવર્તનો આવતાં હોવાનું જાણવા મળ્યું છે. પરંતુ વિવિધ ક્ષેત્રે તેનું પ્રમાણ અલગ અલગ રહ્યું છે. તેથી લગ્નવય ઊંચી આવતી રહી છે.

**કોષ્ટક નં. ૪: લગ્ન વિષયક માહિતી (ગોળ પ્રમાણે)**

| તાલુકાનું નામ | ગામ | લગ્ન વિષયક માહિતી | | | |
|---|---|---|---|---|---|
| | | લગ્ન ગોળમાં | જ્ઞાતિ બહાર | પુનર્લગ્ન | કુલ |
| ઝાલોદ | અવિકસિત | ૨૩ (૯૨.૦૦) | - | ૦૨ (૮.૦૦) | ૨૫ |
| | ઓછાં વિકસિત | ૧૭ (૯૪.૫૫) | - | ૧ (૫.૫૫) | ૧૮ |
| | વિકસિત | ૭૧ (૯૪.૬૬) | ૧ (૧.૩૩) | ૩ (૪.૦૦) | ૭૫ |
| | કુલ | - | - | - | ૧૧૮ |

આદિવાસી સમૂહોમાં ગોળમાં જ લગ્ન કરવાની પરંપરા રહી છે માટે તેવા ઉત્તરદાતાઓનું પ્રમાણ મોટું રહ્યું છે. જ્ઞાતિ બહાર લગ્ન કરવા કે પુનર્લગ્ન કરવાના કિસ્સાઓમાં ક્યારેક સમાજની સ્વીકૃતિ અને અસ્વીકૃતિની પરિસ્થિતિ ઉભી થાય છે. તથા પુનઃ લગ્ન ગોળ જ્ઞાતિની સંમતિ માન્ય રાખવાના પણ દૃષ્ટાંતો જાણવા મળ્યા હતા. પરંતું તેનું પ્રમાણ નહિવત્ રહ્યું છે.

ઓછાં વિકસિત ગામોમાં પણ લગ્નોના નિયમોનું ચૂસ્તપણે પાલન કરતા જાણવા મળ્યા હતા આ ગામમાં એક ઉત્તરદાતાનું પુનઃ લગ્ન કરેલ છે. તે સાળીવટું લગ્ન છે. પરંતુ એ તેના પોતાના ગોળમાં જ ગણાય છે. એટલે કે અવિકસિત ગામ અને ઓછાં વિકસિત ગામમાં લગ્ન વિષયક બાબતોમાં પરંપરાગત રૂઢિઓની સાથે આધુનિકતાનાં વલણો ઓછા જાણવા મળ્યા છે. તે જ્ઞાતિનો પ્રભાવ માની શકાય.

વિકસિત ગામમાં પરંપરાગત લગ્ન વ્યવસ્થાની સાથે આધુનિક લગ્નનાં મૂલ્યો સ્વીકારવાનાં વલણો જોવા મળ્યાં હતાં. દા.ત. એક ઉત્તરદાતાએ જ્ઞાતિ બહાર લગ્ન કર્યા હોવાનું જાણવા મળ્યું હતું. એ ઉત્તરદાતા વ્યવસાય માટે બહારગામ ગયા હતા ત્યાં તેણે અન્ય ગોળની સ્ત્રી (બ્રાહ્મણ) સાથે લગ્ન કરેલ છે. અને આ ગામમાં ૩ ઉત્તરદાતાઓએ પુનઃ લગ્ન કરેલ છે. તે નવાં મૂલ્યોનો સ્વીકાર જણાય છે.

ઉપર્યુક્ત ત્રણેય પ્રકારના ગામોમાં લગ્ન કરવાના નિતી-નિયમોમાં ચુસ્તપણે અમલ કરવા છતાં સંજોગોવશાત્ જ્ઞાતિના, નિયમોથી બહાર જઈ લગ્ન કરવાના દાખલાઓ જોવા મળ્યા હતા. અને તેમાં પણ આવા બનાવોમાં જ્ઞાતિ સમાજની સહમતી દર્શાવતા હોવાનું જાણવા મળ્યું છે. કેમ કે બદલાતા સમાજના માળખામાં જીવનસાથી પસંદગીના નિયંત્રણ, સ્વપસંદગી, લગ્ન પછી નોકરી કરાવવાના સમાજ કે પુરુષના સ્ત્રીઓ પ્રત્યેના વલણો, શહેરમાં વસવાટની શરતો સાથે અન્ય જ્ઞાતિ કે ગોળમાં કોર્ટ મેરેજ કરવાના બનાવોને સમાજે સ્વીકારવાનાં મૂલ્યો વિકસતાં હોવાનું જાણવા મળ્યું છે. કેમ કે શિક્ષણ, કાનૂન, જાગૃતિ, શહેરીકરણ, આધુનિકીરણ અન્ય સમૂહોના સંપર્ક જેવાં પરિબળોની અસરો જોવા મળી હતી. પરિણામે લગ્ન વ્યવસ્થા જે ચુસ્તપણે પરંપરાગત નિયમો અધીન હતી. તેમાં આજે સમૂહ લગ્ન, કોર્ટ મેરેજ, જીવનસાથીની પસંદગી જેવા મૂલ્યોની સ્વીકૃતિ જાણવા મળી છે.

**કોષ્ટક નં. ૫ઃ શિક્ષણ**

| તાલુકાનું નામ | ગામ | શિક્ષણ | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | નિરક્ષર | પ્રાથમિક | માધ્યમિક | ઉ.માધ્યમિક | સ્નાતક | અન્ય | કુલ |
| ઝાલોદ | અવિકસિત | ૧૫ (૬૦.૦૦) | ૪ (૧૬.૦૦) | ૪ (૧૬.૦૦) | ૧ (૪.૦૦) | ૧ (૪.૦૦) | - | ૨૫ |
| | ઓછાં વિકસિત | - | ૪ (૨૨.૨૨) | ૭ (૩૮.૮૮) | ૭ (૩૮.૮૮) | - | - | ૧૮ |
| | વિકસિત | ૨૯ (૩૮.૬૬) | ૧૭ (૨૨.૬૬) | ૧૮ (૨૪.૦૦) | ૫ (૬.૬૬) | ૪ (૫.૩૩) | ૨ (૨.૬૬) | ૭૫ |
| | કુલ | - | - | - | - | - | - | ૧૧૮ |

**શિક્ષણઃ**

અભ્યાસ વિસ્તારના આદિવાસી સમૂહોમાં શિક્ષણ વિષયક ખ્યાલો અલગ અલગ રહ્યા છે. તેમાં ભૌગોલિક વાતાવરણ, સામાજિક, સાંસ્કૃતિક, ધાર્મિક, પરંપરાગત તેમજ ભૌતિક સગવડો જેવાં પરિબળો અસર કરતાં રહ્યાં છે.

અવિકસિત દાહોદના સ્ત્રીઓને શિક્ષણ અપાવવું કે કેમ, કેવા પ્રકારનું શિક્ષણ મેળવા પછી તેના ઉપયોગ માટે અધિકારો ભોગવી શકે છે. આમ છતાં પણ આ ગામમાં નિરક્ષરોની સાથે સ્નાતક અને ઉચ્ચ મધ્યમિક કક્ષાનું શિક્ષણ મેળવેલ વ્યક્તિઓ પણ છે. તે વર્તમાન પ્રવાહોને સ્વીકારવાનાં વલણો સૂચવે છે.

ઓછાં વિકસિત ગામોમાં પ્રાથમિક શિક્ષણથી ઉચ્ચ માધ્યમિક કક્ષાનું શિક્ષણ મેળવેલા ઉત્તરદાતા જોવા મળ્યા છે.

ઓછું શિક્ષણ હોવાનાં કારણોમાં સ્ત્રીઓને શિક્ષણ અપાવીને શું કરવું, સ્ત્રી-પુરુષને નાની વયે લગ્ન કરાવવાં, માતા-પિતા ખર્ચ કરવા સંમતિ ન આપે, નોકરી ક્યાં મળવાની છે સમય અને નાણાંનો બગાડ જેવી માન્યતા વગેરેનો સમાવેશ થાય છે.

જ્યારે વિકસિત ગામમાં ટેક્નિકલ શિક્ષણ સુધી શિક્ષણ મેળવ્યું હોવાનું જાણવા મળ્યું છે. તેમાં તાલુકા, જિલ્લાની નજીક ગામ, વીજળી, કાનૂનની જાણકારી હોસ્ટેલ જેવી વ્યવસ્થાનો થોડા કે વધુ પ્રમાણમાં લાભ લીધેલ જાણવા મળ્યું છે. પરંતુ આ સગવડો વિસ્તારના બધા ગામોમાં નથી. માટે શિક્ષણનું પ્રમાણ અલગ અલગ રહ્યું છે. છતાં શિક્ષણ મેળવવાનાં વલણો વિકસતાં હોવાનું જાણવા મળ્યાં છે.

**દેવુંઃ**

સમાજ વ્યવસ્થાના ભાગરૂપે ઉત્તરદાતાઓ પોતાની મૂળભૂત જરૂરિયાતોની પરિપૂર્તિની સાથે સલામતી, સામાજિક, ધાર્મિક કાર્યો માટે પોતાની કૌટુંબિક આવકમાંથી સરભર કરે છે. અહીં વિવિધ કાર્યોની સાથે બાળકોના લગ્નનો ખર્ચ વિકાસમાં અવરોધક બને છે. આ અભ્યાસમાં ઉત્તરદાતાઓએ અન્ય ખર્ચની સાથે લગ્નમાં આવતા ખર્ચ માટે વિવિધ જગ્યાઓથી લોન, આર્થિક સહાય કે મદદ લઈને દેવું થયેલ છે તેમ જણાવ્યું હતું.

અવિકસિત ગામમાં બેંક, સહકારી મંડળી, સગા અને અન્ય પાસેથી ઉછીના પૈસા લઈને લગ્ન પ્રસંગે થતા ખર્ચની વ્યવસ્થા કરેલ છે તેમ જણાવ્યું હતું. જ્યારે ઓછાં વિકસિત ગામના ઉત્તરદાતાઓએ પણ બેંક

**કોષ્ટક નં.૬ઃ દેવું**

| તાલુકાનું | | દેવું | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| નામ | ગામ | શાહુકાર | બેંક | સહકારી મંડળી | કુટુંબીજનો | સગા | અન્ય | કુલ |
| ઝાલોદ | અવિકસિત | - | ૪ (૧૬.૦૦) | ૩ (૧૨.૦૦) | - | ૩ (૧૨.૦૦) | ૧૫ (૬૦.૦૦) | ૨૫ |
| | ઓછાં વિકસિત | - | ૫ (૨૭.૭૭) | ૭ (૩૮.૮૮) | - | - | ૬ (૩૩.૩૩) | ૧૮ |
| | વિકસિત | ૭ (૯.૩૩) | ૧૦ (૧૩.૩૩) | ૨૧ (૨૮.૦૦) | ૨ (૨.૬૬) | (૫.૩૩) | ૪ (૪૧.૩૩) | ૩૧ ૭૫ |
| | કુલ | | | | | | | ૧૧૮ |

સહકારી મંડળી અને અન્ય પાસેથી પૈસા લઈ દેવું કરેલ છે. જ્યારે વિકસિત ગામમાં, શાહુકાર, બેંક, સહકારી મંડળી, કુટુંબીજનો, સગાં અને અન્ય પાસેથી આર્થિક સહાય મેળવેલ છે. અહીં આદિવાસી સમાજમાં લગ્ન સમયે કરવામાં આવતી લેવડ-દેવડ વ્યક્તિને દેવા તરફ વાળે છે. પરંતુ લગ્ન વ્યવસ્થાને ઉજવવામાં આવતા આ પ્રસંગેને પોતાની યથાશક્તિ પ્રસંગ ઉજવતા વિવિધ પ્રકારનાં દેવાં થયેલાં જાણવા મળ્યાં છે.

આદિવાસી વિસ્તારોમાં લગ્ન વ્યવસ્થામાં પણ જુદાપણું જોવા મળે છે. જેમ કે વિડિયો શૂટિંગ, બેન્ડ વાજાં, બૂફે, ફોટો આલબમ, વાડીમાં લગ્ન, વાહનોની સગવડ, કપડાં, ઘરેણાં અને અન્ય સગવડોના ખર્ચમાં દેવું થાય છે અને તે વિકાસમાં અવરોધક બને છે. સાથે પરંપરાગત લગ્ન વ્યવસ્થાના સ્વરૂપ અને પ્રકારોમાં પરિવર્તન આવતું જોવા મળે છે.

**લગ્ન વ્યવસ્થામાં આવેલાં પરિવર્તનો**

સમાજ પરિવર્તનશીલ છે. સદીઓથી આદિવાસી સમાજ પોતાની આગવી પરંપરાગત જીવનશૈલીમાં જીવતો આવ્યો છે. તેમની સામાજિક સંસ્થાઓમાની એક લગ્નસંસ્થામાં પણ સમયાન્તરે પરિવર્તનો આવતાં જોવા મળ્યાં છે. જે આધુનિકતા અને અન્ય સમાજ વ્યવસ્થાના ભાગરૂપે જોઈ શકાય છે તેમની અસરો આ સમુદાય ઉપર પણ થઈ છે. જેમ કે...

આદિવાસી સમૂહોમાં પરંપરાગત લગ્ન વ્યવસ્થામાં પરિવર્તનો આવતાં રહ્યાં છે. જે આધુનિક મૂલ્યો, ભૌતિક સગવડો, શિક્ષણ, વીજળી, વિવિધ કલ્યાણકકારી યોજનાઓ જાગૃતિ, કાનૂન, શહેરીકરણની પ્રત્યક્ષ કે પરોક્ષ અસરો થઈ છે.

લગ્ન વ્યવસ્થાના અનૌપચારિક માળખાના નિયંત્રણના ભાગરૂપે વડીલોની પસંદગીના લગ્ન કરવા, પરંપરાગત વિધિવિધાનો, જ્ઞાતિમાં લગ્ન કરવા વગેરે નિયંત્રણો હતાં પરંતુ આ પરંપરાગત પ્રણાલીમાં વર્તમાનમાં જોતા જ્ઞાતિ બહાર લગ્ન, કોર્ટ મેરેજ, જ્ઞાતિની સજામાંથી મુક્તિ માટે કાનૂની જાગૃતિ વગેરેનાં હકારાત્મક પરિણામો જોવા મળ્યાં છે.

પહેલાંના સમયમાં સાદી લગ્નવિધિ, પોતાની યથાશક્તિ ખર્ચ, જમણવારમાં મકાઈની થુલી-દાળ, દાળ-ભાતથી લઈને સાદા વાસના મંડપ, વૃક્ષની છાયામાં જેવી પ્રાથમિકતામાંથી વર્તમાનમાં મોટા ટેન્ટ ડેકોરેશન, બૂફે જમણવાર, વિવિધ વાનગીઓ, શૂટિંગ, વિડિયો,

બેન્ડવાજા' ફોટો આલ્બમ અને ફટાકડાનો ઉપયોગ કરે છે. ઘોડેસવારી સાથે ફૂલેકું કાઢે છે અને ધર્મગુરુ કે બ્રાહ્મણ દ્વારા ધાર્મિક વિધિ દ્વારા લગ્નો થતાં જોવા મળ્યાં છે.

ગણેશ સ્થાપના પછી ૭થી ૧૧ દિવસ સુધી વાના (ફૂલેકું) કાઢતા હતા. વર્તમાનમાં ૩થી ૫ દિવસ રાખે છે. લગ્ન કરવા જતાં પગપાળા જાન જતી હતી. બળદ-ગાડાં લઈને નાચતા જતા હતા. તેમાં આજે તેનું પ્રમાણ બહુ ઓછું થઈ ગયું છે. વર્તમાનમાં વાજિંત્રો, બેન્ડવાજા, બસ, ટ્રકો , જીપ, વરરાજા માટે અલગ બગીનો ઉપયોગ કરે છે. પહેલાં જાન કન્યાને ત્યાં રાતવાસો રોકાતી હતી, હવે સવારે જાન જાય અને બપોરે પાછી વળે છે.

જીવનસાથીની પસંદગી સગાં-સંબંધીઓ દ્વારા કરવામાં આવતી. નાની ઉંમરે લગ્ન કરાવવાનાં મૂલ્યો કરતાં લગ્નમાં લેવડ-દેવડ, લગ્ન વિશેના ખ્યાલો, પરંપરાગત વિધિ-વિધાનો વગેરે પરંપરાગત વલણોનું પ્રાધાન્ય હતું. તેમાં જીવનસાથીની પસંદગી, નાની વયે લગ્ન કરવાનાં મૂલ્યોમાં બદલાવ, લગ્નમાં દહેજ પેઠે ગાય, ભેંસ, બકરા, જમીનના વ્યવહારો ખાસ જોવા મળતા નથી. આજે રોકડ રકમ, બોન્ડ, ઘરેણાંના વ્યવહારો કરે છે અને પોતાની પસંદગીના પાત્રની સાથે કુટુંબની પસંદગી કરે છે.

આધુનિક વલણો સ્વીકારવાનાં મૂલ્યોથી લગ્નની પદ્ધતિઓ, સમૂહ લગ્નો, લગ્નના મેળાવડા ઈન્ટરનેટ ઉપરની જાહેરાતો, બ્રાહ્મણ પાસે જન્મકુંડળી , જન્માક્ષરનો ઉપયોગ કરતા થયા છે, વર્તમાન તરેહમાં વળતા આ સમૂહો ભવિષ્યનું આયોજન, શિક્ષણ, કાનૂન, સગવડો સંસ્થાઓના પ્રવાસોના પરિણામ સ્વરૂપે બદલાવ આપવાની શરૂઆત થઈ ચૂકી છે તેમ કહી શકાય.

પરંપરાંગત લગ્ન વ્યવસ્થામાં આધુનિક પરિબળોની પ્રત્યક્ષ કે પરોક્ષ અસરો થતી જોવા મળે છે. જેવી કે છૂટાછેડા, લગ્નની નોંધણી, સ્ત્રીઓના હક્કોની સભાનતા, પસંદગીનું પાત્ર, જ્ઞાતિ બહારના, કે ધર્મ બહારના લગ્નોને સામાજિક રીતે અને કાનૂની રાહે માન્યતા આપવાનાં દૃષ્ટાંતો આ સમૂહોમાં જાણવા મળ્યા છે.

લગ્નવ્યવસ્થામાં છોકરા પક્ષે કુટુંબ સારું હોય, જમીન ગાય, ભેંસ હોય સંસ્કારી, વ્યવહારુ હોય, આર્થિક સામાજિક પરિસ્થિતિને માપદંડ તરીકે માનતા હતા. વર્તમાનમાં આ માપદંડોમાં આધુનિક મૂલ્યોને આધારે બન્ને પાત્રોના માપદંડો બદલાતા ગયા છે અને તે બન્ને પક્ષ સ્વીકારતો આવ્યો છે અને અધિકારો ભોગવે છે.

આદિવાસી ગ્રામીણ વિસ્તારોમાં વસવાટ કરતા લગ્ન માટે ઉનાળામાં પસંદ કરે છે. પરંતુ વર્તમાન સમયમાં શિયાળા અને ચોમાસામાં પણ પોતાની અનુકૂળતાએ લગ્નોની ગોઠવણ કરતા હોય છે. જેમ કે શહેરોમાં હોટલ, પાર્ટી પ્લોટ જેવી સગવડોનો ઉપયોગ કરે છે અને એક વધુ માંગવું ત્રણ દિવસમાં લગ્નનું કાર્ય પૂરું કરે છે.

વિવિધ જ્ઞાતિઓનાં સંગઠનોની જેમ આદિવાસી સમૂહો પણ પોતાનાં સંગઠનો બનાવી તેનો સમયાન્તરે ઉપયોગ કરતા થયા છે. જે આર્થિક સહાય, સામાજિક કાર્યો, સરકારી લાભો લેતા થયા છે, તેમજ સમૂહ લગ્નો સહકારી બેન્કો વગેરેથી સભાનતાપણું જોવા મળ્યું છે.

આદિવાસી સમૂહોમાં દારૂનો ઉપયોગ વધારે કરે છે તેવું અન્ય સમાજો માને છે. પરંતુ તે સંપૂર્ણ સત્ય નથી. આજે તેમાં સુધારો લાવવા વિવિધ ધાર્મિક સંગઠનો અને સંસ્થાઓના પ્રયાસોનું હકારાત્મક પરિણામ જોવા મળે છે. લગ્ન સમયની લેવડ-દેવડમાં પણ સુધારો આવતો જાય છે. તે વર્ષોથી ચાલી આવતી પરંપરામાં બદલાવ સૂચવે છે.

લગ્ન વ્યવસ્થામાં વિવિધ સરકારી બિન - સરકારી પ્રયત્નો, કાનૂન, સુવિધાઓ, શિક્ષણ, સંપર્ક જાગૃતિ, વીજળી વગેરેની અસરો જોવા મળે છે.

## સંધર્ભ સૂચિ


૧. ભટ્ટ, અરવિંદ : 'ઝાલોદના ભીલો', ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ.

૨. દુબે, એસ. બી. : 'એક ભારતીય ગામડું', નેશનલ પબ્લિકેશન હાઉસ, દિલ્હી-૧૯૯૫.

૩. Nayak, T.B. : ''The Bhill-A'' Study, Bhartiya Adimjati Sevak Sangh, Delhi-1956.

૪. શાહ,એ.જી. અને દવે,જે.કે. : 'ભારતની આદિવાસી સંસ્થાઓ', અનડા પ્રકાશન, ગાંધી માર્ગ, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ.

૫. શાહ, ઘનશ્યામ : 'આદિવાસી, ગઈ કાલે અને આજ', સેન્ટર ફોર સોશ્યલ સ્ટડીઝ, સુરત, ૧૯૮૧.

૬. શાહ, વિમલભાઈ : 'ગુજરાત કે આદિવાસી', ગૂજરાત વિદ્યાપીઠ, અહમદાબાદ, પ્રથમ આવૃત્તિ-૧૯૬૯.


❑

### ગુજરાતમાં અનુસૂચિત જનજાતિઓ (૨૦૦૧)

| ક્રમ | વિગત | સંખ્યા |
|---|---|---|
| ૧ | વસ્તી | ૭૪.૮૧ લાખ |
| ૨ | ભારતની આદિવાસી વસ્તીમાં ટકાવારી | ૮.૮૭ |
| ૩ | ગ્રામીણ વસ્તી | ૬૮.૬૭ લાખ |
| ૪ | શહેરી વસ્તી | ૬.૧૪ લાખ |
| ૫ | ગુજરાતની કુલ વસ્તીમાં ટકાવારી પ્રમાણ | ૧૪.૭૬ |
| ૬ | સાક્ષરતાનું ટકાવારી પ્રમાણ | |
| | ૧. કુલ | ૪૭.૭૪ |
| | ૨. પુરુષો | ૫૯.૧૮ |
| | ૩. સ્ત્રીઓ | ૩૬.૦૨ |
| ૭ | સાક્ષારતાનું ટકાવારી પ્રમાણ (ગ્રામીણ) | |
| | ૧. કુલ | ૪૬.૪૫ |
| | ૨. પુરુષો | ૫૮.૦૬ |
| | ૩. સ્ત્રીઓ | ૩૪.૬૦ |
| ૮. | સાક્ષરતાનું ટકાવારી પ્રમાણ (શહેરી) | |
| | ૧. કુલ | ૬૧.૭૬ |
| | ૨. પુરુષો | ૭૧.૦૧ |
| | ૩. સ્ત્રીઓ | ૫૧.૭૮ |

સ્રોતઃ સામાજિક-આર્થિક સમીક્ષા, ૨૦૧૧-૧૨, ગુજરાત રાજ્ય, બજેટ પ્રકાશન નં.૩૪, પૃષ્ઠઃ ૮૩-૮૫